# Current Affairs October-2018

## 1.October 2018

### (૧) ગુજરાતના પનોતા પુત્રનો ગુજરાત પ્રવાસ

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ સપ્ટેમ્બરના રોજ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા.
- તેમણે આણંદ અને રાજકોટમાં ૭૦૦૦ કરોડના પ્રોજેક્ટ લોન્ચ કર્યા હતા જેમાં આણંદ નજીક મોગર ખાતે અમૂલ પ્લાન્ટ ફૂડ પ્રોસેસિંગ સેન્ટર સહિત ૧૧૨૦ કરોડના પ્રોજેક્ટનું ખાતમુર્હૂત કર્યું હતું.
- રાજકોટ ખાતે તેમણે ગાંધીજી ભણ્યા હતા તે ઐતિહાસિક આલ્ફ્રેડ હાઇસ્કૂલ સાથે જોડાયેલ સ્મૃતિઓની જાળવણી કરવાના હેતુ થી ર૬ કરોડના ખર્ચે તૈયાર થયેલ ગાંધી મ્યુઝિયમનું લોકાર્પણ કર્યું હતું.
- તેમણે ગુજકુમાવમાં દેશની પ્રથમ સોલર કો. ઓપરેટિવ સોસાયટી ઉપરાંત કચ્છના મુદ્રામાં ગ્રીનફિલ્ડ એલએન્ડજી ટર્મિનલનું ખાતમુર્હૂત કર્યું હતું.

### (૨) એનિ બેસન્ટ જન્મ જયંતિ :

- સવાઇ ભારતીય તરીકે ઓળખાતા એની બેસન્ટનો આજે જન્મદિવસ છે.
- તેમનો જન્મ ૧ ઓક્ટોબર ૧૮૪૭ના રોજ થયો હતો.
- લંડનના મધ્યમવર્ગીય પરિવારમાં જન્મેલા બેસન્ટ મૂળ આયર્લેન્ડના હતા.
- વર્ષ ૧૮૮૩માં તેમણે ભારત આવી બિનસાંપ્રદાયિકતા, જન્મદર નિયંત્રણ અને સ્ત્રી હકો માટે લડત શરૂ કરી.
- મદ્રાસ પાસે અડિયારમાં થિયોસોફિકલ સોસાયટી, ‘સન્સ ઓફ ઇન્ડિયા’ અને ‘ડોક્ટર્સ ઓફ ઇન્ડિયા’ નામની સંસ્થાઓની સ્થાપના કરી.
- સપ્ટેમ્બર ૧૯૧૬માં હોમરૂલ લીગની શરૂઆત કરી., જે સ્વરાજનો વિચાર આપનાર પહેલી સંસ્થા હતી.
- તેમના સામયિકો ‘ન્યૂ ઇન્ડિયા’ અને ‘કોમનવિલ’
- ૧૯૧૭માં તેઓ કોંગ્રેસ અધિવેશનના પ્રથમ મહિલા પ્રમુખ બન્યા જે અધિવેશન કલકત્તામાં હતું.

### (૩) તીરંદાજી – દીપિકા કુમારીને વર્લ્ડ કપ ફાઇનલમાં બ્રોન્ઝ

- ભારતીય તીરંદાજ દીપિકા – કુમારીએ વર્લ્ડ કપ ફાઇનલમાં બ્રોન્ઝ મેડલ જીતી લીધો.
- દીપિકાએ ક્વાર્ટર ફાઇનલમાં તાઇપેઇની લેઈ ચિએન ચિંગને ૬–૪ થી હરાવીને સેમીફાઇનલમાં જગ્યા બનાવી લીધી.
- પરંતુ સેમીફાઇનલમાં તેણે તુર્કીની યાસ્મીન એનગોઝ સામે ૩–૭ થી પરાજયનો સામનો કરવો પડ્યો.
- બ્રોન્ઝ મેડલની મેચમાં દીપિકાએ જર્મનીની લીસા યુનરુહને ૬–૫ થી હરાવીને મેડલ જીતી લીધો.
- તે દીપિકાનો પાંચમો વર્લ્ડ કપ મેડલ છે. આ પહેલા તે ૪ વખત સિલ્વર મેડલ જીતી ચૂકી છે.

### (૪) આઇસીસી વન–ડે રેન્કિંગ

- પોતાના સુકાનીપદ હેઠળ ભારતને સાતમી વખત એશિયા કપ ચેમ્પિયન બનાવનાર રોહિત શર્મા આઇસીસી વન–ડે રેન્કિંગમાં બીજા નંબરનો બેટ્સમેન બની ગયો છે.
- શીખર ધવન પાંચમા સ્થાને પહોંચી ગયો છે.
- આમ, રેન્કિંગમાં ટોચના પાંચ ક્રમ પર ત્રણ ભારતીય બેટ્સમેન છે.
- કેપ્ટન વિરાટ કોહલી નંબર–૧ પર જળવાઇ રહ્યો છે.
- રોહિત બીજી વખત રેન્કિંગમાં બીજા ક્રમે પહોંચ્યો છે. આ પહેલા તે ગત જુલાઇમાં બીજા ક્રમે પહોંચ્યો હતો.
- રોહિત એશિયા કપમાં ૩૧૭ રન બનાવી ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની ગયો છે.
- શિખર ચાર ક્રમનો જમ્પ લગાવીને પાંચમા નંબરે પહોંચી ગયો છે.
- અફઘાનિસ્તાનનો લેગ સ્પિનર રાશિદ ખાન વન–ડે ક્રિકેટમાં નંબર –૧ ઓલરાઉન્ડર બની ગયો છે.

**ટોચના ૫ બેટ્સમેન**

| રેન્ક | બેટ્સમેન | પોઇન્ટ |
|---|---|---|
| ૧ | વિરાટ કોહલી | ૮૮૪ |
| ૨ | રોહિત શર્મા | ૮૪૨ |
| ૩ | જો રૂટ | ૮૧૮ |
| ૪ | ડેવિડ વોર્નર | ૮૦૩ |
| ૫ | શિખર ધવન | ૮૦૨ |

**ટોપ ૫ બોલર**

| રેન્ક | બેટ્સમેન | પોઇન્ટ |
|---|---|---|
| ૧ | જસપ્રીત બુમરાહ | ૭૯૭ |
| ૨ | રાશિદ ખાન | ૭૮૮ |
| ૩ | કુલદીપ યાદવ | ૭૦૦ |
| ૪ | ન્ટ બોલ્ટ | ૬૯૯ |
| ૫ | જોશ હેઝલવૂડ | ૬૯૬ |

### (૫) ૪૮ મી મન કી બાત :

- ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪૮ મી મન કી બાત સંબોધી.
- દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબોધે છે.
- વડાપ્રધાન મોદીએ પ્રથમ વખત ૩ ઓક્ટોબર ૨૦૧૪ ના રોજ મન કી બાત થી દેશનું સંબોધન કર્યું હતું.

Vivekanand Academy Gandhinagar

- આ કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો (AIR) અને દૂરદર્શન પર પ્રસારિત કરવામાં આવે છે.

**મન કી બાતના મહત્વના અંશો :**

- પીએમ મોદીએ સર્જિકલ સ્ટ્રાઇકના ૨ વર્ષ થવા પર સેનાના જવાનોને સલામી આપી હતી. સમગ્ર દેશે ૨૯ સપ્ટેમ્બરને પરાક્રમ દિવસ તરીકે મનાવ્યો.
- દેશભરમાં ૮ ઓક્ટોબરના દિવસે વાયુસેના દિવસ તરીકે ઉજવવા આહ્વાહન કર્યું હતું.
- પીએમએ કહ્યું કે ગાંધીજીના આહ્વાન પર સમાજના દરેક ક્ષેત્ર, વર્ગ ના લોકોએ પોતાને સમર્પિત કરી દીધા .
- ૨ ઓક્ટોબર રાષ્ટ્ર માટે શું મહત્વ ધરાવે છે તે દરેક બાળક પણ જાણે છે. તેમણે કહ્યું કે હવે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦ મી જયંતિ પર ૨ ઓક્ટોબરે સમગ્ર દેશમાં કાર્યક્રમો યોજાશે.
- સાથે જ તેમણે દેશવાસીને અપીલ છે કે તે ખાદી ખરીદે અને પહેરે.

**(૬) ૬૦ દેશોના ૧૩૮ ડેલિગેટ્સ ગુજરાતની મુલાકાતે :**

- ૬૦ દેશોના ૧૩૮ ડેલિગેટ્સ સ્વચ્છતા - સેનિટેશનની કામગીરીને જોવા માટે ગુજરાતની મુલાકાતે આવ્યા હતા.
- ડેલિગેશનમાં ઉઝબેકિસ્તાનના નાયબ વડાપ્રધાન સહિત વિવિધ દેશોના ૪૬ મંત્રીઓ મુલાકાતે આવ્યા હતા.
- ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા નવી દિલ્હીમાં ૨૯ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર દરમિયાન મહાત્મા ગાંધી ઇન્ટરનેશનલ કન્વેન્શન કાર્યક્રમ યોજાઇ રહ્યો છે.
- તેના ભાગરૂપે ગુજરાત આવનારુ આ ડેલિગેશન દેશના સર્વશ્રેષ્ઠ ગામ પુંસરી, સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી.

પ્રશ્નો :

૧ અમુલ પ્લાન્ટ ફૂડ પ્રોસેસિંગ સેન્ટરનું ખાતમુર્હૂત કોણે કર્યું ?
- શ્રી નરેન્દ્રભાઇ મોદી

૨ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કયા જિલ્લામાં ગાંધી મ્યુઝિયમનું લોકાર્પણ કર્યું ?
- રાજકોટ

૩ દેશની પ્રથમ સોલર કો.ઓપરેટિવ સોસાયટી કયા બની ?
- ગુજકુમાવ

૪ એની બેસન્ટનો જન્મ કયાં અને ક્યારે થયો હતો ?
- ૧ ઓક્ટોબર ૧૮૪૭, લંડન

૫ એની બેસન્ટ મુળ ક્યાંના હતા ?
- આયર્લેન્ડ

૬ ભારતે કેટલી વખત એશિયાકપ જીત્યો ?
- સાતવાર

૭ તાજેતરમાં નરેન્દ્ર મોદીએ કેટલામી મન કી બાત સંબોધી ?
- ૪૭ મી

## 2.October 2018

**(૧) મોહનદાસ કરમચંદ ગાંધી જન્મ દિવસ :**

- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૪૯ મી જન્મજયંતિ :
- તેમનો જન્મ ૨ ઓક્ટોબર, ૧૮૬૯ના રોજ પોરબંદર ખાતે થયો હતો.
- તેમનો જન્મ દિવસ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે મનાવવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેમના જન્મ દિવસે સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.
- આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ અંગેની જાહેરાત ૧૭ જૂન ૨૦૦૭ના રોજ કરવામાં આવી હતી.
- કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા આવતા વર્ષે ૧૫૦ મી જન્મજયંતિ માટેના વર્ષ દરમિયાન ચાલનારા સમારોહનો આજથી જ પ્રારંભ કરવામાં આવ્યો.
- રાષ્ટ્રપતિ ભવન ખાતે મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા સંમેલનનું આયોજન કરાવમાં આવ્યું હતું.
- સરકાર દ્વારા ગાંધી પર સ્મારક ટપાલ ટિકિટ અને પ્રસિદ્ધ ભજન વૈષ્ણવ જનની સીડી પ્રસિદ્ધ કરવામાં આવી હતી.
- ગુજરાત રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં ગઠિત રાજ્યસ્તરીય સમિતિ દ્વારા ગાંધીના કાર્યો અને સંદેશ યુવાનોમાં પહોંચાડવા માટે કામ કરવામાં આવશે.
- રાજ્ય કક્ષાનો સમારોહ ગાંધીજીના જન્મ સ્થળ પોરબંદરના કીર્તિ મંદિરમાં યોજાશે.

**(૨) એસબીઆઇના એટીએમમાંથી દિવસમાં માત્ર ૨૦૦૦૦ ઉપાડી શકાશે**

- દેશની સૌથી મોટી બેંક એસબીઆઇએ તેના એટીએમમાંથી એક દિવસમાં ઉપાડની મર્યાદામાં કાપ મૂકવાનો નિર્ણય લીધો છે.
- ૩૧ ઓક્ટોબરથી તેના એટીએમમાંથી એક દિવસમાં માત્ર ૨૦૦૦૦ રૂપિયા જ ઉપાડી શકાશે.
- હાલમાં આ મર્યાદા ૪૦૦૦૦ છે.

**એસબીઆઇ મુખ્યમાહિતિ :**

- અધ્યક્ષ : રજનીશ કુમાર
- મુખ્ય મથક : મુંબઇ
- સ્થાપના : ૧ જુલાઇ, ૧૯૫૫

Vivekanand Academy Gandhinagar

**(૩) રાજકપૂરનાં પત્ની કૃષ્ણા રાજકપૂરનું ૮૭ વર્ષે નિધન :**

- પ્રસિદ્ધ અભિનેતા, ડાયરેક્ટર, રાજકપૂરનાં પત્ની કૃષ્ણા રાજ કપૂરનું ૮૭ વર્ષે ૦૧ ઓક્ટોબર – ૨૦૧૮ના રોજ નિધન થયું.
- રીવા નિવાસી કૃષ્ણા મલ્હોત્રાના ૧૯૪૬માં રાજ કપૂર સાથે લગ્ન થયા હતા.

**(૪) BCCI હવે RTI હેઠળ**

- બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા બીસીસીઆઇએ પણ હવે આરટીઆઇ હેઠળ માહિતી જાહેર કરવી પડશે.
- સેન્ટ્રલ ઇન્ફોર્મેશન કમિશને બીસીસીઆઇને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ સામેલ કરી દીધું છે.
- સીઆઇસીના આ નિર્ણય બાદ બીસીસીઆઇ સંબંધિત તમામ બાબતો જાણવાનો અધિકાર મળશે અને તેની માહિતી મેળવવા આરટીઆઇ હેઠળ અરજી કરી શકાશે.
- બીસીસીઆઇ અત્યાર સુધી પોતાને ખાનગી કંપની જણાવી અનેક પ્રકારના સવાલોથી બચતી રહી હતી. પરંતુ હવે સીઆઇસીના આ આદેશને કારણે તેને આંચકો લાગ્યો છે.
- લોકોને બીસીસીઆઇ અંગે કેટલા સવાલ છે તે તેની સંખ્યાના આધારે સ્પષ્ટ થશે.

**(૫) ગીતા ગોપીનાથ IMF ના મુખ્ય અર્થ શાસ્ત્રી બન્યાં**

- ભારતમાં જન્મેલા ગીતા ગોપીનાથને આઇએમએફએ મુખ્ય અર્થ શાસ્ત્રી અને સંસોધન વિભાગના વડાં નિયુક્ત કર્યા છે.
- તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર છે.
- દિલ્હી યુનિવર્સિટીમાં ભણેલાં ગીતાના ૪૦ રિસર્ચ વેપાર–રોકાણ, આંતરરાષ્ટ્રીય નાણાકીય સંકટ વગેરે પર પ્રકાશિત થયા છે.

**આઇએમએફ મુખ્યમાહિતી**

- આંતરરાષ્ટ્રીય નાણાંકીય ભંડોળ
- સીઇઓ : ક્રિસ્ટન લાગાર્ડે (૫ જુલાઈ ૨૦૧૧ થી)
- મુખ્યમથક : વૉશિંગ્ટન, યુનાઇટેડ સ્ટેટ્સ

**(૬) મોહમ્મદ મુશ્તાક હોકી ઇન્ડિયાના નવા અધ્યક્ષ બન્યા.**

- બિહાર હોકીના મોહમ્મદ મુશ્તાક અહમદ હોકી ઇન્ડિયા (એચઆઇ) ના નવા અધ્યક્ષ બન્યા છે.
- આઠમી હોકી ઇન્ડિયા કોંગ્રેસ અને પદાધિકારીઓની ચુંટણીમાં તે બિન હરીફ અધ્યક્ષ ચુંટાઇ આવ્યા.
- મુશ્તાક આ પહેલા હોકી ઇન્ડિયાના મહા સચિવના પદ પર હતા.
- તે હવે રાજિન્દર સિંહની જગ્યાએ પોતાનું પદ સંભાળ્યું.
- તેમનો કાર્યકાળ ૧ ઓક્ટોબરથી શરૂ થયો છે.

પ્રશ્નો :

(૧) મહાત્મા ગાંધીની ૨૦૧૮માં કેટલામી જન્મજયંતિ ઉજવાઇ ?
- ૧૪૯

(૨) આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૨ ઓક્ટોબર

૩ મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા સંમેલનનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
- રાષ્ટ્રપતિ ભવન ખાતે

૪ ‘જય જવાન જય કિસાન’ નું સૂત્ર કોણે આપ્યું ?
- લાલબહાદુર શાસ્ત્રી

૫ મરણોત્તર બાદ ભારત રત્નથી સન્માનિત થનાર પ્રથમ વ્યક્તિ જણાવો ?
- લાલબહાદુર શાસ્ત્રી

૬ આઇએમએફના મુખ્ય અર્થશાસ્ત્રી અને સંશોધન વિભાગના નવા વડા જણાવો ?
- ગીતા ગોપીનાથ

૭ હોકી ઈન્ડિયાના નવા અધ્યક્ષ જણાવો ?
- મોહમ્મદ મુશ્તાક અહમદ

## 3.October 2018

**(૧) આર્થર એશ્કિનને ફિઝિક્સનું નોબેલ :**

- લેસર ફિઝિક્સ માટે ત્રણ વિજ્ઞાનીને નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યા.
- અમેરિકાના આર્થર એશ્કિન, ફ્રાન્સના ગેરાર્ડ મોરો અને કેનેડાના ડોના સ્ટ્રીક લેન્ડને આ સન્માન મળ્યું.
- ૯૬ વર્ષની વયે નોબેલ મેળવનાર એશ્કિન સૌથી મોટી ઉંમરના વિજેતા બન્યા છે.
- અગાઉ ૨૦૦૭ માં અમેરિકાના લિયોનીડ હુર્વિઝને ૯૦ વર્ષની વયે અર્થશાસ્ત્ર માટે નોબેલ મળ્યું હતું.
- ડોના સ્ટ્રીક લેન્ડ ૫૫ વર્ષ બાદ ફિઝિક્સમાં નોબેલ મેળવનાર મહિલા છે.
- મોરો અને સ્ટ્રીક લેન્ડને નાના અને ઝડપી લેસર તરંગના સંશોધન માટે આ એવોર્ડ મળ્યો છે. આ ટેકનિકનો ઉપયોગ આંખની સર્જરી માટે થાય છે.

**(૨) સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ – ૨૦૧૮ માં પાટણ દેશમા ચોથા ક્રમે :**

- દેશના ગ્રામીણ વિસ્તારોમાં સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ – ૨૦૧૮ હાથ ધરાયું હતું.

- જેમાં સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ પાટણને દેશભરમાં ચોથો ક્રમાંક આપવામાં આવ્યો છે.
- તેમજ વેસ્ટર્ન રિઝિયનમાં પાટણ જિલ્લાને બીજા ક્રમાંકે અને ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંક આપ્યો છે.
- દેશના પ્રથમ ૫૦ જિલ્લાઓમાં ગુજરાતના ૧૪ જિલ્લાનો સમાવેશ કરાયો છે.

**(૩) રેલવે દ્વારા માર્ચ સુધી અલગ અલગ થીમ પર ઉજવણી કરાશે**

- ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિને યાદગાર બનાવવા રેલવે દ્વારા ગાંધીજી જે મુખ્ય શહેરોમાં ગયા હતા તેવા શહેરોમાં રેલવે દ્વારા અલગ અલગ થીમ પર ઉજવણી કરાશે.
- ઓક્ટોબર થી માર્ચ સુધી દર મહિને અલગ અલગ થીમ સાથે ઉજવણી કરાશે.
- ઓક્ટોબરમાં સ્વચ્છતા, નવેમ્બરમાં અહિંસા, ડિસેમ્બરમાં સામુદાયિક સેવા, જાન્યુઆરીમાં આપસી ભાઇચારા, ફ્રેબુ. માં અસ્પૃશ્યતા ઉન્મૂલન અને માર્ચમાં મહિલા સશક્તિકરણ થીમ પર ઉજવાશે.
- ૧૫ સપ્ટેમ્બર થી ર ઓક્ટોબર સુધી દરરોજ રેલવે સ્ટેશન, ઓફિસ, કોલોનીઓ સહિત અનેક સ્થળે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.
- જેમાં સ્ટેશન મહાત્મા ગાંધીજી આઝાદીના સંઘર્ષ દરમિયાન જે શહેરોમાં ગયા હતા. તેવા અમદાવાદ, રાજકોટ, સુરત, સહિત ૪૩ સ્ટેશનોને ગાંધીજીના સંદેશ સાથેની પેઇન્ટિંગથી શણગારાશે.

**(૪) વિશ્વનો સૌથી નાનો સેટેલાઇટ :**

- વિશ્વનો સૌથી નાનો ઉપગ્રહ હવે પૃથ્વીના પરિભ્રમણ માટે તૈયાર થઇ ચૂક્યો છે.
- બારડોલીની એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ વિશ્વના સૌથી નાનો ઉપગ્રહ બનાવીને વર્લ્ડ રેકોર્ડ્સ ઓફ ઈન્ડિયામાં પોતાનું અને દેશનું નામ રોશન કર્યું છે.
- માત્ર ૧૮૦૦ રૂપિયા જેટલા નજીવા ખર્ચથી તૈયાર કરવામાં આવેલ ૨૯ ગ્રામના સેટેલાઇટને ટૂંક સમયમાં પ્રક્ષેપણ કરવામાં આવશે.
- ૧૦ દિવસના નજીવા સમયગાળામાં વિશ્વનો સૌથી નાના ઉપગ્રહને લોન્ચિંગ પેડ પર મોકલવામાં મોટી અકલ્પનિય સફળતા મેળવી છે.
- દુનિયાના સૌથી નાના અને વજનમાં સૌથી હલકા આ સેટેલાઇટનું નામ 'હોક સેટ' રાખ્યું છે.
- આ ટીમે અગાઉ પણ એક સાથે ૨૩ રોક્ટ લોન્ચિંગમાં સફળતા હાંસલ કરી હતી.
- ભારત ખાતે નાસાના સ્પેસ એમ્બેસેડર દિલીકા દરબુરીએ આ વિદ્યાર્થીઓનો સંપર્ક સાધીને તેઓની કામગીરીને બિરદાવી હતી.

**(૫) મહારાષ્ટ્રમાં વર્ધા ખાતેના સેવાગ્રામમાં વિશ્વનો સૌથી મોટો ચરખો :**

- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જયંતી પ્રસંગે મહારાષ્ટ્રના વર્ધાના સેવાગ્રામમાં વિશ્વનો સૌથી મોટો ચરખો સ્થાપિત કરવામાં આવ્યો છે.
- તેની ઊંચાઇ ૧૮.૬ ફૂટ અને પહોળાઇ ૩૧ ફૂટ છે.
- ૫ ટન વજનના આ ચરખામાં લાકડી અને મેટલના ઉપયોગ કરવામાં આવ્યો છે.
- મુંબઇના જેજે સ્કૂલ ઓફ આર્ટ કોલેજના પ્રોફેસર શ્રીકાંત ખેરનારના માર્ગદર્શનમાં ૧૨ વિદ્યાર્થીઓએ તેને ૨૦ દિવસમાં બનાવ્યો.

**(૬) આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન પ્રથમ બેઠક :**

- ૧૨૧ દેશોની આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (આઇએસએ) ની પ્રથમ બેઠક દિલ્હીમાં યોજાઇ હતી.
- ભારતે ૨૦૩૦ સુધીમાં ૪૦ ટકા વીજળીનું ઉત્પાદન સૌર અને પવન ઊર્જા જેવા સ્રોતોથી હાંસલ કરવાનું લક્ષ્ય રાખ્યું છે.
- આંતરાષ્ટ્રીય સૌર ગઠબંધનનું વડુમથક ગુરૂગ્રામ હરિયાણા ખાતે આવેલ છે.

**(૭) રાજયના પ્રથમ ટુ- વે સ્ટેઇડ બ્રિજનું ઉદ્‌ઘાટન :**

- સુરત ખાતે રાજયના પ્રથમ ટુ- વે કેબલ સ્ટેઇડ બ્રિજનું મુખ્યમંત્રી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- આ ટુ - વે કેબલ સ્ટેઇડ બ્રિજનું નામ 'પંડિત દિનદયાળ ઉપાધ્યાય આપવામાં આવ્યું છે.

**બ્રિજની વિશેષતા :**

- બ્રિજ પર એક સાથે ૧૫૦ ટ્રક ઉભા રહી શકે છે.
- બ્રિજની લંબાઇ ૯૧૮ મીટર અને પહોળાઇ ૨૪ મીટર
- બ્રિજની અવધી ૧૦૦ વર્ષ સુધીની છે.
- સામાન્ય રીતે બ્રિજમાં બે પીલર્સ વચ્ચેનું અંતર ૫૦ મીટર હોય છે. પરંતુ કેબલ સ્ટેઇડ બ્રિજમાં આ અંતર ૧૫૦ મીટર છે.
- આ બ્રિજ પરના પીલરની ઊંચાઇ ૧૧૦ ફૂટ છે.
- આ બ્રિજમાં ૧૬૩૨ કેબલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આ તમામ કેબલનું વજન ગણીએ તો ૮૮ ટન થાય છે.
- બ્રિજ ઓવરલોડિંગ થશે તો ઓટોમેટિક સાઇરન વાગશે.

પ્રશ્નો :

૧ સૌથી મોટી ઉંમરે ફિઝિક્સ નોબેલ વિજેતા જણાવો ?

- આર્થર એશક્ત

૨ સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૧૮માં પાટણનો ક્રમ જણાવો ?

– ચોથો
૩ વિશ્વના સૌથી નાના સેટેલાઇટનું નામ જણાવો ?
– હોક્સેટ
૪ વિશ્વનો સૌથી મોટો ચરખો ક્યાં સ્થાપવામાં આવ્યો ?
– મહારાષ્ટ્રના વર્ધાના સેવાગ્રામ
૫ ૧૨૧ દેશોની આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની પ્રથમ બેઠક ક્યાં યોજાઈ હતી ?
– દિલ્હી
૬ રાજ્યના પ્રથમ ટુ–વે કેબલ સ્ટેઇડ બ્રિજનું ઉદ્‌ઘાટન કયા જિલ્લામાં કરવામાં આવ્યું ?
– સુરત

## 4.October 2018

**(૧) વર્લ્ડ સ્પેસ વીક :**

– વિશ્વભરમાં ખગોળ સંસાધનોને પ્રોત્સાહિત કરવા ૪ ઓક્ટોબર થી ૧૦ ઓક્ટોબર દરમિયાન વર્લ્ડ સ્પેસ વીક મનાવવામાં આવે છે.
– આ વર્ષની થીમ : Space Unites the world

**(૨) શ્યામજી કૃષ્ણ વર્મા : જન્મજયંતી :**

– ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ક્રાંતિકારી વિચારધારાના પ્રણેતા શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મદિવસ.
– તેમનો જન્મ કચ્છના માંડવીમાં થયો હતો.
– તેઓ ૧૮૮૪માં બેરિસ્ટર થયા, ૧૮૮૫ માં ભારત પર ફરી શ્યામજીએ અજમેરમાં વકીલાત કરવા સાથે રતલામ અને જૂનાગઢમાં દીવાનગીરી પણ કરી હતી.
– તેમણે ધી ઇન્ડિયન હોમરૂલ સોસાયટી જેવી સંસ્થા સ્થાપી ભારતીય સ્વરાજ્યના વિચારોનો અને રાષ્ટ્રીય એકતાના વિચારોનો પ્રસાર કર્યો હતો.
– તેમણે ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ સામયિકની શરૂઆત કરી હતી.
– તેમનું મૃત્યુ ૩૦ માર્ચ ૧૯૩૦ ના રોજ જિનીવા ખાતે થયું હતું.

**(૩) સુપ્રીમકોર્ટના ૪૬માં ચીફ જસ્ટિસ રંજન ગોગોઇ :**

– સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટિસ રંજન ગોગોઇએ ૩ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ ચીફ જસ્ટિસ પદના શપથ લીધા.
– રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક સમારોહમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જસ્ટિસ રંજન ગોગોઇને ચીફ જસ્ટિસ પદના શપથ લેવડાવ્યા હતા.
– જસ્ટિસ ગોગોઇ ભારતના ૪૬ માં ચીફ જસ્ટિસ છે. જસ્ટિસ ગોગોઇ ૧૭ નવેમ્બર ૨૦૧૯ સુધી આ પદ પર રહેશે.
– તેમનો કાર્યકાળ ૧૩ મહિના ૧૨ દિવસનો હશે. આ પહેલાં ૨ ઓક્ટોબરના રોજ જસ્ટિસ દીપક મિશ્રા નિવૃત્ત થયા હતા.
– રંજન ગોગોઇનો જન્મ ૧૮ નવેમ્બર ૧૯૫૪ના રોજ આસામના દિબ્રુગઢ માં થયો હતો. તેમના પિતા કેશવચંદ્ર ગોગોઇ આસામના મુખ્યમંત્રી હતા.
– તેઓ ૧૯૭૮માં બાર કાઉન્સિલમાં જોડાયા હતા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૧ના રોજ તેમને ગુવાહાટી હાઇકોર્ટના સ્થાયી જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
– ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ તેમને પંજાબ હરિયાણા હાઇકોર્ટના ચીફ જસ્ટિસ બનાવવામાં આવ્યા હતા.
– ત્યારબાદ પ્રમોશન પછી એપ્રિલ ૨૦૧૨ માં જસ્ટિલ ગોગોઇને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બનાવવામાં આવ્યા.

**સુપ્રીમ કોર્ટ મુખ્યમાહિતી :**

– સ્થાપના – ૨૮ જાન્યુઆરી, ૧૯૫૦
– મોટો : યતો ધર્મસ્તતો જય:।।
– કુલ : ન્યાયમૂર્તિ – ૩૧

**(૪) 'ગ્લો ઓફ હોપ' પેઇન્ટિંગના નાયિકાનું ૧૦૨ વર્ષની વયે નિધન :**

– મહારાષ્ટ્રના મશહૂર ચિત્રકાર એસ.એલ. હલદણકરે બનાવેલા પેઈન્ટિંગ 'ગ્લો ઓફ હોપ' ની નાયિકા ગીતા ઉપલેકરનું ૧૦૨ વર્ષની વયે નિધન થયું છે.
– તેઓ ' વુમન વીથ ધ લેમ્પ' તરીકે ઓળખાતા.
– દેશભરમાં આકર્ષણનું કેન્દ્ર બનેલું તે પેઇન્ટિંગ તેમના પિતા એસ. આર. એલ. હલદણકરે ૧૯૪૫ માં બનાવ્યું હતું, જે હાલ મૈસૂરના જગમોહન પેલેસમાં જયચામા રાજેન્દ્ર આર્ટ ગેલેરીમાં રખાયેલું છે.
– તેમના પિતાએ આ તસવીર જયચામા રાજેન્દ્ર આર્ટ ગેલેરીને ૩૦૦ રૂ. માં વેચી હતી. બાદમાં ફ્રાન્સના એક કલાપ્રેમીએ તે ૮ કરોડ રૂ. માં ખરીદવાની ઓફર કરી હતી.

**(૫) સ્પેનમાં પ્રથમ હાઇપરલૂમ પૉડ લોન્ચ કરવામાં આવી.**

– હાઇપરલૂમ ટ્રાન્સપોર્ટેશન ટેકનોલોજીએ સ્પેનમાં તેની પ્રથમ ફુલ સાઇઝ પેસેન્જર કેપ્સ્યૂલ પૉડ લૉન્ચ કરી.
– તેની લંબાઇ ૧૦૫ ફૂટ અને વજન ૫ ટન છે.
– એક પૉડમાં ૨૮ થી ૪૦ પેસેન્જર મુસાફરી કરી શકશે.
– પૉડની સ્પીડ ૧,૨૨૩ કિ.મી. પ્રતિ કલાક હશે.

**(૬) ચીનની સૌથી મોટી ટનલ બોરિંગ મશીનનું લોન્ચિંગ :**

– ચીનન સૌથી મોટી સુરંગ બનાવતી મશીન સ્થાપવામાં આવી છે. આ મશીનનું વ્યાસ ૧૫.૮ મીટર છે.

Vivekanand Academy Gandhinagar

- ૧૩૫ મીટરની લંબાઇ, અને વજન આશરે ૪૮૦૦ ટન ધરાવે છે.
- જેને ચાઇના રેલવે એન્જિનિયરીંગ ઇક્વિપમેન્ટ ગ્રુપ કંપની લિમિટેડ બનાવી છે.

**(૭) વડાપ્રધાન મોદીને ચેમ્પિયન ઓફ ધ અર્થ એવોર્ડ મળ્યો :**

- નવી દિલ્હી ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં યુએનના મહામંત્રી એન્ટોનિયો ગુટરેસ દ્વારા પીએમ મોદીને ચેમ્પિયન ઓફ અર્થ એવોર્ડ આપવામાં આવ્યો.
- ચેમ્પિયન ઓફ અર્થ સૌથી મોટુ પર્યાવરણ સન્માન છે.
- આ સન્માન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રમુખ મૈક્રોને સંયુક્ત રીતે એનાયત થયું હતું.
- ૨૦૨૨ સુધીમાં ભારતના પ્લાસ્ટિકના ઉપયોગને સમાપ્ત કરવાના અભૂતપૂર્વ રિઝોલ્યુશન અને ઇન્ટરનેશનલ સોલાર કૉલેશનમાં અગ્રણી ભૂમિકા માટે શ્રી મોદીને લીડરશીપ કેટેગરીમાં પસંદ કરવામાં આવ્યા છે.

**યુનાઇટેડ નેશન્સ પર્યાવરણ કાર્યક્રમ મુખ્યમાહિતી :**

- સ્થાપના : ૧૯૭૨
- મુખ્યમથક : નૈરોબી (કેન્યા)

પ્રશ્નો :

૧ ૨૦૧૮માં વર્લ્ડ સ્પેસ વીક ક્યારે મનાવવામાં આવ્યું ?
- ૪ ઓક્ટોબર થી ૧૦ ઓક્ટોબર

૨ શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મ કયાં થયો હતો ?
- કચ્છના માંડવી

૩ શ્યામજી કૃષ્ણ વર્માનું મૃત્યું કયાં સ્થળે થયું હતું ?
- જીનીવા

૪ સુપ્રીમ કોર્ટના ૪૬માં ચીફ જસ્ટિસ જણાવો ?
- રંજન ગોગોઇ

૫ રંજન ગોગોઇનો જન્મ કયાં થયો હતો ?
- આસામના દિબ્રુગઢમાં

૬ ચિત્રકાર એસ.એલ. હલદણકર કયાં નામે ઓળખાંતા ?
- વુમન વીથ ધ લેમ્પ

૭ પ્રથમ ફુલ સાઇઝ પેસેન્જર કેપ્સ્યુલ પોડ કયાં દેશે લોન્ચ કરી.
- સ્પેન

૮ તાજેતરમાં નરેન્દ્ર મોદીને કયાં એવોર્ડ એનાયત થયો ?
- ચેમ્પિયન ઓફ ધ અર્થ

## 5.October 2018

**(૧) એપલ ટોપ બ્રાન્ડ :**

- અમેરિકાની મલ્ટીનેશનલ કંપની એપલ વિશ્વની ટોચની બ્રાન્ડ બની છે.
- અમેરિકાની ટેક કંપનીઓના પ્રભુત્વને આધારે વાર્ષિક અહેવાલ અનુસાર, એપલ, ગૂગલ અને એમેઝોન વિશ્વમાં ટોચના ત્રણ સૌથી મૂલ્યવાન બ્રાન્ડ્સ છે.
- ઓગસ્ટમાં, એપલ ટ્રિલિયન ડૉલર મૂલ્યાંકન ધરાવતી પ્રથમ જાહેર કંપની બની હતી.
- ડેટાચોરી વિવાદને લીધે FB આઠમા ક્રમથી નવમા ક્રમે પહોંચ્યું છે.

(૧) એપલ (૨) ગૂગલ
(૩) એમેઝોન (૪) માઇક્રોસોફ્ટ
(૫) કોકા – કોલા (૬) સેમસંગ
(૭) ટોયોટા (૮) મર્સિડીઝ – બેન્ઝ
(૯) ફેસબુક (૧૦) મેકડોનાલ્ડ્સ

**એપલ મુખ્યમાહિતી :**

- સ્થાપના : ૧ એપ્રિલ ૧૯૭૬, ક્યુપરટિનો, કેલિફોર્નિયા, યુનાઇટેડ સ્ટેટ્સ
- મુખ્ય મથક : કયુપરટિનો, કેલિફોર્નિયા, યુનાઇટેડ સ્ટેટ્સ
- સ્થાપક : સ્ટીવ જોમ્બ, સ્ટીવ વોઝનિઆક, રોનાલ્ડ વાયન

**(૨) ઇન્ડિયા કેમ – ૨૦૧૮**

- મુંબઇ ખાતે ‘ઇન્ડિયા કેમ – ૨૦૧૮’ નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- ‘ઇન્ડિયા કેમ’ દેશનું રસાયણ અને પેટ્રો રસાયણ ઉદ્યોગનું સૌથી મોટું સંમેલન છે.
- ‘ઇન્ડિયા કેમ’ નું આ ૧૦ મું સંમેલન છે.
- ‘ઇન્ડિયા કેમ–૨૦૧૮’ નું આયોજન રસાયણ અને ઊર્વરક મંત્રાલય અને પેટ્રો રસાયણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સંમેલન ૪ થી ૬ ઓક્ટોબર દરમ્યાન બોમ્બે એક્સિબિશન સેન્ટર ખાતે યોજાશે.

**(૩) ચંદા કોચરનું ICICI બેન્કના MD- CEO પદેથી રાજીનામું**

- ચંદા કોચરે બેન્કના એમડી– સીઇઓ પદ ઉપરાંત બેન્કના સબસીડિયરી બોર્ડમાંથી રાજીનામું આપ્યું.
- કોચરનો કાર્યકાળ ૩૧ માર્ચ ૨૦૧૯ માં પૂરો થવાનો હતો.
- તેઓ વર્ષ ૨૦૦૯ થી આ પદ પર હતા.
- તેમનું સ્થાન સંદીપ બક્ષીએ લીધું છે. સંદીપ બક્ષી ૧૯ જૂનથી બેંકના સીઇઓઓ પદ પર હતા.
- આ પહેલા, સંદીપ બક્ષી ICICI પ્રુડેન્શિયલ લાઇફ ઇન્શ્યોરન્સના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ

એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે સેવા આપી ચૂક્યા છે.

- ICICI બેંક સ્થાપના : ૧૯૯૪

**(૪) ડેબ્યૂ ટેસ્ટમાં સૌથી નાની વયે સદી પૃથ્વી 'શૉ'**

- ભારતે વેસ્ટ ઇન્ડિઝ સામે રાજકોટમાં પ્રથમ ટેસ્ટના પ્રથમ દિવસે ચાર વિકેટમાં ૩૬૪ બનાવી લીધા.
- ઓપનર પૃથ્વી શૉ એ પોતાની પ્રથમ જ ટેસ્ટમાં ૧૩૪ બનાવ્યા.
- ડેબ્યુ ટેસ્ટમાં સદી બનાવનાર સૌથી નાની વય નો ભારતીય ઓપનર બન્યો છે.
- પૃથ્વી શૉ એ ૧૮ વર્ષ ૩૨૯ દિવસની વયે સદી બનાવી.
- ડેબ્યુ ટેસ્ટમાં સૌથી નાની વયે સદી કરવાનો અગાઉનો રેકોર્ડ અબ્બાસ અલી બેગ (૨૦ વર્ષ, ૧૨૬ વર્ષ દિવસ) ના નામે હતો.

**(૫) વિશ્વની પ્રથમ હેરિટેજ મેરથોન :-**

- ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે દાંડીકૂચને પુનઃ જીવિત કરવા વિશ્વની પ્રથમ હેરિટેજ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે.
- દાંડી સોલ્ટ ચેલેન્જ ૨૦૧૯ માં કુલ ત્રણ ઇવેન્ટનો સમાવેશ થાય છે. મેરેથોન, સાઇકલ – માર્ચ યોજાશે.
- મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર ગાંધીએ રાષ્ટ્રપિતાની જન્મજયંતી નિમિત્તે શ્રેણિબદ્ધ કાર્યક્રમોની પત્રકાર પરિષદમાં ઘોષણા કરી હતી.

**દાંડીકૂચ**

- ભીમરાડથી દાંડી સુધી
- અંતર ૭૦ કિ.મી.
- મેરેથોન
- સાબરમતી આશ્રમથી દાંડી સુધી
- અંતર ૪૦૧ કિ.મી.

પ્રશ્નો :

૧ વિશ્વની ટોચની બ્રાન્ડ જણાવો ?
- એપલ

૨ 'ઇન્ડિયા કેમ –૨૦૧૮'નું ઉદ્દ્ઘાટન કયાં કરવામાં આવ્યું હતું ?
- મુંબઇ

૩ ઇન્ડિયા કેમ–૨૦૧૮ નું આયોજન કયાં મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું ?
- રસાયણ અને ઊર્વરક મંત્રાલય અને પેટ્રો રસાયણ

૪ વિશ્વની પ્રથમ હેરિટેજ મેરેથોન જણાવો ?
- દાંડી સોલ્ટ ચેલેન્જ ૨૦૧૯

## 6.October 2018

**(૧) દુષ્કર્મ વિરુદ્ધના જંગને શાંતિનું નોબેલ પારિતોષિક**

- રોયલ સ્વિડિશ એકેડમીએ ૨૦૧૮ નો શાંતિ પારિતોષિક આપવાની જાહેરાત કરી છે.
- ચાલુ વર્ષે આ પારિતોષિક ૩૦ હજાર દુષ્કર્મ પીડિતાની સારવાર કરનાર કોંગોના ડૉ. ડેનિશ મુકવેગે અને ખુદ દુષ્કર્મ પીડિતા રહેલી ઇરાકની નાદિયા મુરાદને સંયુક્ત રીતે અપાશે.
- યુદ્ધ દરમિયાન થયેલી યોન હિંસાની ઘટના અટકાવવાના પ્રયાસ માટે આ એવોર્ડ અપાશે.
- કોંગોમાં રહેતા મુકવેગે જાણીતા સર્જન છે. અને બુકાવુમા હોસ્પિટલના ડાયરેક્ટર છે.
- યૌન હિંસા પર રોક લગાવવા અને યૌન હિંસાનો શિકાર બનેલા લોકોને બચાવવા મુકવેગે ઘણા સમયથી કામ કરી રહ્યાં છે.
- નાદિયા ઇરાકની માનવાધિકાર કાર્યકર્તા છે.

**(૨) ૧૦૦ રિચેસ્ટ ઇન્ડિયન – મુકેશ અંબાણી સૌથી અમીર ભારતીય :**

- ફોર્બ્સની યાદીમાં સતત ૧૧ માં વર્ષે સૌથી અમીર ભારતીયનું સ્થાન મેળવ્યું છે.
- રૂ. ૩. ૪૮ લાખ કરોડ નેટવર્થ સાથે મુકેશ અંબાણી સૌથી અમીર ભારતીય છે.
- એક વર્ષમાં સૌથી વધુ સંપત્તિ ઊભી કરવાના મામલે પણ અંબાણી ટોચ પર છે.
- રિલાયન્સ જિઓ, અને બ્રોડબેન્ડની સફળતા વચ્ચે મુકેશ અંબાણી એક વર્ષમાં પોતાની સંપત્તિમાં રૂા. ૬૮,૪૦૦ કરોડનો વધારો કર્યો છે.
- ફોર્બ્સ ઇન્ડિયા રિચલિસ્ટ ૨૦૧૮ અનુસાર, વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજીએ સૌથી ધનવાન ભારતીયોની યાદીમાં બીજુ સ્થાન જાળવી રાખ્યુ છે.
- લક્ષ્મી મિત્તલ આ વર્ષે હિન્દુજા બ્રધર્સને પાછળ પડતા ત્રીજા સ્થાને પહોંચ્યા છે.

**(૩) ઇન્ટરપોલના ચીફ મેંગ ગુમ થઇ ગયા :**

- આંતરરાષ્ટ્રીય પોલીસ ઓર્ગેનાઇઝેશન (ઇન્ટરપોલ) ના અધ્યક્ષ મેંગ હોંગવેઇ ગુમ થયા છે.
- ઇન્ટરપોલનું વડું મથક ફ્રાન્સના લિયોન શહેરમાં આવેલું છે.
- તેઓ નવેમ્બર ૨૦૧૬ માં ઇન્ટરપોલના અધ્યક્ષ બન્યા હતા.
- અગાઉ મેંગ ચીનમાં પબ્લિક સિક્યોરિટીના ઉપમંત્રી હતા.
- તેમની જવાબદારી ગુપ્ત પોલીસના કામકાજ જોવાની હતી.
- મેંગ પહેલા એવા ચીની નાગરિક છે જે ઇન્ટરપોલના અધ્યક્ષ બન્યા છે.
- આંતરરાષ્ટ્રીય ગુનાખોરોને પકડવામાં ઇન્ટરપોલની ભૂમિકા મહત્વની હોય છે.

(૪) વિરાટ કોહલી સૌથી ઓછી ઇનિંગમાં ૨૪ સદી કરનારો બેટ્સમેન :

- કેપ્ટન વિરાટ કોહલીએ વેસ્ટ ઇન્ડિઝ વિરૂદ્ધ ટેસ્ટમાં ૧૨૩ મી ઇનિંગમાં ટેસ્ટ કારકિર્દીની ૨૪ મી સદી બનાવી.
- તે ઓસ્ટ્રેલિયાના ડોન બ્રેડમેન બાદ સૌથી ઓછી ઇનિંગમાં ૨૪ સદી બનાવનારો બેટ્સમેન બની ગયો છે.
- બ્રેડમેને ૬૬ ઇનિંગમાં જ ૨૪ સદી બનાવી દીધી હતી. તેડુંલકરે ૧૨૫ ઇનિંગમાં ૨૪ સદી બનાવી હતી.
- કેપ્ટન તરીકે વિરાટની આ કુલ ૩૦ મી સદી છે. પોન્ટિંગથી ૧૧ સદી પાછળ છે.

- વિરાટ કોહલીના આ વર્ષે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૧૮ રન થઇ ગયા છે. તેણે સતત ત્રીજા વર્ષે ટેસ્ટ ક્રિકેટમાં ૧,૦૦૦ રનનો આંકડો પાર કર્યો છે.
- તે આ સિદ્ધિ મેળવનારો ભારતનો પહેલો બેટ્સમેન છે.
- ઓસ્ટ્રેલિયાનો મેથ્યુ હેડન (સતત ૫ વર્ષ) અને સ્ટીવ સ્મિથ (સતત ચાર વર્ષ) જ તેનાથી આગળ છે.
- વિરાટે બ્રાયન લારા, માર્ક ટ્રેસ્કોથિક અને પીટરસનની બરાબરી કરી છે.

(૫) ભારત અને રશિયા વચ્ચે S-400 મિસાઇલ સિસ્ટમ સમજૂતી :

- ભારત અને રશિયા વચ્ચે S-400 મિસાઇલ સિસ્ટમ માટે સમજૂતી કરવામાં આવી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે ૧૯ મી ભારત – રશિયા શિખર બેઠક બાદ કરાર પર હસ્તાક્ષર થયા.
- આ સમજૂતી સહિત બંને દેશો વચ્ચે કુલ આઠ સમજૂતી થઇ.
- જેમાં માનવ અવકાશ મિશન પ્રોજેક્ટ ગગનયાન, જળવાયુ પરિવર્તન, ન્યુક્લિયર એનર્જી અને રેલવે સાથે સંકળાયેલી સમજૂતીનો સમાવેશ થાય છે.
- S – ૪૦૦ એર ડિફેન્સ મિસાઇલ સિસ્ટમ ૨૦૨૦ સુધીમાં મળવાની શરૂ થઇ જશે.

પ્રશ્નો :

૧ ૧૦૦ રિચેસ્ટ ઇન્ડિયનમાં પ્રથમ સ્થાને કોણ રહ્યું ?
- મુકેશ અંબાણી

૨ આંતરરાષ્ટ્રીય પોલીસ ઓર્ગેનાઇઝેશનના અધ્યક્ષ જણાવો ?
- મેંગ હોંગવેઇ

૩ ઇન્ટરપોલનું વડુમથક કયાં આવેલું છે ?
- ફ્રાન્સના લિયોન શહેરમાં

૪ ટેસ્ટમાં સૌથી ઓછી ઇનિંગમાં ૨૪ સદી ફટકારનાર ભારતીય જણાવો ?
- વિરાટ કોહલી

૫ ભારત ૫ વર્ષ સુધી ટેસ્ટમાં ૧૦૦૦ રન કરનાર ખેલાડી જણાવો ?
- મેથ્યુ હેડન

૬ રશિયાના પ્રમુખનું નામ જણાવો ?
- વ્લાદિમીર પુટિન

## 7.October 2018

(૧) પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી તારીખોની જાહેરાત :

- ચૂંટણી આયોગ દ્વારા પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી તારીખોની જાહેર કરવામાં આવી.
- છત્તિસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મિઝોરમ અને તલંગણામાં વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી.
- આયોગ મુજબ માત્ર છત્તિસગઢ રાજ્યમાં બે તબક્કામાં મતદાન થશે, જ્યારે મધ્યપ્રદેશ, રાજસ્થાન, મિઝોરમ અને તેલંગણામાં એક જ તબક્કામાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થશે.
- બધા રાજ્યોના મતની ગણતરી ૧૧ ડિસેમ્બરે થશે.
- મુખ્ય ચૂંટણી કમિશનર ઓ.પી. રાવત

(૨) દેશની સૌથી મોટી કૌશલ સ્પર્ધા 'ભારત કૌશલ ૨૦૧૮' પૂર્ણ :

- દેશની સૌથી મોટું કૌશલ સ્પર્ધા – ભારત કૌશલ ૨૦૧૮નું નવી દિલ્હીમાં સમાપન થયું.
- કૌશલ વિકાસ અને ઉદ્યોગમંત્રી મંત્રાલય દ્વારા ભારત કૌશલ ૨૦૧૮નું આ બીજું રાષ્ટ્રવ્યાપી આયોજન હતું. જેનો હેતુ વિવિધ ક્ષેત્રોમાં પ્રતિભાઓને ઓળખી તેમને પ્રોત્સાહન આપવાનો હતો.
- ત્રણ દિવસ સ્પર્ધામાં દેશના ૨૩ રાજ્યોમાંથી ૪૫૦માં સહભાગીઓએ ભાગ લીધો. ૪૬ સ્પર્ધાઓનું આયોજન કરવા આવ્યું હતું.
- સ્પર્ધામાં વિજેતાઓને મનોરંજન કૌશલ પરિષદના અધ્યક્ષ અને ફિલ્મનિર્માતા સુભાષ ઘાઇ દ્વારા પુરસ્કારો આપવામાં આવ્યા હતા.
- ભારત કૌશલ ૨૦૧૮ના વિજેતાઓને ૨૦૧૯માં રશિયાના કજાન ખાતે યોજાનાર ૪૫માં વિશ્વ કૌશલ પ્રતિસ્પર્ધી કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોકલવામાં આવશે.

(૨) ગીરમાં બીમાર સિંહોને રસીકરણ :

- ગીરમાં ૨૩ સિંહોના મોત બાદ ત્યાં બીમાર સિંહોના ઇલાજ માટે તેમને રસી આપવામાં આવશે.

Vivekanand Academy Gandhinagar

- સિંહોમાં ફેલાયેલા કેનાઇલ ડિસ્ટેમ્પર વાઇરસથી સિંહોને બચાવવા અમેરિકાના ફ્લોરિડાથી મંગાવાયેલી રસી ફેરેટ નામની રસી મંગાવવામાં આવી છે.
- રસી વાઇરસગ્રસ્ત જાનવરને આપવામાં આવે છે.
- ચેપની આશંકાથી આ વિસ્તારના સ્વસ્થ સિંહોને પણ મુખ્ય વનસંરક્ષક અને પશુ રોગ તજજ્ઞોની સલાહ મુજબ આ રસી આપવામાં આવશે.
- આ રસી ૯ લાખ રૂપિયામાં ખરીદવામાં આવી છે. આ રસી ૩–૩ સપ્તાહના અંતરે દરેક સિંહને એક રસી અપાશે.
- આ રસીની અસર ૧ વર્ષ સુધી રહેશે.
- આ રસીનો ઉપયોગ અગાઉ ઉત્તરપ્રદેશના ઇટાવામાં સિંહો પર કરવામાં આવ્યો હતો.
- ૨૦૧૫ ની પંચવર્ષીય સિંહ ગણતરી અનુસાર ગીર તથા તેની આસપાસના વિસ્તારોમાં ૫૨૩ સિંહો હતા.

**(૩) રિવરફ્રન્ટ પર મેટ્રોનો મોક કોચ પ્રજા માટે ખુલ્લો મૂક્યો :**

- મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ પર મેટ્રોનો મોક – અપ કોચ લોકો જોઇ શકે તે માટે ખુલ્લો મૂકાયો.
- પ્રથમ મેટ્રો ડિસેમ્બર, ૨૦૧૮ સુધીમાં દક્ષિણ કોરિયાથી આવી જશે અને જાન્યુઆરી ૨૦૧૯ માં વસ્ત્રાલ ગામથી એપેરલ પાર્ક સુધીના ૬.૫ કિ.મી. રૂટ પર ટ્રાયલ રન શરૂ થશે.
- ૨૦૨૦ સુધીમાં પ્રથમ તબક્કાની મેટ્રો દોડતી થઇ જશે.

**(૪) ભારતનો ટેસ્ટમાં ૮૬ વર્ષનો સૌથી મોટો વિજય :**

- ભારતે પહેલી ટેસ્ટમાં વિન્ડીઝને ૨૭૨ રનથી હરાવ્યું.
- ભારતનો ૮૬ વર્ષના ટેસ્ટ ઇતિહાસમાં આ સૌથી મોટો વિજય છે.
- ભારતીય બોલર કુલદીપ યાદવે આ ટેસ્ટમાં પાંચ વિકેટ ઝડપી હતી. તે ત્રણેય ફોર્મેટ (ટેસ્ટ, વન–ડે, ટી–૨૦) માં પાંચ વિકેટ ઝડપનાર ભારતનો બીજો બોલર બની ગયો છે.
- આ પહેલાં ભારતે ૧૫ જૂન ૨૦૧૮ના અફઘાનિસ્તાનને ઇનિંગ અને ૨૬૨ રનથી હરાવી ટેસ્ટમાં સૌથી મોટો વિજય મેળવ્યો હતો.
- છેલ્લા ૧૬ વર્ષમાં રમાયેલી ૨૦ ટેસ્ટમાંથી વિન્ડીઝ ભારત સામે જીતી શક્યું નથી.

**(૫) જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશીપ – ભારતીય મેન્સ બેડમિન્ટન ટીમ કેપ્ટન લક્ષ્ય :**

- વર્લ્ડ રેન્કિંગમાં ત્રીજા નંબરના લક્ષ્ય સેન અને વૈષ્ણવી રેડ્ડીને કેનેડામાં ૫ થી ૧૮ નવેમ્બર સુધી યોજાનારા વર્લ્ડ જુનિયર બેડમિન્ટન ચેમ્પિયનશીપ માટે ટીમનો કેપ્ટન બનાવાયો છે.
- ભારતીય બેડમિન્ટન સંઘ (બીએઆઇ) એ ૨૪ સભ્યોની ટીમ જાહેર કરી.
- મેન્સ કેટેગરીમાં ૧૩ અને વિમેન્સ કેટેગરીમાં ૧૧ ખેલાડીઓની પસંદગી કરાઇ છે.

**(૬) પટનામાં ભારતનું પ્રથમ ડોલ્ફિન સંશોધન કેન્દ્ર :**

- બિહારના પટનામાં દેશનું પ્રથમ ડોલ્ફિન સંશોધન કેન્દ્ર બનાવવામાં આવશે.
- બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદી દ્વારા આ જાહેરાત કરવામાં આવી.
- પટના ખાતે આવેલ પટના વિશ્વવિદ્યાલય ખાતે આ રાષ્ટ્રીય ડોલ્ફિન સંશોધન કેન્દ્રનું નિર્માણ કરવામાં આવશે.

**(૭) વિશ્વની સૌથી મોટી અન્ડરવૉટર રેસ્ટોરન્ટ – નોર્વે :**

- દક્ષિણ નોર્વેના લિન્ડેસનેસમાં વિશ્વની સૌથી મોટી અને યુરોપની સૌપ્રથમ અન્ડરવૉટર રેસ્ટરોન્ટ બની રહી છે.
- આ નિર્માણાધીન રેસ્ટોરન્ટનું નામ 'અન્ડર' છે.
- રેસ્ટોરન્ટનો અડધાથી વધુ હિસ્સો પાણીમાં હશે તેમ થોડો હિસ્સો પાણીની બહાર હશે.
- રેસ્ટોરન્ટ દરિયાની સપાટીથી ૫ મીટર ઊંડે હશે, તેનું કુલ ક્ષેત્રફળ ૫,૩૦૦ સ્કવેર ફૂટ હશે.
- જાણીતી આર્કિટેક્ટ ફર્મ 'સ્નોહેટ્ટા' આ રેસ્ટોરન્ટનું નિર્માણ કરી રહી છે.

પ્રશ્નો :

૧ રાજ્યમાં વિધાનસભાની ચુંટણીની તારીખ કેટલા જાહેર કરે છે ?
- ચુંટણી આયોગ

૨ ભારતના મુખ્ય ચુંટણી કમિશનર જણાવો ?
- ઓ.પી. રાવત

૩ દેશની સૌથી મોટી કૌશલ સ્પર્ધા જણાવો ?
- ભારત કૌશલ ૨૦૧૮

૪ તાજેતરમાં ગુજરાતમાં સિંહોને કયા વાઇરસની અસર થઇ હતી ?
- કેનાઇન ડિસ્ટેમ્પર

૫ ભારતનો ટેસ્ટમાં સૌથી મોટો વિજય કયા દેશ સામે મેળવ્યો ?
- વિન્ડિઝ

૬ જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશીપ – ૨૦૧૮નું આયોજન કયા થશે ?
- કેનેડા

૭ ભારતનું પ્રથમ રાષ્ટ્રીય ડોલ્ફિન સંશોધન કેન્દ્ર ક્યાં શરૂ થશે ?
– પટના (બિહાર)
૮ વિશ્વની સૌથી મોટી અન્ડરવવોટર રેસ્ટોરન્ટ ક્યાં શરૂ થઇ ?
– નોર્વે

## 8.October 2018

**(૧) ભારતીય વાયુસેના દિવસ – ૨૦૧૮**
– દર વર્ષે ૮ ઓક્ટોબરના રોજ ભારતભરમાં વાયુસેના દિવસ ઉજવવામાં આવે છે.
– આ વર્ષે ૮૬માં વાયુસેના દિવસની ઉજવણી કરવામાં આવી.
ભારતીય વાયુસેના મુખ્યમાહિતી :
– સ્થાપના : ૮ ઓક્ટોબર ૧૯૩૨
– એર માર્શલ : બીરેન્દ્રસિંહ ધનોવા

**(૨) ગુજરાતની ત્રણ નવી પશુઓલાદને રાષ્ટ્રીય માન્યતા :**
– ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા ગુજરાતની ત્રણ નવી પશુઓલાદને રાષ્ટ્રીય માન્યતા આપવામાં આવી.
– ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા પાંચાલી ઘેટાં, કાહમી, બકરી અને હાલારી ગધેડાને રાષ્ટ્રીય માન્યતા આપવામાં આવી.
– ગયા વર્ષે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા કચ્છી બન્ની ભેંસ, ખારાઇ ઊંટ, કચ્છી–સિંધી અશ્વને રાષ્ટ્રીય માન્યતા આપવામાં આવી હતી.
– ગુજરાતની કુલ ૬ પશુ ઓલાદને રાષ્ટ્રીય માન્યતા આપવામાં આવી છે.

**(૩) નટવર ઠક્કર : નિધન :**
– નાગાલેન્ડના ગાંધીવાદી નટવર ઠક્કરનું નિધન ૭ ઓક્ટોબર – ૨૦૧૮ના રોજ ગુવાહાટી ખાતે ૮૬ વર્ષની વયે થયું.
– તેમનો જન્મ મહારાષ્ટ્રના દહાણુ ખાતે ૧૯૩૨માં થયો હતો.
– ગાંધીવાદી વિચારધારા અને શાંતિના પ્રયાસોને કારણે નાગાલેન્ડના ગાંધી તરીકે તેઓ વિખ્યાત હતા.
– ભારત સરકાર દ્વારા તેમને ૧૯૯૯ પદ્મશ્રી પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

**(૪) ૧૦ વર્ષની મનસ્વી સૌથી યુવા ભતરનાટ્યમ્ પરફોર્મર :**
– માત્ર ૧૦ વર્ષની મનસ્વી દેશની સૌથી યુવા ભરતનાટ્યમ પરફોર્મર બની છે.
– મનસ્વી એ નવ વર્ષનો અભ્યાસ સાડા સાત વર્ષમાં પૂરો કર્યો છે.

**(૫) ચીનમાં ૬૩૯ લોકોએ એક સાથે પિયાનો વગાડી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો.**
– ચીનના હેબેઇ પ્રાંતની વુકિઆંગ કાઉન્ટીમાં યોજાયેલી એક ઇવેન્ટમાં ૬૩૯ લોકોએ એક સાથે કુલ ૬૬૬ પિયાનો વગાડી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો.
– આ ઇવેન્ટમાં કુલ ૮ દેશોના પિયાનોવાદકો જોડાયા હતા.
– જેમાં પ્રજ્ઞાચક્ષુ બાળકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સંગીતપ્રેમીઓ સામેલ હતા.
– અગાઉનો રેકોર્ડ વર્ષ ૨૦૦૭માં દક્ષિણ કોરિયાના ઇન્ચોનમાં સર્જાયો હતો, જ્યાં એક સાથે ૫૫૫ પિયાનો વગાડવામાં આવ્યા હતા.

**(૬) બેડમિન્ટન : એશિયા જુનિયર ચેમ્પિયનશીપ :**
– ભારતના બેડમિન્ટન ખેલાડીઓએ એશિયા જુનિયર અન્ડર –૧૭ અને અન્ડર–૧૫ ચેમ્પિયનશીપમાં એક ગોલ્ડ સહીત પાંચ મેડલ જીત્યા.
– ભારતની મેઘના રેડ્ડી અને તસનીમ મીરે અન્ડર–૧૫ ગર્લ્સ ડબલ્સની ફાઇનલમાં કોરિયાની યિઓજિન ગોંગ અને ડાયિઓન જિયોંગને હરાવીને ગોલ્ડ જીત્યો.
– ચેમ્પિયનશીપમાં મેરાબા લુવાંગે અન્ડર–૧૭ બોયઝ સિંગલ્સ અને અદિતિ ભટ્ટે અન્ડર–૧૭ ગર્લ્સ સિંગલ્સમાં બ્રોન્જ પોતાના નામે કર્યા.
– ચેમ્પિયનશિપમાં એસ. શંકર મુથુસ્વામીએ અન્ડર–૧૫ બોયઝ સિંગલ્સનો બ્રોન્જ જીત્યો :

**(૭) ભારતે છઠ્ઠી વખત અન્ડર–૧૯ એશિયા કપ જીત્યો :**
– બાંગ્લાદેશના ઢાંકા ખાતે યોજાયેલ એશિયા કપ ભારતીય જુનિયર ટીમ ઇન્ડિયાએ જીત્યો.
– અન્ડર –૧૯ એશિયા કપની ફાઇનલમાં ભારતે શ્રીલંકાને ૧૪૪ રનથી હરાવી આ ટાઇટલ જીત્યું.
– ભારતે છઠ્ઠી વખત અન્ડર–૧૯ એશિયા કપ જીત્યો છે.
– ભારતે આ પહેલા ૧૯૮૯, ૨૦૦૩, ૨૦૧૨, ૨૦૧૪ અને ૨૦૧૬માં પણ ટાઇટલ જીત્યું હતું.
– ૨૦૧૨માં ભારત અને પાકિસ્તાન સંયુક્ત વિજેતા બન્યા હતા.

**(૮) પેરિસમાં દર મહિનાના પ્રથમ રવિવારે કાર ચલાવવા પર પ્રતિબંધ :**
– પેરિસમાં વધતા પ્રદૂષણને રોકવા માટેના નિયમો વધુ કડક કરવામાં આવ્યા છે.
– ઓડ –ઇવન વ્યવસ્થા પછી હવે દર મહિનાના પ્રથમ રવિવારે કાર ચલાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

Vivekanand Academy Gandhinagar

- કાર ફ્રી ઝોન સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી પગવાળા ચાલનારા અને સાઇક્લિસ્ટો માટે ખુલ્લુ રહેશે.
- તેનો હેતુ ફ્રાન્સની રાજધાનીમાં વહેતી ઝેરી હવાને સુધારવાની સાથે પગપાળા ચાલનારા લોકો માટે વધુ જગ્યા ઉપલબ્ધ કરાવવાનો છે.
- પેરિસ યુરોપનું ૧૩ મું સૌથી પ્રદુષિત શહેર છે. લંડન ૨૫ મા સ્થાને છે.

**(૯) લખનૌમાં કેળાનું DNA કાઢીને નવો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો.**

- લખનૌ ખાતે ચાલી રહેલા ચાર દિવસીય ઇન્ડિયા ઇન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલમાં ૫૫૦ બાળકોએ ૬૧ મિનિટમાં કેળાનું ડીએનએ કાઢીને નવો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો.
- જી.ડી.ગોયન્કા પબ્લિક સ્કૂલમાં સર્જાયેલા આ રેકોર્ડમાં ધોરણ–૮ થી ધોરણ–૧૨ના વિદ્યાર્થીઓ સામેલ હતા.
- અગાઉ આ વર્લ્ડ રેકોર્ડ અમેરિકાની સિએટલ ચિલ્ડ્રન્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં ગયા વર્ષે ૮ ફેબ્રુઆરીએ સર્જાયો હતો, જેમાં ૩૦૨ સ્ટુડન્ટે ૯૦ મિનિટમાં પપૈયાનું ડીએનએ કાઢ્યું હતું.

**(૧૦) યુથ ઓલિમ્પિક – ઓપનિંગ સેરેમની :**

- આર્જેન્ટિનાના બ્યુનસ આયર્સમાં અલગ અંદાજમાં ત્રીજા યુથ ઓલિમ્પિકનો પ્રારંભ થયો હતો.
- ૧૮ ઓક્ટોબર સુધી ચાલનારા આ યુથ ઓલિમ્પિક ગેમ્સમાં ૨૦૬ દેશના અંદાજે ચાર હજાર ખેલાડીઓ ભાગ લઇ રહ્યા છે.
- ભારત તરફથી ૪૭ સભ્યોવાળું દળ ભાગ લઇ રહ્યું છે.
- ઓલિમ્પિક અને યુથ ઓલિમ્પિકના ઇતિહાસમાં એવું પ્રથમવાર બન્યું જ્યારે ઉદઘાટન સમારોહ માત્ર ખેલાડીઓ માટે નહીં પરંતુ શહેરના તમામ લોકો માટે પણ યોજાયો હતો.
- યુવા ખેલાડીઓના મહાકુંભમાં સામેલ ૧૩ ગેમ્સમાં મોટાભાગની રમતોને વર્ચ્યુઅલ તરીકે સ્ટેજ પર દર્શાવાયું હતું.
- ભારત તરફથી ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ ગેમ્સની ગોલ્ડ મેડાલિસ્ટ મનુ ભાકર ભારતની ધ્વજવાહક હતી.
- ભારત ૪૭ ગેમ્સમાં ભાગ લેશે.

પ્રશ્નો :

૧ ભારતીય વાયુસેના દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૮ ઓક્ટોબર

૨ ગુજરાતના કુલ કેટલા પશુ ઓલાદને રાષ્ટ્રીય માન્યતા આપવામાં આવી ?
- ૬

૩ નાગાલેડના ગાંધી તરીકે કોણ જાણીતું હતું ?
- નટવર ઠક્કર

૪ અન્ડર – ૧૯ એશિયા કપ–૨૦૧૮નું આયોજન કયાં થયું હતું ?
- ઢાકા (બાંગ્લાદેશ)

૫ ભારતે કુલ કેટલી વખત અન્ડર–૧૯ એશિયા કપ જીત્યો ?
- ૬ વખત

૬ ફ્રાન્સની રાજધાની જણાવો ?
- પેરિસ

૭ યુથ ઓલિમ્પિક ૨૦૧૮માં ભારતની ધ્વજવાહકનું નામ જણાવો ?
- મનુ ભાકર

## 9.October 2018

**(૧) હવે ૩૧ ઓક્ટોબર સુધી આઇટી રિટર્ન ભરી શકાશે :**

- સરકારે ૨૦૧૮–૧૯ માં કેટલાક કરદાતાઓ માટે ઓડિટ રિપોર્ટ અને આઇટી રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ ઓક્ટોબર સુધી વધારી દીધી છે.
- અગાઉ છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર હતી.
- પહેલા તેને ૧૫ દિવસ લંબાવાઇ હતી અને હવે વધુ ૧૫ દિવસ લંબાવાઇ છે.

**(૨) અમેરિકાના વિજ્ઞાનીઓને અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક :–**

- રૉયલ સ્વિડિશ એકેડમી દ્વારા અર્થશાસ્ત્રનું નોબેલ USના બે વિજ્ઞાનીઓ વિલિયમ નોરધૉસ અને પૉલ રોમરને મળ્યું.
- તેમણે ૧૯૯૦ ના દાયકામાં ઇનોવેશન અને જળવાયુ પરિવર્તનને આર્થિક વિકાસ સાથે જોડવાની થિયરી આપી હતી.
- તેમને ૧૦ ડિસેમ્બરે આ સન્માન સાથે ૭.૫ કરોડનું ઇનામ પણ સરખે ભાગે અપાશે.
- અત્યાર સુધી ૮૧ લોકોને અર્થશાસ્ત્રનું નોબેલ અપાયું છે.

**(૩) વિશ્વનું તાપમાન ૧ ટકા વધ્યું :**

- વિશ્વનું તાપમાન ૧ ટકા વધી ગયું છે આથી મહાસાગરમાં તોફાન, પૂર અને દુષ્કાળની આશંકા છે.
- વૈશ્વિક તાપમાન ૨૦૩૦ સુધીમાં ૪૫% સુધી વધી શકે છે.
- ૨૦૫૦ સુધીમાં તેને શૂન્યસ્તરે લાવવું પડશે.

**(૪) દુનિયાનું સૌથી મોટું એક્ઝિબિશન સેન્ટર – શાંઘાઇ**

Vivekanand Academy Gandhinagar

- ચીનનું નેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર વિશ્વનું સૌથી મોટું એક્ઝિબિશન છે.
- ૫ લાખ વર્ગ મીટરમાં વિસ્તરેલા એક્ઝિબિશન સેન્ટર યોજનારા ઇન્ટરનેશનલ ઇમ્પોર્ટ એક્સ્પોમાં ૭૦ દેશોની આશરે ૨૮૦૦ કંપનીઓ ભાગ લેશે.
- જેમાં જી–૨૦ દેશો સહિત વિશ્વના ગરીબ ૩૦ દેશો પણ સામેલ રહેશે.

**(૫) ૧૪ વર્ષની રીમનો ડાઇવનો વર્લ્ડ રેકોર્ડ :**

- ઇજિપ્તની ૧૪ વર્ષની રીમ ફાવજીએ સમુદ્રમાં સૌથી લાંબા સમય સુધી ડાઇવ લગાવવાનો વર્લ્ડ રેકોર્ડ કર્યો છે.
- રીમ ફાવજીએ ૫૫ કલાક ૨૫ મિનિટ સુધી ડાઇવ લગાવી.

**(૬) આરબીઆઇએ કેરલા બેન્કની સ્થાપનાને મંજૂરી આપી :**

- ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ) દ્વારા કેરલ સરકાર દ્વારા પ્રસ્તાવિત 'કેરાલા બેન્ક' ને મંજુરી આપી છે.
- આ કેરલની સહકારી બેંક હશે, પરંતુ તે 'કેરાલા બેન્ક' તરીકે જાણીતી હશે.
- તેમાં એટીએમ સહિત કમર્શિયલ બેંકની બધી સુવિધાઓ હશે.

**આરબીઆઇ મુખ્ય માહિતી :**

- સ્થાપના : ૧ એપ્રિલ ૧૯૩૫
- મુખ્ય મથક : મુંબઇ
- ગવર્નર : ઉર્જિત પટેલ

**કેરલ મુખ્ય માહિતી :**

- મુખ્ય મથક – થિરુવનંતપુરમ
- રાજ્યપાલ – પી. સથાશિવમ
- મુખ્યમંત્રી : પિનરાઇ વિજયન

**(૭) કરૂણા એનિમલ એમ્યુબ્યુલન્સનો પ્રારંભ :**

- ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ૨૬ જિલ્લાઓમાં કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ – ૧૯૬૨નો પ્રારંભ કરવામાં આવ્યો.
- રાજ્ય સરકાર દ્વારા મૂંગા પશુ પક્ષીઓની સારવાર અને ઇમરજન્સી સેવા અને ચિકિત્સાના હેતુ થી કરૂણા એનિમલ અમ્બ્યુલન્સનો પ્રારંભ કરવામાં આવ્યો.
- તબીબી દ્વારા પશુ પક્ષીઓને સ્થળ પર જ સારવાર આપવામાં આવશે.
- કરૂણા એનિમલ અમ્બ્યુલન્સ માટે રાજ્ય સરકાર દ્વારા હેલ્પલાઇન નંબર ૧૯૬૨ રાખવાં આવ્યો છે.
- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા તેનો આરંભ કરવામાં આવ્યો.

પ્રશ્નો :

૧ ઇનોવેશન અને જળવાયુ પરિવર્તન આર્થિક વિકાસ સાથે જોડવાની થિયરી કોણે આપી ?
- વિલિયમ નોરધોસ અને પોલ રોમર

૨ સમુદ્રમાં સૌથી લાંબા સમય સુધી ડાઇવ લાગવવાતો વર્લ્ડ રેકોર્ડ કોણે કર્યો છે ?
- રીમ ફાવજી

૩ RBI ની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧ એપ્રિલ ૧૯૩૫

૪ કેરલના મુખ્યમંત્રીનું નામ જણાવો ?
- પિનરાયી વિજયન

૫ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સનો હેલ્પલાઇનને જણાવો ?
- ૧૯૬૨

૬ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સનો પ્રારંભ કોના દ્વારા કરવામાં આવ્યો ?
- વિજયભાઇ રૂપાણી

## 10.October 2018

**(૧) વિશ્વ ટપાલ દિવસ**

- દર વર્ષે ૯ ઓક્ટોબર વર્લ્ડ પોસ્ટ ડે ઉજવવામાં આવે છે.
- આ દિવસ વિશ્વભરમાં વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ઉજવવામાં આવે છે.
- વર્ષ ૧૮૭૪માં ૯ ઓક્ટોબરના દિવસે યુનિવર્સલ પોસ્ટલ યુનિયન (યુપીયુ) ની રચના માટે સ્વિટ્ઝર્લેન્ડની રાજધાની બર્નમાં ૨૨ દેશોએ એકસાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- વર્ષ ૧૯૬૯ માં જાપાનના ટોકિયોમાં યોજાયેલ સંમેલનમાં આ દિવસ ને વિશ્વ પોસ્ટ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- ૧ જુલાઇ ૧૮૭૬ના રોજ ભારત યુનિવર્સલ પોસ્ટ યુનિયનનો સભ્ય બનનાર ભારત પ્રથમ એશિયન દેશ હતો.
- યુનાઇટેડ નેશન્સની રચના પછી ૧૯૪૭ માં યુનિવર્સલ પોસ્ટલ યુનિયન સંયુક્ત રાષ્ટ્રનું એક વિશિષ્ટ અંગ બન્યું.

**(૨) વિશ્વ માનસિક આરોગ્ય દિવસ :**

- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશ (WHO) દ્વારા દર વર્ષે ૧૦ ઓક્ટોબર વિશ્વ માનસિક સ્વાસ્થય દિવસ મનાવવામાં આવે છે.
- વિશ્વભરમાં માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓની જાગરૂકતા વધારવા અને માનસિક સ્વાસ્થ્યના સમર્થનમાં પ્રયત્નો કરવાના એકંદર ઉદ્દેશ સાથે દર વર્ષે ૧૦ ઓક્ટોબરના રોજ યોજાય છે.

- WHO ની મુખ્ય માહિતી
- મુખ્યાલય : જીનીવા, સ્વિત્ઝર્લેન્ડ
- સ્થાપના : ૭ એપ્રિલ ૧૯૪૮

**(૩) અમેરિકી રાજદૂત નિકાકી હેલીનું રાજીનામું :**

- સંયુક્ત રાષ્ટ્રના અમેરિકી રાજદૂત નિકાકી હેલીએ પોતાના પદથી રાજીનામું આપ્યું.
- નિક્કી સાઉથ કારોલિના પ્રાંત ગવર્નર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.
- તે જાન્યુઆરી ૨૦૧૭ માં સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકન રાજદૂત તરીકે નિયુક્ત થયા હતા.

**યુનાઇટેડ નેશન્સ મુખ્યમાહિતી :**

- સ્થાપના : ૨૪ ઓક્ટોબર ૧૯૪૫
- મુખ્યમથક : ન્યૂયોર્ક
- જનરલસચિવ – એન્ટોનીયો ગુટરેસ
- સભ્ય દેશ : ૧૯૩
- અધિકૃત ભાષાઓ : ૬ (અંગ્રેજી, અરબી, ચાઇનીઝ, ફ્રેંચ, રશિયન, સ્પેનિશ :

**(૪) અર્લી વોર્નિંગ સિસ્ટમ :**

- માહિતી અને ટેકનોલોજી (આઇટી) મંત્રાલય હેકર્સ પર લગામ લગાવવા માટે અર્લી વોર્નિંગ સિસ્ટમ તૈયાર કરશે.
- હેકર આપણા કમ્પ્યુટર પર તેનું પ્રોગ્રામિંગ કરી રહ્યો હશે ત્યારથી જ હેકર્સ કોણ છે અને કયા દેશમાંથી અને કઈ સ્ટ્રેટેજીથી અટેક કરવાનો છે, તેની સંપૂર્ણ માહિતી મળવાનું શરૂ થઇ જશે., એટલે કે હેકિંગ પહેલા હેકર્સના ઇરાદા અંગે જાણી શકાશે.
- તેના માટે ડિસેપ્શન ટેક્નોલોજી સોફ્ટવેર અને હાર્ડવેર તૈયાર કરાઇ રહ્યા છે.
- આ પ્રોજેક્ટ આ વર્ષે ડિસેમ્બર અંત સુધીમાં ૨૨ રાજ્યોના ૨૫ મોટા શહેરોમાં લોન્ચ કરી દેવાશે.
- અત્યાર સુધી સરકારનું ધ્યાન સરકારી, ખાનગી વેબસાઇટ અને સર્વરની સલામતી પર રહે છે, પરંતુ આ પ્રોજેક્ટના માધ્યમથી દરેક સામાન્ય યુઝરને પણ આપણે સાઇબર સલામતી આપી શકીશું.

**સાઇબર એટેકની બાબતમાં ભારત દુનિયામાં ચોથા નંબરે :**

- સાઇબર એટેકની બાબતમાં ૧૦ સૌથી સંવેદનશીલ દેશોમાં ભારત ચોથા સ્થાન પર છે.
- ક્લાઉડ ડિલિવરી નેટવર્ક પ્રોવાઇડર અકામઇ ટેક્નોલોજીસ મુજબ નવેમ્બર ૨૦૧૭ થી એપ્રિલ ૨૦૧૮ વચ્ચે દેશમાં અંદાજે ૨.૮ કરોડ સાઇબર એટેક થયા છે.
- ભારતથી આગળ રશિયા, ચીન અને ઇન્ડોનેશિયા છે. સૌથી વધુ એટેક ટ્રાવેલ ઉદ્યોગમાં થયા છે.

**(૫) ફૂટબોલ – પહેલીવાર મહિલાઓને બેલેન ડિઓર એવોર્ડ :**

- ફિફા દ્વારા આપવામાં આવતો બેલેન ડિઓર એવોર્ડ અત્યાર સુધી માત્ર પુરૂષ ખેલાડીઓને જ આપવામાં આવતો હતો. પરંતુ આ વખતથી મહિલા ફૂટબોલ ખેલાડીઓને પણ આ એવોર્ડ મળશે.
- આ એવોર્ડ માટે ૧૫ મહિલા ફૂટબોલ ખેલાડીઓની પસંદગી થઇ છે. જેમાં ૧૧ દેશોની ખેલાડીઓનો સમાવેશ થાય છે.
- બેલેન ડિઓર એવોર્ડ માટે ફ્રાન્સની સૌથી વધુ ૩ ખેલાડીઓ નોમિનેટ થઇ છે. જ્યારે ઇંગ્લેન્ડ અને અમેરિકાની ૨–૨ ખેલાડીઓ આ લિસ્ટમાં છે.
- ગત મહિને શ્રેષ્ઠ ફિફા ફૂટબોલ એવોર્ડમાં સર્વશ્રેષ્ઠ મહિલા ફૂટબોલર તરીકે પસંદ થયેલી ફોરવર્ડ માર્તાનું નામ આ એવોર્ડ માટે નોમિનેટ થયું છે.

**(૬) ચીનમાં ટાઇટેનિકની રિયલ સાઇઝ રેપ્લિકા :**

- સેવેન સ્ટાર્સ ઇન્વેસ્ટમેન્ટ ગ્રુપના પ્રેસિડન્ટ સૂશાઓજુન ટાઇટેનિકની રિયલ સાઇઝ રેપ્લિકા તૈયાર કરી રહ્યાં છે.
- ચીનના સિચુઆન રાજ્યના સુઈનિંગ શહેરમાં ટાઇટેનિકની રેપ્લિકા બની રહી છે.
- ૨૦૧૫ માં શરૂ થયેલો પ્રોજેક્ટ આગામી વર્ષે પૂર્ણ થવાનો આશાવાદ છે.
- તેના પર આશરે રૂા. ૧,૧૦૦ કરોડનો ખર્ચ આવશે.
- ૧૯૯૭ માં બનેલી ફિલ્મ ટાઇટેનિક જોઇ તેને બનાવવાની પ્રેરણા મેળવી હતી.
- ૧૯૧૨ માં આઇસબર્ગ સાથે અથડાયા બાદ ટાઇટેનિક જહાજ ડૂબી ગયુ હતું. જેમાં આશરે ૧૫૦૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા.
- જેની ૮૮૩ ફૂટ લંબાઇ અને ૯૨ ફૂટ પહોળાઇ હતી. તેને બનાવવામાં ૧૫ લાખ પાઉન્ડનો (રૂા. ૩૨૦ કરોડ) ખર્ચ થયો હતો.)

પ્રશ્નો :

૧ વિશ્વ ટપાલ દિવસ ક્યારે ઉજવાય છે. ?
– ૯ ઓક્ટોબર
૨ વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૧૦ ઓક્ટોબર
૩ કયાં મંત્રાલય દ્વારા અલી વોર્નિંગ સિસ્ટમ તૈયાર કરવામાં આવશે ?
– માહિતી અને ટેકનોલોજી મંત્રાલય
૪ સર્વ શ્રેષ્ઠ મહિલા ફૂટબોલરનું નામ જણાવો ?
– ફોરવર્ડ માતા
૫ બેલોન ડિ ઓર એવોર્ડ માટે સૌથી વધુ કયાં દેશની મહિલા નોમિનેટ થઇ ?
– ફ્રાન્સ

## 11.October 2018

**(૧) આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ**

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૧૧ ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ મનાવવામાં આવે છે.
- યુ.એન. દ્વારા આ ઉજવણીની શરૂઆત વર્ષ ૨૦૧૨ થી કરવામાં આવી હતી.

**(૨) તુષાર મહેતા નવા સોલિસિટર જનરલ :**

- તુષાર મહેતાની નિમણૂક સોલિસિટર જનરલ તરીકે થઇ.
- તેઓ એડિશનલ સોલિસિટર જનરલ તરીકે ફરજ બજાવતા હતા.
- કેબિનેટની નિમણૂંક સમિતિએ તુષાર મહેતાની આ પદ માટે નિયુક્તિ કરી છે તેઓ ૩૦ જૂન ૨૦૨૦ સુધી પદ સંભાળશે.
- ગયા વર્ષે ડિસેમ્બરમાં રણજીતકુમારના રાજીનામા બાદ આ પદ ખાલી હતું.

**(૩) US માં માઇકલની દહેશત :**

- અમેરિકામાં ફલોરિડાની ખાડી તરફ આગળ વધી રહેલા તોફાન માઇકલની શ્રેણી ૪ એટલે કે અત્યંત ખતરનાક કરવામાં આવી છે.
- આ વાવાઝોડું પ્રતિ કલાક ૨૧૦ કિ.મી.ની ઝડપે આગળ વધી રહ્યું છે.
- આ વાવાઝોડાના કારણે સમુદ્રમાં ૧૩ ફૂટ ઊંચા મોજા ઉછળી રહ્યા છે.
- ૧૮૫૧માં એટલે કે ૧૬૭ વર્ષ પહેલાં આવું તોફાન આવ્યું હતું.
- ત્યારે પણ પવનની ઝડપ લગભગ ૨૧૦ કિમી હતી.
- રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ફલોરિડામાં કટોકટીની જાહેરાત કરી છે.

**(૪) બ્રિટનનો ૧૭ વર્ષ બાદ સૌથી મોટો યુદ્ધાભ્યાસ :**

- બ્રિટનનો ૧૭ વર્ષ બાદ સૌથી મોટો યુદ્ધાભ્યાસ સેફ સરિયા – ૩ શરૂ કર્યો છે.
- સેફ સરિયાનો મતલબ તે જ ધારવાળી તલવાર છે. આ ડ્રિલ ઓમાનના રણમાં ઓમાની સેના સાથે સંયુક્તરૂપે થઇ રહી છે.
- આ યુદ્ધાભ્યાસમાં બ્રિટનના ૫૫૦૦ સૈનિકો ૨૦૦ થી વધુ બખ્તરિયાં વાહનો સાથે ઉતર્યા છે.
- ડ્રિલમાં તેના ૬ વોરશિપ, ૮ તોફાન યુદ્ધ વિમાન સામેલ છે.
- તેનો ઉદ્દેશ્ય રશિયાના ગોરિલ્લા યુદ્ધના પડકારને ઝીલવાનો અને પોતાના સૈનિકોને અમેરિકા જેવી રણનીતિમાં ઢાળવાનો છે.
- ઓમાન તરફથી આ અભ્યાસમાં સુલતાન આર્મ્ડ ફોર્સિસના ૬૦૦૦ સૈનિકો ભાગ લઇ રહ્યા છે.
- આ ઓમાનના ઇતિહાસનો સૌથી મોટો જમીની યુદ્ધાભ્યાસ છે.

**(૫) ગોલ્ફર બ્રુક્સે ટુર પ્લેયર ઓફ ધ યરનો ખિતાબ જીત્યો :**

- અમેરીકાના ગોલ્ફર બ્રુક્સ કોએપકાનું આ વર્ષે પીજીએ ટુર પ્લેયર એવોર્ડ માટે પસંદગી પામી છે.
- ૨૮ વર્ષનો કોએપકા એક વોટથી જીતી ગયો હતો.
- કોએપકાએ ઇંગ્લેન્ડના જસ્ટિન રોસ, બ્રિટિશ ઓપન ચેમ્પિયન ઇટલીના ફ્રાન્સેસ્કો મોલિ નારી, અમેરિકાના ડસ્ટિન જોનસન, બ્રાસેસન ડીચેમ્બ્યુ અને જસ્ટિન થોમસને હરાવીને આ એવોર્ડ જીત્યો હતો.
- કોએપકાએ આ વર્ષે યુએસ ઓપન અને પીજીએ ચેમ્પિયનશીપ જીતી હતી.
- કોએપકા ૩૦ વર્ષ પછી સતત બે વાર યુએસ ઓપન જીતનાર પહેલો ખેલાડી બન્યો હતો.
- તે એક સિઝનમાં યુએસ ઓપન અને પીજીએ ચેમ્પિયનશીપ એમ બંને ટાઇટલ જીતનાર વિશ્વનો પાંચમો ગોલ્ફર છે.

**(૬) વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટ : ભારત ૮૧ મા ક્રમે :**

- ઇન્ટરનેશનલ સર્વે કંપની હેનલી એન્ડ પાર્ટનર્સે દ્વારા દુનિયાભરના પાસપોર્ટના રેન્કિંગ જાહેર કરવામાં આવ્યા.
- તેમાં જાપાનના પાસપોર્ટને વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ ગણાવાયો છે.
- ભારતનો પસાપોર્ટ ૮૧ માં ક્રમે છે.
- કોઇ દેશનો પાસપોર્ટ કેટલા દેશોમાં વિઝા વિના પ્રવેશ અપાવી શકે ? તેના આધારે રેન્કિંગ જાહેર કરવામાં આવ્યા.
- જાપાનના પાસપોર્ટને આ વર્ષે જ મ્યાનમારે વિઝા વિના પ્રવેશની માન્યતા આપી છે, જે પછી જાપાનનો પાસપોર્ટ ૧૯૦ દેશમાં વિઝા –ફ્રી – એન્ટ્રી માટે માન્ય થઇ ગયો છે.
- આ સર્વેમાં સિંગાપોરના પાસપોર્ટને બીજું સ્થાન મળ્યું છે, જેનો પાસપોર્ટ ૧૮૯ દેશમાં વિઝા વિના પ્રવેશ અપાવે છે.
- જર્મની ત્રીજા ક્રમે છે. જેનો પાસપોર્ટ ૧૮૮ દેશમાં વિઝા વિના પ્રવેશ અપાવે છે.
- ભારતનો પાસપોર્ટ ૬૦ દેશમાં વિઝા ફ્રી એન્ટ્રી અપાવે છે. જોકે,
- ગત વર્ષની તુલનાએ ભારતનું રેન્કિંગ ૬ ક્રમ સુધર્યું છે, ગત વર્ષે ભારત ૮૭ માં ક્રમે હતું.

**(૭) દુનિયાની સૌથી લાંબી ફલાઇટ :**

- સિંગાપોરથી નેવાર્ક લિબર્ટી ઇન્ટરનેશનલ એરપોર્ટ માટે સૌથી લાંબી નોન સ્ટોપ ફ્લાઇટ શરૂ થઇ જશે.
- તેના માટે ચાર એન્જિનવાળું એ–૩૪૦ વિમાન ઉપયોગમાં લેવાશે.
- તે ૧૫૦૦૦ કિમીનું અંતર કાપશે. અઠવાડિયામાં ત્રણવાર ઉડાન ભરશે.
- આ સેવા સિંગાપોર એરલાઇન્સ શરૂ કરી રહી છે.
- તે ઓક્ટોબરથી બીજું વિમાન આવ્યા બાદ જ દરરોજ સેવા આપશે.

**(૮) પાકિસ્તાન : લેફ્ટનન્ટ જનરલ આસિમ મુનીર ISI ના વડા બન્યા.**

- લેફ્ટનન્ટ જનરલ આસિમ મુનીરને પાકિસ્તાનની શક્તિશાળી ગુપ્તચર એજન્સી ISIના ડિરેક્ટર જનરલ બનાવાયા છે.
- તેમણે ૧૦ ઓક્ટોબરથી પદભાર સંભાળ્યો હતો.
- જનરલ મુનીરે પૂર્વ ચીફ લેફ. જનરલ નવીદ મુખ્તારનું સ્થાન લીધું હતું. જે ૮ ઓક્ટોબરે ISI ના વડાના પદેથી નિવૃત્ત થઇ ગયા હતા.
- તેમને ચાલુ વર્ષે માર્ચમાં હિલાલા–એ– ઇમ્તિયાઝ એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૧૧ ઓક્ટોબર

૨ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કોના દ્વારા અને ક્યારથી શરૂ કરવામાં આવી ?
- ૨૦૧૨ યુ.એન. દ્વારા

૩ કેન્દ્રિય ના નવા સોલિસ્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
- તુષાર મહેતા

૪ યુ.એસ.માં માઇકલની દહેશતને લીધે ડોનાલ્ડ ટ્રમ્પે કયાં કટોકટીની જાહેરાત કરી ?
- ફ્લોરિડા

૫ બ્રિટનનો સૌથી મોટો યુદ્ધાભ્યાસનું નામ જણાવો ? : સેફ સરિયા–૩

૬ તાજેતરમાં કયા ખેલાડીને ‘ટુર પ્લેયર ઓફ ધ યર’ નો ખિતાબ મળ્યો હતો ?
- ગોલ્ફર બુકસે

૭ વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટમાં ભારતનો ક્રમ જણાવો ?
- ૮૧

૮ દેશનો પ્રથમ બાયોફ્યુલ પ્લાન્ટ કયાં રાજયમાં શરૂ થયો ?
- ઓડિશાના બરગઢ જિલ્લામાં

**12.October 2018**

**(૧) સ્વામી જ્ઞાનસ્વરૂપ આનંદ ઉર્ફે જી.ડી. અગ્રવાલનું નિધન :**

- ગંગાની સફાઇના મુદ્દે ૨૨ જૂનથી ઉપવાસ પર બેઠેલા પર્યાવરણવિદ્ પ્રો. જી.ડી. અગ્રવાલનું ૧૧ ઓક્ટોબરના રોજ નિધન થયું.
- પ્રો. અગ્રવાલ ૧૧૧ દિવસથી ઉપવાસ પર હતા અને ૯ ઓક્ટોબરથી તો તેમણે જળનો પણ ત્યાગ કર્યો હતો.
- તેમનો જન્મ ૨૦ જુલાઇ ૧૯૩૨ ના રોજ ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરના કંધાલા ગામમાં થયો હતો.
- પ્રો. અગ્રવાલે યુનિવર્સિટી ઑફ રૂરકી (હાલની IIT–રૂરકી) માંથી સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો.
- ત્યારબાદ કેલિફોર્નિયા યુનિવર્સિટીમાંથી એન્વાયર્મેન્ટલ એન્જિનિયરિંગમાં પી.એચ.ડી. પણ કર્યું હતું. તેઓ આઇઆઇટી – કાનપુરમાં પ્રોફેસર પણ રહ્યા.
- જુલાઇ ૨૦૧૧ માં તેમણે સંન્યાસ લઇને સ્વામી જ્ઞાનસ્વરૂપ આનંદ નામ ધારણ કર્યું હતું.

**(૨) વાઇબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ એન્ડ ટેક્નોલોજી સમિટનો પ્રારંભ :**

- ગાંધીનગરમાં ત્રણ દિવસ માટે વાઇબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ અપ એન્ડ ટેક્નોલોજી સમિટ – ૨૦૧૮ નો મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રારંભ કરાવ્યો હતો.
- વર્ષ ૨૦૨૧ સુધીમાં રાજ્યમાં ૨ હજાર જેટલો નવા સાહસ પ્રમોટ કરવા અને ૭ હજાર કરોડ રૂપિયાના રોકાણનો લક્ષ્યાંક રાખ્યો છે.
- રાજયની ૬૦ થી વધુ યુનિ. એક હજારથી વધુ શૈક્ષણિક સંસ્થાઓ અને લાખો વિદ્યાર્થીઓને ‘સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ’ પોલિસીનો લાભ આપવામાં આવશે.

**(૩) દેશનું પ્રથમ પોલિટિકલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ :**

- ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની અધ્યક્ષતા ૧૦ ઓક્ટોબરના રોજ મંત્રી પરિષદએ રાજ્યમાં પોલિટિકલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ ખોલવાનું નક્કી કર્યું છે.
- પોલિટિકલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ ગાઝીયાબાદમાં ખુલશે જે દેશનું પ્રથમ પોલિટિકલ ઇન્સ્ટિટ્યૂટ હશે.

ઉત્તરપ્રદેશ મુખ્યમાહિતી :

- રાજધાની : લખનૌ
- મુખ્યમંત્રી : યોગી આદિત્યનાથ
- રાજ્યપાલ : રામ નાયક

**(૪) રાજ્યના ચાર શહેરોમાં રિયૂઝ વોટરના પ્રથમ પ્લાન્ટ સ્થપાશે :**



Vivekanand Academy Gandhinagar

- રાજ્ય સરકાર દ્વારા ઇન્ડસ્ટ્રીઝના ગંદા પાણીને શુદ્ધ કરવા માટે ચાલતા એસટીપી (ગંદા પાણીને શુદ્ધ કરવાનો પ્લાન્ટ) થતા શુદ્ધ પાણીને રિયુઝ કરવા માટે સરકારે ટ્રીટેડ વેસ્ટ વોટર રીયુઝની નીતી બનાવી છે.
- આ પાણીનો રિયુઝ કરવા માટે રાજ્યમાં પ્રથમવાર ચાર શહેર ગાંધીનગર, જામનગર, વડોદરા અને સુરતમાં ઉપરાંત ૧૦ નગરપાલિકા ધરાવતા શહેરોમાં રિયુઝ વોટર યોજનાનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.
- રિયુઝ વોટર ઉદ્યોગોને,વ્યાપારી એકમોને રૂા. ૧૦ થી ૧૨ પ્રતિ એક હજાર લીટર સસ્તું પડશે.
- હાલમાં ઉદ્યોગોને પ્રતિ એક હજાર લીટર રૂા. ૩૬ ના ભાવે શુદ્ધ પાણી આપવામાં આવે છે. ટ્રીટેડ વોટર પ્રતિ એક હજાર લીટર રૂા. ૨૦ થી ૨૫ ના ભાવે અપાશે.

**(૫) ઓડિશા દેશમાં દેશનો પ્રથમ બાયોફ્યુઅલ પ્લાન્ટ :**

- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) ૨૦૨૦ સુધી ઓડિશાના બરગઢ જિલ્લાના બૌલસિંહ ગામમાં ઇથેનોલ બાયો– રિફાઇનરીની શરૂઆત થશે.
- આ પ્લાન્ટમાં ૧૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ હશે. જે દેશનો પહેલો બાયોફ્યુઅલ પ્લાન્ટ છે જેમાં રાવલના રોટથી ઇથેનોલનું ઉત્પાદન થશે.
- ઇથેનોલ પેટ્રોલ સાથે મિશ્રણ કરવામાં આવશે અને બળતણ તરીકે વપરાશે.

**ઓડિશા મુખ્યમાહિતી :**

- રાજધાની – ભૂવનેશ્વર
- મુખ્યમંત્રી : નવિન પટનાયક
- રાજ્યપાલ – પ્રો. ગણેશીલાલ

પ્રશ્નો :

(૧) સ્વામી જ્ઞાનસ્વરૂપ સાંસદનું મુળનામ શું હતું ?
- જી.ડી. અગ્રવાલ

૨ વાઇબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટનો પ્રારંભ કયા થયો હતો ?
- ગાંધીનગર.

૩ દેશનું પ્રથમ પોલિટિક્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ ક્યાં ખુલશે ?
- ગાઝીયાબાદ, ઉત્તરપ્રદેશ

૪ રાજ્યના કુલ કેટલા શહેરોમાં રિયુઝ વોટરના પ્લાન્ટ સ્થપાશે ?
- ચાર

## 13.October 2018

**(૧) વિશ્વનો સૌથી મોટો QR કોડ :**

- ચીનના હેઇલોંગજિ યાંગ પ્રાંતમાં વિશ્વનો સૌથી મોટો QR કોડ બનાવાયો છે.
- તેની લંબાઇ અને પહોળાઇ બંને ૩૦ – ૩૦ મીટર છે.
- તે બનાવવામાં ૫ હજાર કિલો સફેદ અને ૫ હજાર કિલો કાળા એમ કુલ ૧૦ હજાર કિલો ચોખા વપરાયા છે.
- એક એગ્રીકલ્ચર ગ્રુપ દ્વારા ધાનની ખેતીને પ્રોત્સાહન માટે આ QR કોડ બનાવાયો.
- હર્બિન શહેરમાં બનેલા આ ક્યુ આર કોડને ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સ માં સ્થાન મળ્યું છે.

**(૨) ૨૧ વર્ષ બાદ ભારત – ચીન વચ્ચે ફુટબોલ મેચ :**

- ભારતીય ફુટબોલ ટીમ ચીન સામે ફ્રેન્ડસી મેચ રમશે.
- બંને ટીમો વચ્ચે ૨૧ વર્ષ બાદ મેચ રમાવા જઇ રહી છે.
- આ પહેલા છેલ્લે વર્ષ ૧૯૯૭ માં ભારત અને ચીન વચ્ચે નહેરૂ કપમાં મેચ રમાઇ હતી.
- તે મેચમાં એકપણ ગોલ વગર ડ્રો રહી હતી.
- હાલ ચીન ફુટબોલ ટીમની વર્લ્ડ રેન્કિંગ ૭૩ છે અને ભારતની ૯૭ છે.

**(૩) હરિયાણામાં સ્થપાશે દેશનું સૌથી ઊંચું ૩૦ ફૂટનું અશોકચક્ર :**

- દેશનું સૌથી મોટું અશોકચક્ર હરિયાણાના યમુનાનગરના ટોપરા કલાંમાં બનીને તૈયાર થઇ ગયું છે.
- ૩૦ ફૂટ ઊંચું આ ચક્ર ૭ ફૂટ ઊંચા પ્લેટફોર્મ પર છે.
- તે માટે ખાસ હાઇડ્રોલીક ક્રેન મંગવાઇ છે. આ મહિને જ ચક્રનું લોકાર્પણ થવાનું છે.
- સૌથી મોટું અશોક ચક્ર ૬૦૦૦ કિલો લોખંડથી એક વર્ષમાં બન્યું તેના નિર્માણમાં ૪૫ લાખ રૂા. ખર્ચ આવ્યો.
- ગોલ્ડન કલરથી પેઇન્ટ કરીને લેમિનેટ કરાયું છે.

**(૪) ગુજરાતની ત્રણ દીવાદાંડીને પ્રવાસન હેતુથી વિકસાવવામાં આવશે :**

- પ્રવાસન ઉદ્યોગને વેગ મળે તેમજ તેના દ્વારા સ્થાનિક રોજગારીમાં વધારો થાય તે માટે ભારત સરકાર દ્વારા ગુજરાતમાં આવેલી જુદી જુદી દીવાદાંડીઓ માટે વિકાસ કરવામાં આવશે.
- જેમાં દ્વારકા, વેરાવળ અને ગોપનાથ ખાતેની દીવાદાંડીનો વિકાસ કરવામાં આવશે.
- ભારત સરકાર દ્વારા અલંગ શીપ રિસાયક્લિંગ યાર્ડના વિકાસ માટે ફેરસ ફંડ પણ ફાળવવામાં આવ્યું છે.

**(૫) કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાની કચ્છ મુલાકાતે :**

- કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાની કચ્છની મુલાકાતે આવ્યા હતા.
- કેન્દ્રીય કાપડ મંત્રી સ્મૃતિ ઇરાનીએ કચ્છના નખત્રાણા તાલુકાનું નિરોણા ગામ દત્તક લીધું છે.
- સ્મૃતિ ઇરાનીએ પ્રથમ વખત દત્તક લીધેલા ગામની મુલાકાત લીધી હતી.
- આ દરમિયાન તેમણે અહીં એક કરોડ રૂપિયાના વિવિધ કાર્યોનું ખાતમુર્હૂત કર્યું હતું.
- નિરોણા ગામ હસ્તકળા માટે સમગ્ર વિશ્વમાં જાણીતું છે ત્યારે સ્મૃતિ ઇરાનીએ નિરોણા અને કુરન ગામમાં સ્માર્ટ ક્લાસની પણ જાહેરાત કરી હતી.

**(૬) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના સ્થાપના દિવસના રજત જયંતિ ૨૫ વર્ષ સમારોહ :**

- દિલ્હી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના સ્થાપના દિવસના રજત જયંતિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રજત જયંતિ સમારોહમાં ભાગ લીધો હતો.
- જેમાં ગૃહમંત્રી રાજનાથસિંહ, માનવ અધિકાર આયોગના અધ્યક્ષ એચ.એલ. દત્તુ સહિત અનેક રાજકીય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.
- આ અવસરે પ્રધાનમંત્રીએ એક ટપાલ ટિકિટ અને એક વિશેષ કવર પણ બહાર પાડ્યું હતું તેમજ NHRC ના નવા સંસ્કરણની વેબસાઇટનું પણ લોચિંગ કર્યું હતું.
- આ કમિશનની સ્થાપના ૧૨ ઓક્ટોબર ૧૯૯૩ના રોજ હ્યુમન રાઇટ્સ પ્રોટેક્શન (પી.એચ. આર.) એક્ટ, ૧૯૯૩ હેઠળ કરવામાં આવી હતી.

**(૭) ઇલેક્ટ્રોનિક ડીઝાઇન – ૨૦૧૮**

- સરકારે રાષ્ટ્રીય ઇલેક્ટ્રોનિક નીતિઓ ડ્રાફ્ટ રજુ કર્યો :
- તેનું લક્ષ્ય ૨૦૧૮ સુધી ઘરેલું ઇલેક્ટ્રોનિક વિનિર્માણમાં ૪૦૦ અરબ ડોલરના વ્યાપાર સાથે આગળ વધવાનું છે.
- નીતિનું લક્ષ્ય ઉભરતા પ્રૌદ્યોગિકી ક્ષેત્રમાં 5G, 6G ઇન્ટરનેટ, કુત્રિમ બુદ્ધિ અને નવી મશીન શીખવા તથા અન્ય સ્ટાર્ટઅપને તેજી આપવાનું છે.
- આ સિવાય ૨૦૦ થી વધારે ઇલેક્ટ્રોનિક નિર્માણ કલસ્ટરની સ્થાપનાનો પ્રસ્તાવ છે.
- નીતિનો એક અન્ય મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય ક્ષેત્રમાં ૨૦૨૦ સુધી પ્રતિવર્ષ ૨૫૦૦ વિદ્યાર્થીઓ પી.એચ.ડી. કરવા માટે માનવ સંસાધનનું નિર્માણ કરશે.

પ્રશ્નો :

૧ વિશ્વનો સૌથી મોટો ક્યુઆર કોડ કયા દેશમાં બનાવાયો છે ?
– ચીન
૨ નહેરૂ કપ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
– ફુટબોલ
૩ દેશનું સૌથી ઉંચુ અશોકચક્ર ક્યાં સ્થપાયું ?
– હરિયાણાના યમુનાનગરમાં
૪ કેન્દ્રિય કાપડમંત્રી જણાવો ?
– સ્મૃતિ ઇરાની
૫ ચોથી ઔદ્યોગિક ક્રાંતિ સેન્ટરનું ઉદ્‌ઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
– શ્રી નરેન્દ્રભાઇ મોદી
૬ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના સ્થાપના દિવસના રજત જયંતિ સમારોહનું આયોજન ક્યાં થયું હતું ?
– દિલ્હી

## 14.October 2018

**(૧) આજના દિવસે માર્ટિન લ્યુથરને નોબેલ શાંતિ પુરસ્કાર :**

- સમાન નાગરિક અધિકારો માટે લડત ચલાવનાર માર્ટિન લ્યુથર કિંગ જુનિયરને નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો હતો.
- ૧૪ ઓક્ટોબર ૧૯૬૪ના રોજ ડોક્ટર માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરને ફક્ત ૩૫ વર્ષની ઉંમરે અમેરિકી સમાજમાં રંગભેદ સામે અહિંસક આંદોલન ચલાવવા માટે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.
- અમેરિકાના જ્યોર્જિયો પ્રાંતમાં જન્મેલા કિંગ નોબેલ શાંતિ પુરસ્કાર મેળવનાર સૌથી નાની ઉંમરની વ્યક્તિ બન્યા હતા.
- માર્ટિન લ્યુથર કિંગ જુનિયરનો જન્મ ૧૯૨૯ માં જ્યોર્જિયાની રાજધાની એટલાન્ટમાં થયો હતો.
- ૧૯૬૩માં વોશિંગ્ટનમાં તેમણે એક બહુ મોટી રેલીનું નેતૃત્વ કરેલું. આ એ જ રેલી હતી જ્યાં તેમણે આપેલા ભાષણના કેટલાંક અંશ ઇતિહાસમાં હંમેશ માટે અંકિત થઇ ગયા.

**(૨) સુરબહારવાદક અન્નપૂર્ણા દેવી :**

- પ્રખ્યાત સુરબહારવાદક અન્નપૂર્ણા દેવીનું ૧૪ ઓક્ટોબરના રોજ નિધન થયું.
- તેમનો જન્મ મધ્યપ્રદેશના મેહરમાં ૧૯૨૭ માં થયો હતો.
- ૧૯૭૭ માં તેમને પદ્મભૂષણ મળી ચૂક્યો છે.

**(૩) માનવ અધિકાર કાઉન્સિલમાં ભારતનો વિજય :**

- સંયુક્ત રાષ્ટ્રમાં માનવ અધિકાર કાઉન્સિલમાં ભારત ચૂંટાયું.
- ભારતની આ કાઉન્સિલમાં ત્રણ વર્ષ માટે પસંદગી થઇ.

Vivekanand Academy Gandhinagar

- ૧૯ સભ્યો વાળી સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીમાં માનવ અધિકાર કાઉન્સિલમાં ૧૮ નવા સભ્યોને બહુમત સાથે પસંદ કરવામાં આવ્યા હતા જેમાં ભારતને સૌથી વધુ મત મળ્યા હતા.
- આ કાઉન્સીલમાં ભારતે એશિયા પેસેફિક કેટેગરીમાં ભારતને ૧૮૮ મત મળ્યા હતા.
- આ પહેલા ૨૦૧૧ અને ૨૦૧૪ માં પણ ભારતની માનવ અધિકાર કાઉન્સિલમાં પસંદગી થઇ હતી.

**(૪) યુએનમાં વિજ્યાલક્ષ્મી પંડિતની તસવીર મુકાશે :**

- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનાં અધ્યક્ષ માર્યા ફર્નાન્ડા એસ્પિનોસા તેમની ઓફિસમાં વિજ્યાલક્ષ્મી પંડિતની તસવીર મુકાવશે.
- વિજ્યાલક્ષ્મી પંડિત ૧૯૫૩ માં યુએનજીએના પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા હતા.
- માર્યા ફર્નાન્ડા સંયુક્ત રાષ્ટ્ર જનરલ સભા (યુએનજીએ) ના ચોથા મહિલા અધ્યક્ષ છે.
- વિજ્યાલક્ષ્મી પંડિત ભારતના પ્રથમ વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરૂના બહેન હતા.

**(૫) ગ્લોબલ હંગર ઇન્ડેક્સ :**

- આ ઇન્ડેક્સમાં વિશ્વના ૧૧૯ દેશોનો સમાવેશ કરવામાં આવેલ છે.
- આ ઇન્ડેક્સમાં ૧૧૯ દેશોમાં ભારત ૧૦૩ સ્થાને રહ્યું છે. ગયા વર્ષે ભારત ૧૦૦ માં સ્થાન પર હતું.
- ગ્લોબલ હંગર ઇન્ડેક્સની શરૂઆત વર્ષ ૨૦૦૬ માં થઇ હતી.
- આ વર્ષે તેની ૧૩ મી યાદી અહી રજુ કરવામાં આવી હતી.
- આ યાદીમાં ચીન – ૨૫ માં ક્રમે, શ્રીલંકા ૬૯માં ક્રમે, નેપાળ ૭૨ માં ક્રમે છે.
- આ યાદીમાં બેલારૂસ પ્રથમ સ્થાન પર રહેલ છે, પાકિસ્તાન આ યાદીમાં ૧૦૬માં ક્રમે રહેલ છે.

પ્રશ્નો :

૧ નોબેલ શાંતિ પુરસ્કાર મેળવનાર સૌથી નાની ઉંમરની વ્યક્તિ જણાવો ?
- માર્ટિન લ્યુથર

૨ જ્યોર્જિયાની રાજધાનીનું નામ જણાવો ?
- એટલાન્ટા

૩ માનવ અધિકાર કાઉન્સિલમાં ભારતની કેટલા વર્ષ માટે પસંદગી થઇ ?
- ત્રણ વર્ષ

૪ UNGA ના પ્રથમ મહિલા અધ્યક્ષ જણાવો ?
- વિજ્યાલક્ષ્મી પંડિત

૫ ગ્લોબલ હંગર ઇન્ડેક્સમાં ૧૧૯ દેશોમાં ભારત કેટલામાં સ્થાને રહ્યું ?
- ૧૦૩

૬ ગ્લોબલ હંગર ઇન્ડેક્સની શરૂઆત કયા વર્ષેથી થઇ હતી ?
- ૨૦૦૬

## 15.October 2018

**(૧) ડૉ. અબ્દુલ કલામ – જન્મજયંતિ :**

- ભારતના ૧૧ માં રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામનો આજે જન્મ દિવસ.
- તેમનો જન્મ ૧૫ ઓક્ટોબર ૧૯૩૧ના રોજ તમિલનાડુના રામેશ્વરમ ધનુષકોંડી ખાતે થયો હતો.
- પુરૂનામ : આવુલ પાકિર જૈનુલાબ્દિન અબ્દુલ કલામ
- તેમના જન્મદિવસને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૧૫ માં વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઘોષિત કરવામાં આવ્યો હતો.
- તેઓ 'પીપલ્સ પ્રેસિડેન્ટ' તરીકે ઓળખાય છે.
- વર્ષ ૧૯૯૭ માં તેમને ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ શિલોંગ ખાતે ૮૩ વર્ષની વયે ૨૭ જુલાઇ ૨૦૧૫ના રોજ મૃત્યુ પામ્યા હતા.

**(૨) મહિલા કિશાન દિવસ :**

- રાષ્ટ્રીય મહિલા કિશન દિવસ ૧૫ ઓક્ટોબર
- વર્ષ ૨૦૧૬ થી કૃષિ ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધારવામાં માટે કૃષિ મંત્રાલય દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**(૩) વિન્ડીઝ સામે ભારતનો ૨–૦ થી વિજય :**

- ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચેની રમાયેલી બે ટેસ્ટ મેચની શ્રેણી ભારતે જીતી લીધી છે.
- ૨–૦થી જીત મેળવી ભારતે વ્હાઇટ વોક કર્યો છે.
- ઘર આંગણે ભારતનો આ સતત ૧૦મો ટેસ્ટ શ્રેણી વિજય છે. આ સાથે જ ભારતે વિશ્વવિક્રમની બરાબરી પણ કરી છે.
- વેસ્ટ ઇન્ડિઝ સામે બેટિંગ કરતા સમયે મેળવેલો આ સૌથી મોટો વિજય છે.
- પૃથ્વી શૉએ ડેબ્યુ ટેસ્ટમાં મેન ઓફ ધ મેચ અને ડેબ્યુ શ્રેણીમાં મેન ઓફ ધ સિરીઝનો એવોર્ડ જીત્યો છે.
- આ સિદ્ધિ મેળવનાર તે ચોથો ભારતીય અને વિશ્વનો ૧૦ મો ક્રિકેટર છે.

**(૩) ઓર્ગેનિક ખેતી માટે સિક્કિમને સુવર્ણ પુરસ્કાર :**

- સિક્કિમ ૧૦૦ ટકા ઓર્ગેનિક ખેતી અપનાવી હોવાથી સંયુક્ત રાષ્ટ્ર સંઘની અન્ન અને કૃષિ સંસ્થાના ભવિષ્યની નીતિ માટેના સુવર્ણ પુરસ્કાર માટે તેની પસંદગી થઇ છે.



Vivekanand Academy Gandhinagar

- કૃષિ ક્ષેત્રની પર્યાવરણ માટે સાનુકુળ નીતિ તેમજ સાતત્યપૂર્ણ અન્ન પદ્ધતિ અંગેની નીતિ માટે આ રાજ્યને પસંદ કરાયું છે.
- સિક્કિમની નીતિને કારણે ૬૬ હજાર ખેડૂતોને મદદ મળી છે.
- રાજ્યના પ્રવાસન ક્ષેત્રને વેગ મળેલ છે.
- વર્ષ ૨૦૧૬ સુધીમાં સિક્કિમ ઓર્ગેનિક રાજ્ય જાહેર કરાયું.
- આ પુરસ્કાર માટે ૨૫ દેશોએ ૫૧ નોમીનેશન મોકલ્યા હતા.

**મુખ્ય માહિતિ :**

- મુખ્યમંત્રી પવનકુમાર ચાંમલિંગ
- રાજ્યપાલ : ગંગાપ્રસાદ
- પાટનગર : ગંગટોક

**પ્રશ્નો :**

૧ અબ્દુલ કલામનો જન્મ ક્યાં થયો હતો ?
- રામેશ્વરમ્, તમિલાનડુ

૨ વિશ્વ વિદ્યાર્થી દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?
- ૧૫ ઓક્ટોબર

૩ મહિલા કિશાન દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?
- ૧૫ ઓક્ટોબર

૪ તાજેતરમાં વિન્ડીઝ સામે ટેસ્ટમાં મેન ઓફ ધ મેચ અને ડેબ્યુ શ્રેણીમાં મેન ઓફ ધ સિરીઝ એવોર્ડ જીતનાર ખેલાડી જણાવો ?
- પૃથ્વી શો

૫ ભારતના કયા રાજ્યને ઓર્ગેનિક ખેતી માટે સુવર્ણ પુરસ્કાર એનાયત થયો ?
- સિક્કિમ

## 16.October 2018

**(૧) તબલાવાદક લચ્છુ મહારાજ – જન્મદિવસ :**

- પ્રસિદ્ધ તબલાવાદક લચ્છુ મહારાજનો આજે જન્મ દિવસ છે.
- તેમનો જન્મ ૧૬ ઓક્ટોબર ૧૯૪૪ના રોજ વારાણસી ખાતે થયો હતો.
- તેમનું મૂળનામ લક્ષ્મી નારાયણસિંહ હતું.
- તેઓ બનારસ ઘરના ના સંગીતકાર હતા.
- તેઓને પદ્મશ્રી પુરસ્કાર માટે નોમિનેટ કરવામાં આવ્યા હતા પરંતુ તેઓએ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો.
- ૮ વર્ષની ઉંમરે તેમણે મુંબઈ ખાતે પોતાનું પહેલું પરર્ફોમન્સ આપ્યું હતું.

**(૨) વર્લ્ડ ફૂડ ડે**

- દર વર્ષે વિશ્વભરમાં ૧૬ ઓક્ટોબરના રોજ વર્લ્ડ ફૂડ ડે ઉજવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રની ખાદ્ય અને કૃષિ સંસ્થાના સ્થાપના દિવસ નિમિત્તે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી વર્ષ ૧૯૮૧ થી કરવામાં આવે છે.
- ૨૦૧૮ થીમ : our actions are our future

**(૩) અલાહાબાદનું નામ હવે પ્રયાગરાજ :**

- ઉત્તરપ્રદેશ રાજ્યના અલાહાબાદ શહેરનું નામ બદલીને પ્રયાગરાજ કરવામાં આવ્યું.
- ઉત્તરપ્રદેશ રાજ્યની કેબિનેટ આ ઐતિહાસિક નિર્ણયને મંજૂરી આપી.
- ૫૦૦ વર્ષ પહેલા આ સ્થળનું નામ પ્રયાગરાજ હતું જે ત્રિવેણી સંગમ ખાતે વસેલું હતું.
- નામ બદલાવવાની પ્રક્રિયા ૨૦૧૯ કુંભમેળા પહેલા પૂર્ણ કરી લેવાશે.
- હિંદુઓ માટે અલ્હાબાદ ઘણી બધી રીતે પવિત્ર છે. ગંગા, યમુના અને સરસ્વતી ત્રણ નદીઓનું અહીં મિલન થાય છે.
- અલાહાબાદમાં દર ૧૨ વર્ષે કુંભમેળો ભરાય છે.

**ઉત્તરપ્રદેશ મુખ્યમાહિતી :**

- રાજધાની : લખનૌ
- મુખ્ય પ્રધાન : યોગી આદિત્યનાથ
- ગવર્નર : રામ નાયક

**(૪) ICC રેન્કિંગ : કોહલી ટોચના સ્થાને :**

- તાજેતરમાં ICC દ્વારા જાહેર કરવામાં આવેલ રેંકિંગ મુજબ વિરાટ કોહલી નંબર ૧ ટેસ્ટ બેટ્સમેન તરીકે યથાવત રહ્યો છે.
- વેસ્ટ ઇન્ડિઝ સીરિઝથી પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યુ કરનાર પૃથ્વી શો ૬૦માં સ્થાને રહ્યો.
- યુવા વિકેટ કીપર બેટ્સમેન રિષભપંત ૬૨માં સ્થાને રહ્યો.
- ભારતીય ટેસ્ટ ટિમ આ રેકિંગમાં પ્રથમ સ્થાને રહી. જ્યારે વન–ડે અને ટી–૨૦ માં બીજા સ્થાન પર રહી.

**(૫) આલિયા ભટ્ટ – નોકીયા ઇન્ડિયા બ્રાન્ડ એમ્બેસેડર :**

- નોકિયા દ્વારા બૉલીવુડ અભિનેત્રી આલિયા ભટ્ટને પોતાની બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી.
- બૉલીવુડ અભિનેત્રી આલિયા ભટ્ટે કરણ જોહર નિર્મિત સ્ટુડન્ટ ઓફ ધ યર ફિલ્મથી બૉલીવુડમાં પોતાની કારકિર્દી શરૂ કરી હતી.

**(૬) દેશની પ્રથમ હરતી ફરતી એસી રેસ્ટોરન્ટ :**

- કોલકાતામાં ઇલેક્ટ્રિક ટ્રામકારમાં દેશની પ્રથમ હરતી– ફરતી ફુલ્લી એસી રેસ્ટોરન્ટ શરૂ થઇ.

Vivekanand Academy Gandhinagar

- તેને વિક્ટોરિયા રેસ્ટોરાં નામ આપવામાં આવ્યું છે.
- તેમાં ૨૭ લોકોને બેસવાની વ્યવસ્થા છે. તેને બનાવવામાં ૯૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે.
- આ રેસ્ટોરન્ટ ટ્રામ શહીદ મિનારથી ખિદિરપુર સુધી ચાલશે.
- દેશમાં સૌથી જૂની ટ્રામ હવે માત્ર કોલકાતામાં જ છે. હેરિટેજ ટ્રેનને બચાવવા માટે ટ્રામને રેસ્ટોરન્ટનું રૂપ અપાયું છે.

**(૭) માસઇક્રોસોફ્ટના સહસ્થાપક : પોલ એલનનું નિધન**

- માઇક્રોસોફ્ટના સહસંસ્થાપક રહી ચુકેલા પોલ એલનનું કેન્સરની બીમારીને પગલે નિધન થયું છે.
- તેમણે બિલ ગેટ્સ સાથે મળીને માઇક્રોસોફ્ટની સ્થાપના કરી હતી.

**માઇક્રોસોફ્ટ મુખ્યમાહિતી**

- સ્થાપક : બિલ ગેટ્સ, પૌલ એલન
- સીઇઓ : સત્ય નડેલા

**પ્રશ્નો :**

૧ લચ્છુ મહારાજ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?
- તબલાવાદક

૨ વર્લ્ડ ફૂડ ડે ક્યારે મનાવવામાં આવે છે ?
- ૧૬ ઓક્ટોબર

૩ ઉત્તરપ્રદેશ રાજ્યનું અલાહાબાદ શહેરનું નામ બદલીને કયું રાખવામાં આવ્યું છે ?
- પ્રયાગરાજ

૪ નોકિયા ઇન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર જણાવો ?
- આલિયા ભટ્ટ

૫ દેશની પ્રથમ હસ્તી કુશ્તી એસી રેસ્ટોરન્ટ કયાં શરૂ થઇ ?
- કોલકાતા

## 17.October 2018

**(૧) ભારત ૯૫૦ વન-ડે મેચ રમનાર પહેલો દેશ બનશે :**

- ભારત – વિન્ડિઝ ૫ મેચોની વન-ડે સીરિઝ પહેલી મેચ ગુવાહાટીમાં રમાશે.
- સીરિઝની બીજી મેચમાં ભારતીય ટીમ ૯૫૦ વન-ડે મેચ રમવાનો નવો રેકોર્ડ બનાવશે.
- ભારતને બાદ કરતા ઓસ્ટ્રેલિયાની ટીમે અત્યાર સુધી ૯૧૬ વન-ડે રમી ચુક્યું છે.
- ભારતે કુલ ૧૯ દેશો સામે ૯૪૮ વન-ડે મેચ રમી છે. ભારતે સૌથી વધુ શ્રીલંકા સામે ૧૫૮ વન-ડે રમી છે.
- ટીમ ઇન્ડિયાએ ૯૪૮ મેચમાં કુલ ૪૮૯ મેચમાં જીત મેળવી છે. જ્યારે ૪૧૧ મેચમાં હારી ગઇ છે.

**(૨) પીયૂષ ગોયલને અમેરિકી યુનિવર્સિટીનો ટોચનો એવોર્ડ :**

- કેન્દ્રીય રેલવે અને કોલસા મંત્રી પીયૂષ ગોયલને યુનિવર્સિટી ઓફ ધ પેન્સિલ વેનિયાનો ટોપ એનર્જી પોલિસી એવોર્ડ મળશે.
- તેમને દેશના પાવર સેક્ટરમાં કરાયેલા સુધારા, ૧૮ હજાર ગામ સુધી વીજળી પહોંચાડવા અને અક્ષય ઉર્જાના પ્રસાર બદલ ૧૯ ઓક્ટોબરે વાર્ષિક કરનૉટ પ્રાઇઝ સેરેમનીમાં આ સન્માનથી નવાજાશે.

**(૩) એકતા યાત્રા :**

- રાજ્ય સરકાર દ્વારા ૩૧ ઓક્ટોબરના રોજ થનાર સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ પ્રસંગના ભાગ રૂપે રાજ્યભરમાં એકતાયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો.
- એકતા યાત્રા બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કો ૧૯ ઓક્ટોબર થી ૨૯ ઓક્ટોબર અને બીજો તબક્કો ૧૨ નવેમ્બર થી ૨૧ નવેમ્બર ૨૦૧૮ સુધી યોજાશે.
- રાજ્યના ચાર પ્રાદેશિક મથકો ખાતેથી ૧૯ ઓક્ટોબરના રોજથી પ્રથમ તબક્કાની એકતા યાત્રાનો પ્રારંભ થશે.
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી ૧૯ ઓક્ટોબરના રોજ બારડોલી ખાતેથી એકતા યાત્રાનું પ્રસ્થાન કરાવશે.
- નાયબ મુખ્યમંત્રી નિતિનભાઇ પટેલ કરમસદ થી આ યાત્રાનો પ્રારંભ કરાવશે.
- એકતા યાત્રા બંને તબક્કામાં રાજ્યના ૧૦,૦૦૦ ગામડાઓને આવરી લેશે.
- રાજ્યભરમાં પરિભ્રમણ કરી ૬૦ થી વધુ એકતા રથ રાજ્યના લોકોને સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર પટેલના જીવનનો સંદેશો આપશે.

**(૪) અમેરીકન બાસ્કેટબોલ લીગની ૭૩ સીઝનનો પ્રારંભ :**

- અમેરીકન બાસ્કેટબોલ લીગની ૭૩મી સિઝનનો પ્રારંભ થયો. જેમાં ૩૦ ટીમો ભાગ લઇ રહી છે.
- આવતા વર્ષે ૮ જૂન ૨૦૧૯ના રોજ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન મળશે.
- એનબીએ વિશ્વની ત્રીજી સૌથી મોટી રેવન્યુ મેળવનાર લીગ છે. તેની વાર્ષિક ૫૦ હજાર, ૫૦૦ કરોડની રેવન્યુ આંકવામાં આવી છે.
- લીગની ૭૩ મી સીઝનની પહેલી મેચ સૌથી વધુ ૧૭ વખત ચેમ્પિયન બોસ્ટન સેલ્ટિક્સ અને ફિલાડેલ્ફિયા ૭ સિક્સર્સ વચ્ચે થશે.
- આ લીગની શરૂઆત વર્ષ ૧૯૪૬ માં થઇ હતી.
- પહેલી સીઝનમાં ૧૧ ટીમોએ ભાગ લીધો હતો. અત્યારે ૩૦ ટીમો ભાગ લઇ રહી છે.
- જેમાં ૨૯ ટીમો અમેરીકાની છે અને એક ટીમ કેનેડાની છે.

Vivekanand Academy Gandhinagar

- ગત વર્ષે ૨૦૧૭ – ૧૮ સીઝનમાં ૧૨ ટીમોએ લીગ રાઉન્ડમાં ૮૨ મેચ રમી હતી.

**(૫) દુનિયાની પ્રથમ પારદર્શી, ફલેક્સીબલ, અને ફોલ્ડેબલ સ્ક્રીન :**

- એલજી દ્વારા દુનિયાની પ્રથમ ૭૭ ઇંચની પારદર્શી ફલેક્સીબલ, અને ફોલ્ડેબલ ઓએલઇડી સ્ક્રીન બનાવવામાં આવી.
- એલજી દ્વારા બનાવવામાં આવેલી આ સ્ક્રીન સોસાયટી ફોર ઇન્ફર્મેશન ડિસ્પ્લે ઇવેન્ટમાં રજૂ કરવામાં આવી હતી.
- અલ્ટ્રા યુએચડી માનાંકની આ સ્ક્રીનમાં 3840x2160 રિઝોલ્યુશન છે. જે ૮૦ મીમી વ્યાસમાં રોલ થઈ ફોલ્ડ થાય છે.

પ્રશ્નો :

૧ ક્રિકેટમાં ૯૫૦ વન ડે કોચ રમનાર પ્રથમ દેશ જણાવો ?

- ભારત

૨ એકતાયાત્રામાં પ્રથમ તબક્કામાં યાત્રાનું પ્રસ્થાન કોના દ્વારા કરવામાં આવશે ? અને કયા સ્થળેથી ?

- શ્રી વિજયભાઇ રૂપાણી, બારડોલી

૩ તાજેતરમાં અમરેકીન બાસ્કેટબોલ લીગની કેટલામી સિઝનનો પ્રારંભ થયો ?

- ૭૩ મી

૪ નિતીનભાઇ પટેલ કયા સ્થળેથી એકતા યાત્રાનો પ્રારંભ કરાવશે ?

- કરમસદ

## 18.October 2018

**(૧) આયર્લેન્ડની એના બર્ન્સને ૨૦૧૮નું મેન બુકર પ્રાઇઝ :**

- ઉત્તર આયર્લેન્ડની લેખીકા એના બર્ન્સને તેના પુસ્તક મિલ્ક મેન માટે ૨૦૧૮નું મેન બુકર પ્રાઇઝ મળ્યું છે.
- મીલ્ક મેન એવી કથા છે કે જેમાં મહિલાને એક પરિણીત પુરૂષ સાથે સંબંધ હોય છે.
- પુરૂષ યૌનશોષણ માટે સંબંધો, સામાજિક દબાણ અને રાજકીય નિષ્ઠા જેવા હથિયારોનો ઉપયોગ કરી રહ્યો હોય છે.

**(૨) નેપાળમાં ૨૫૦ વર્ષ વંશનો મુગટ સંગ્રહાલયમાં મુકાયો :**

- નેપાળમાં રાજાશાહી સમાપ્ત થયાના ૧૦ વર્ષ બાદ સરકારે રાજમુગટ, રાજદંડ અને રાજ– તલવારને જાહેરમાં મૂક્યા હતા.
- કાઠમંડુના નારાયણ હીતી પેલેસ મ્યુઝિમમાં એક ખાસ સમારંભ દરમિયાન, નેપાળના વડાપ્રધાન કે.પી.શર્મા ઓલીએ શાહી તાજનું અનાવરણ કર્યું.
- આ શાહી તાજ સદીઓથી રાજાઓ દ્વારા ઉપયોગ કરવામાં આવતો રાજાશાહીનો સૌથી મહત્વપૂર્ણ પ્રતીક છે.
- આ રાજમુગટમાં ૭૦૦ હીરા, ૨૦૦૦ થી વધારે મોતી, રૂબી લાગેલા છે.

**(૩) શિમલાના ટ્રેક પર ૧૧૩ વર્ષ જૂનું કોલસા એન્જિન દોડ્યું :**

- કાલકા– શિમલા ટ્રેક પર ૧૧૩ વર્ષ જૂનું કોલસા એન્જિન દોડ્યું હતું.
- શિમલાના કૈથલી ઘાટ સુધી ૨૨ કિલોમીટરનું અંતર આ એન્જિને કાપ્યું હતું.
- હેરિટેજ એન્જિન કેસી– ૫૨૦ ને ૧૯૦૬ થી સેવા પર હતું.
- ૪૧ ટન વજનના આ એન્જિનની ક્ષમતા ૮૦ ટન વજન ખેંચવાની છે.
- ૨૦૦૮ માં યુનેસ્કોએ આ રેલ માર્ગને હેરિટેજ જાહેર કર્યો હતો.

**(૪) નેવી દ્વારા DSRV નું સફળ પરીક્ષણ :**

- નેવીએ ઊંડા પાણીમાં ઉતરીને બચાવ કામગીરી કરતા વાહન ડીએસઆરવીનું સફળ પરીક્ષણ કર્યું છે.
- પશ્ચિમી નેવી કમાનના સૂત્રો મુજબ ડીએસઆરવીમાં ત્રણ ક્રુ મેમ્બર હશે.
- ડીએસઆરવી સંકટમાં ફસાયેલી સબમરીનમાં સવાર ૧૪ લોકોને એકવારમાં બચાવી શકશે.
- ટેસ્ટ દરમિયાન ડીએસઆરવીએ ૩૦૦ ફૂટ ઊંડા પાણીમાં સબમરીનથી સંપર્ક સાંધ્યો હતો.
- સબમરીનના કર્મચારીઓને સફળતાથી ડીએસઆરવીમાં શિફ્ટ કરાયા હતા.
- ડીએસઆરવીએ ૬૬૬ મીટરની ઊંડાઇ સુધી ડબકી પણ મારી હતી.
- આ ભારતીય સમુદ્રી સરહદમાં કોઇપણ માનવ સંચાલિત વાહનનો સૌથી ઊંડાઇએ જવાનો રેકોર્ડ છે.

**(૫) હિમાલય પ્રદેશનું કેલાંગ સુરંગની અંદર દેશનું પ્રથમ રેલવે સ્ટેશન :**

- દેશમાં પહેલીવાર સુરંગની અંદર રેલવે સ્ટેશન બનશે.
- આ રેલવે સ્ટેશન સુરક્ષાની દ્રષ્ટિ એ મહત્વપૂર્ણ બિલાસપુર– મનાલી – લેહ રેલવે લાઇન પર હિમાલય પ્રદેશમાં ચીન સરહદે સમુદ્રથી ૩ હજાર કીમીની ઊંચાઇએ સુરંગમાં ૩૦ કિમી અંદર હશે.
- દિલ્હી અને અન્ય મેટ્રો શહેરોમાં મેટ્રો રેલવે પ્રોજેક્ટમાં અનેક સ્ટેશન સુરંગની અંદર પહેલાથી જ

છે. પણ રેલવે લાઇનમાં સુંરગની અંદર કેલાંગ દેશનું પ્રથમ રેલવે સ્ટેશન હશે.

**(૬) ગુજરાતી સાહિત્યના 'ગુજરાત દિપોત્સવી અંક–૨૦૧૮' નું વિમોચન :**

- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતે માહિતી ખાતા દ્વારા પ્રકાશિત ગુજરાતી સાહિત્યના વિક્રમ સંવત ૨૦૭૪ ના 'ગુજરાત દિપોત્સવી અંક – ૨૦૧૮' નું વિમોચન કર્યું.
- માહિતી ખાતા દ્વારા ગુજરાત દિપોત્સવી અંક પ્રતિવર્ષે સાહિત્યના વિવિધ સ્વરૂપોનું સંકલન પ્રસ્તુત કરીને ગરવી ગુજરાતની ગરીમાથી અવગત કરાવવાનું મહત્વનું કામ કરવામાં આવે છે.

પ્રશ્નો :

૧ ૨૦૧૮નું મેન બુકર પ્રાઇઝ કોને એનાયત થયું ?
- એના બર્ન્સ

૨ કયા વર્ષમાં યુનેસ્કોએ કાલકા–શિમલા હેરિટેજ ટ્રેકને હેરિટેજ જાહેર કર્યો ?
- ૨૦૦૮

૩ સુરંગની અંદર દેશનું પ્રથમ રેલવે સ્ટેશન જણાવો ?
- કેલાંગ

૪ ગુજરાત દિપોત્સવી અંક–૨૦૧૮નું વિમોચન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
- શ્રી વિજયભાઇ રૂપાણી

૫ મિલ્ક મેન પુસ્તકના લેખક જણાવો ?
- એના બર્ન્સ

## 19.October 2018

**(૧) એન ડી તિવારીનું નિધન :**

- વરિષ્ઠ નેતા નારાયણ દત્ત તિવારીનું અવસાન થયું.
- તેમનો જન્મ ૧૮ ઓક્ટોબર ૧૯૨૫ ના રોજ હાલના ઉત્તરાખંડના નૈનિતાલ જિલ્લામાં થયો હતો.
- તેઓ ઉત્તરપ્રદેશના ૩ વાર અને ઉત્તરાખંડ રાજ્ય બન્યા બાદ ત્યાંના ત્રીજા મુખ્યમંત્રી રહી ચુક્યા છે.
- તિવારી એક માત્ર એવા નેતા હતા કે જેઓ બે રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા.
- તેઓ વર્ષ ૧૯૭૬માં પ્રથમ વખત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા.
- તેઓ વર્ષ ૨૦૦૭ માં આંધ્રપ્રદેશના ૨૧ માં રાજ્યપાલ બન્યા હતા.

**(૨) ઇન્ડિયન સ્ટીલ એસોસિએશનની કોન્કલેવ ઇન્ડિયન સ્ટીલ :**

- ઇન્ડિયન સ્ટીલ એસોસિએશને સ્ટીલ મંત્રાલય સાથે મળી ભારતમાં તેની પ્રથમ ઇન્ટરનેશનલ સ્ટીલ કોન્કલેવનું આયોજન કર્યું છે.
- ૨૫ અને ૨૬ ઓક્ટોબરના ચાલનારી આ ઇવેન્ટનો હેતુ ઇન્ડસ્ટ્રી લિડર્સ અને માર્કેટ ઇન્ફ્લુઝર્સને તકો પૂરી પાડી તેના પડકારો, ભવિષ્યની યોજનાઓ અને અન્ય મહત્વના મુદ્દાઓ સાથે સ્ટીલ સેક્ટરને વેગવાન બનાવવાનો છે.
- ગત ચાર વર્ષમાં સ્ટીલ ઉત્પાદન ૨૬ ટકા વધ્યું છે.

**(૩) દેશનું પ્રથમ ક્રિપ્ટોકરન્સી એટીએમ**

- ક્રિપ્ટોકરન્સી પર પ્રતિબંધ છતાં યુનોક્વાઇને બેંગલુરૂમાં તેનું પ્રથમ એટીએમ શરૂ કર્યું છે.
- તેમાં ક્રિપ્ટોકરન્સી જમા કરી કે ઉપાડી શકાશે. તેમાં ઓછામાં ઓછું ૧૦૦૦ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કરવું પડશે.
- યુઝર આઇડી અને ઓટીપી નાંખી ક્રિપ્ટોરન્સીનું ટ્રાન્ઝેક્શન કરી શકાશે.
- ક્રિપ્ટોકરન્સી ઑનલાઇન ચલણ છે. જે પીઅર – ટૂ–પીઅર કેશ સિસ્ટમ છે.
- ક્રિપ્ટોકરન્સી ડિજિટલ વૉલેટમાં રાખી શકાય છે.
- હકીકતમાં, ક્રિપ્ટોકરન્સીના ઉપયોગ માટે, બેંક અથવા અન્ય કોઇ નાણાકીય સંસ્થા જરૂરી નથી.

**(૪) વિશ્વની ટોચની અર્થવ્યવસ્થામાં ભારત ૫૮માં સ્થાને :**

- તાજેતરમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા વિશ્વની ટોચની અર્થવ્યવસ્થાના રેન્કિંગ જાહેર કરવામાં આવ્યા.
- ૧૪૦ દેશોના આ રેન્કિંગમાં ભારત ૫૮ માં સ્થાન રહ્યું ગયતવર્ષે ભારત ૬૨માં સ્થાન પર હતું.
- આ યાદીમાં અમેરિકા પ્રથમ, સિંગાપોર બીજા, અને જર્મની ત્રીજા સ્થાને છે.
- ડબ્લ્યુ ઇએફના ગ્લોબલ કોમ્પીટેટિવ ઇન્ડેક્સના રેન્કિંગ અનુસાર જી–૨૦ દેશોમાં સૌથી વધુ સુધારો ભારતના રેન્કિંગમાં જોવા મળ્યો છે.

**(૫) આયુષ ઇન્ડિયા એક્સ્પો : ૨૦૧૮**

- રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૧૯ મી ૨૧ ઓક્ટોબર દરમિયાન આયુષ આરોગ્ય એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે.
- આયુર્વેદ યોગ, નેચરોપથી, યુનાની, સિદ્ધી અને હોમિયોપેથી (આયુષ) ચિકિત્સા પદ્ધતિના પ્રચાર પ્રસારના હેતુ થી આ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે.
- જેમાં આયુર્વેદ તથા અન્ય આયુષ ચિકિત્સા પદ્ધતિ દ્વારા રોગનું નિદાન તથા વિશિષ્ટ ફુડ કોર્ટનું આયોજન કરાયું.

**(૬) વિશ્વનું સૌથી મોટું માનવરહિત ટ્રાન્સપોર્ટ ડ્રોન :**

- ચીને વિશ્વના સૌથી મોટા માનવરહિત ટ્રાન્સપોર્ટ માટે ડ્રોનનું સફળ પરીક્ષણ કર્યું છે.
- આ ડ્રોન ૧.૫ ટન વજન ઉપાડી શકશે. ડ્રોન ૪૫૦૦ મીટર ઊંચાઇએથી ઊડશે.
- આ ટ્રાન્સપોર્ટ ડ્રોન ચીનની પરિવહન ઉડ્ડયન કંપની શિફેઇ વાઈ 5B એ બનાવ્યું છે.

**(૭) કેલિફોર્નિયાના ઝૂમાં ભારતીય હાથણી સુજાતાનું મૃત્યુ :**

- કેલિફોર્નિયાના સેન્ટ્રા બાબરા ઝૂમાં ૪૭ વર્ષની ભારતીય હાથણી સુજાતાનું મૃત્યું થયું.
- વધતી વયને કારણે સુજાતા ત્રણ વર્ષથી બીમાર હતી.
- તેની હાલત બગડવાથી ઝૂના વહીવટી તંત્રએ તેને શાંતિથી મૃત્યુ પામે તેવો પ્રયાસ કર્યો હતો.
- સુજાતા અને તેની સાથી મેકને ૧૯૭૨ માં ભારતથી કેલિફોર્નિયા લવાયા હતા.

પ્રશ્નો :

૧ તાજેતરમાં કયા નેતાનું મૃત્યુ થયું જે બે રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા ?
- નારાયણ દત્ત તિવારી

૨ એનડી તિવારી કયા કયાં રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા?
- ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ

૩ દેશનું પ્રથમ ક્રિપ્ટોકરન્સી ATM કયાં શરૂ થયું ?
- બેંગ્લુરૂ

૪ વિશ્વની ટોચની અર્થવ્યવસ્થામાં ભારત કેટલામાં સ્થાને રહ્યું ?
- ૫૮માં

૫ આયુષ ઇન્ડિયા એકસ્પો–૨૦૧૮નું આયોજન કયાં થયું હતું ?
- સાબરમતી રિવરફ્રન્ટ

૬ વિશ્વનું સૌથી મોટું માનવરહિત ટ્રાન્સપોર્ટ ડ્રોનનું સફળ પરીક્ષણ કયાં દેશે કર્યું ?
- ચીન

## 20.October 2018

**(૧) રૂપાલની પલ્લી**

- દર વર્ષે આસો સુદ– ૯ ના દિવસે ગાંધીનગર જિલ્લામાં રૂપાલ ગામે વરદાયિની માતાની પલ્લી નીકળે છે.
- ભાવિકો દ્વારા માતાજીની પલ્લી પર દર વર્ષે ઘી નો અભિષેક કરવાની પરંપરા છે.
- આ પરંપરા ૫૦૦૦ વર્ષ જૂની છે તેનો પ્રારંભ પાંડવો દ્વારા કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.
- આ વર્ષે યોજાયેલ પલ્લીમાં ભક્તો એ સાડાચાર લાખ કિલોથી વધુ શુદ્ધ ઘીનો અભિષેક કર્યો છે.

**(૨) 'રેલ સુરક્ષા એપ'**

- ટ્રેનમાં મુસાફરી કરતા પેસેન્જરોની સુવિધા માટે રેલવે 'રેલ સુરક્ષા એપ' લોન્ચ કરશે.
- આ એપની મદદથી ટ્રેનમાં સુરક્ષા સાથે જોડાયેલી કોઇપણ સમસ્યા માટે પેસેન્જર પોલીસ મથક સુધી ગયા વગર પોતાની ફરિયાદ નોંધાવી શકશે.
- ટ્રેનમાં સામાનની ચોરી, મારપીટ, ત્રાસ સહિત અન્યકોઈપણ ઘટના માટે પેસેન્જર આ એપની મદદથી ફરિયાદ કરશે.
- જેના આધારે તત્કાલ આરપીએફ સહિત અન્ય અધિકારીઓ પેસેન્જર પાસે પહોંચી તેની મદદ કરશે.
- હાલ ટ્રેનમાં પેસેન્જર સાથે થતી કોઇપણ ઘટના બાદ ટીટીઇ તેને ફોર્મ આપતા હતાં જે ભરી આગળના સ્ટેશને આરપીએફ કે જીઆરપીને આપવું પડતું હતું.
- રેલ સુરક્ષા એપ સાથે આરપીએફની હેલ્પલાઇન નંબર ૧૮૨ ને પણ સાંકળી લેવામાં આવ્યો છે.
- તેથી આ એપ પર પેસેન્જરે ફરિયાદ નોંધાવતા તે તરત જ મુંબઇ સ્થિત કંટ્રોલ રૂમમાં દેખાશે.

**(૩) વિનોદ જોષીને નરસિંહ મહેતા એવોર્ડ એનાયત :**

- આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ દ્વારા ગુજરાતીનાં પ્રતિષ્ઠીત કવિઓને નરસિંહ મહેતા એવોર્ડ દર વર્ષે એનાયત કરવામાં આવે છે.
- નરસિંહ મહેતા એવોર્ડ વર્ષ ૧૯૯૯ થી આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૮ નાં નરસિંહ મહેતા એવોર્ડ માટે કવિ વિનોદ જોષીની પસંદગી કરવામાં આવી છે.
- નરસિંહ મહેતા સાહિત્યનિધિ દ્વારા કરવામાં આવતો આ ૨૫ મો નરસિંહ મહેતા એવોર્ડ છે.
- કવિ વિનોદ જોષીનો જન્મ અમરેલી જિલ્લાનાં ભોરીંગણા ખાતે થયો હતો.
- કવિ વિનોદ જોષીને મોરારી બાપુનાં હસ્તે અપાશે. કવિને ૧.૫૧ લાખની સન્માન રાશિ અર્પણ કરાશે.

આપી આપીને તમે પીંછું આપો,
સજન ! પાંખો આપો તો અમી આવીએ...
– કવિ વિનોદ જોષી

**(૪) યુથ ઓલિમ્પિક ગેમ્સ :**

- આર્જેન્ટિનાના બ્યુનસ આયર્સમાં યુથ ઓલિમ્પિક સમાપન થયું.
- યુથ ઓલિમ્પિક ગેમ્સમાં ભારતીય ખેલાડીઓ ૧૩ મેડલ જીત્યા હતા. (૩ ગોલ્ડ, ૯, સિલ્વર, ૧ બ્રોન્ઝ) ૨૦૧૪ યુથ ઓલિમ્પિક ગેમ્સમાં ભારતે ૨ મેડલ જીત્યા હતા.

- યુથ ગેમ્સમાં પહેલીવાર ભારતે ગોલ્ડ જીત્યા છે. તો પહેલીવાર ભારતના ખેલાડીઓએ ૮ રમતમાં મેડલ જીત્યા છે.
- ગેમ્સમાં પહેલીવાર ભારત ટોપ ૨૦ માં પહોંચ્યું.
- આ યુથ ઓલિમ્પિક ગેમ્સમાં ૨૦૬ દેશના અંદાજે ચાર હજાર ખેલાડીઓ ભાગ લીધો હતો.
- ભારત તરફથી ૪૭ સભ્યોવાળું દળે ભાગ લીધો હતો.
- ઓલિમ્પિક અને યુથ ઓલિમ્પિકના ઇતિહાસમાં એવું પ્રથમ વાર બન્યું જ્યારે ઉદ્‌ઘાટન સમારોહ માત્ર ખેલાડીઓ માટે નહીં પરંતુ શહેરના તમામ લોકો માટે પણ યોજાયો હતો.
- ભારત તરફથી ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ ગેમ્સની ગોલ્ડ મેડાલિસ્ટ મનુ ભાકર ધ્વજવાહક હતી.

**(૫) દેશનું પ્રથમ સૌથી મોટું ડોમેસ્ટિક ક્રૂઝ :**

- દેશનું પ્રથમ સૌથી મોટું ડોમેસ્ટિક ક્રૂઝ મુંબઇથી ગોવા વચ્ચે મુસાફરી શરૂ કરી દેશે.
- ૧૩૧ મીટર લાંબા શિપનું નામ 'અંગ્રીયા' છે.
- શિપમાં ૧૦૪ રૂમ છે. ૩૫૦ લોકો મુસાફરી કરી શકશે., ક્રૂઝમાં ભાડાની ૬ કેટેગરી છે જે ૬ હજારથી ૧૧ હજાર વચ્ચે છે.
- તેમાં બે રેસ્ટોરાં ઉપરાંત ૩ ઓપન ડેક અને ૨૪ કલાક ખુલ્લી રહેતી કોફી શોપ પણ છે.
- આ વિશ્વનું પ્રથમ ક્રૂઝ છે જેમાં કપલ પોડનું સેગમેન્ટ અપાયું છે.

**(૬) દિલ્લીના પરેડ ગ્રાઉન્ડ ખાતે મોદીએ કર્યું રાવણ દહન :**

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન મોદીએ દિલ્લીના પરેડ રામલીલા ગ્રાઉન્ડ ખાતે દશેરાની ઉજવણીના પ્રસંગમાં હાજરી આપી હતી.
- દર વર્ષે દશેરા (વિજયાદશમી) નિમિત્તે યોજાતા આ કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ તીર છોડીને રાવણ, મેઘનાદ અને કુંભકર્ણના પૂતળાઓના દહન માટે તીર છોડીને પરંપરા નિભાવી હતી.
- રાષ્ટ્રપતિ અને વડાપ્રધાને રામ, સીતા અને લક્ષ્મણ બનેલા કલાકારોના કપાળે તિલક પણ કર્યું.

**(૭) ટ્રેનોના સમયસર સંચાલનમાં અમદાવાદ– ૮માં સ્થાને :**

- દેશમાં ટ્રેનોના સમયસર સંચાલનમાં અમદાવાદ ડિવિઝન ૨૭ ઓગસ્ટથી ૨ સપ્ટેમબર દરમિયાન દેશના તમામ ૬૯ ડિવિઝનમાં ૯૫.૩૨ ટકા સાથે ૮મા સ્થાને રહ્યું.
- ટ્રેનોના સમયસર સંચાલનમાં દક્ષિણ પશ્ચિમ રેલવેનું રાંચી ડિવિઝન ૯૭.૭૮ ટકા સાથે દેશમાં પ્રથમ સ્થાને અને ઉત્તર રેલવેનું મોરાદાબાદ ડિવિઝન ૪૨.૪૧ ટકા સાથે છેલ્લા ૬૯ માં ક્રમે રહ્યું હતું.
- ટ્રેનોના સમયસર સંચાલનમાં મહારાષ્ટ્રનું રતલામ ડિવિઝન ૯૭.૭૧ ટકા સાથે બીજા ક્રમે રહ્યું.
- દેશમાં ટ્રેનોના નિયમિત સંચાલન બાબતે અમદાવાદ, વડોદરા, ભાવનગર, રાજકોટ, રતલામ અને મુંબઈ, ડિવિઝન ધરાવતા પશ્ચિમ રેલવેની સ્થિતિ સૌથી સારી છે.
- ટ્રેનોના સમયસર સંચાલનમાં ભાવનગર ડિવિઝન ૯૭.૩૩ ટકા સાથે ચોથા, મુંબઇ ડિવિઝન ૯૫.૮૨ ટકા સાથે સાતમા, રાજકોટ, ડિવિઝન ૯૫.૩૧ ટકા સાથે ૯ માં અને વડોદરા ડિવિઝન ૯૪.૬૨ ટકા સાથે ૧૩માં સ્થાને છે.

પ્રશ્નો :

૧ રૂપાલની પલ્લી દર વર્ષે ક્યારે નીકળે છે ?
- આસો સુદ નોમ

૨ ટ્રેનમાં મુસાફરી કરતા પેસેન્જરોની સુવિધા માટે રેલવે એપ કઇ એપ લોન્ચ કરાઇ ?
- રેલ સુરક્ષા એપ

૩ રેલ સુરક્ષા એપ સાથે કયો આરપીએફ નંબર સાંકળી લેવાયો ?
- ૧૮૨

૪ ૨૦૧૮નો નરસિંહ મહેતા એવોર્ડ કોને એનાયત થયો ?
- વિનોદ જોષી

૫ વિનોદ જોષીનો જન્મ કયાં થયો હતો ?
- ભોંરીગણા, અમરેલી

૬ યુથ ઓલિમ્પિક ગેમ્સ –૨૦૧૮માં ભારતે કુલ કેટલા ગોલ્ડ જીત્યા ?
- ૩ ગોલ્ડ

૭ યુથ ઓલિમ્પિક ગેમ્સ–૨૦૧૮નું આયોજન કયાં થયું ?
- બ્યુનસ આયર્સ, આર્જેન્ટિના

૮ દેશનું પ્રથમ સૌથી મોટુ ડોમેસ્ટિક ક્રૂઝ કયા બે સ્થળો વચ્ચે મુસાફરી કરશે ?
- મુંબઇ ગોવા

## 21.October 2018

**(૧) દેશનો પહેલો ડોગ પાર્ક :**

- તેલંગણાના હૈદરાબાદમાં કોંડાપુર ખાતે દેશનો પહેલો ડૉગ પાર્ક બન્યો છે.
- લોકો તેમના પેટા ડૉગ્સને અહીં ફેરવી શકે છે.
- ૧.૩ એકર ક્ષેત્રમાં ફેલાયેલો પાર્ક ૧.૧ કરોડ રૂપિયાના ખર્ચે બન્યો છે.
- પાર્કમાં વૉકિંગ ટ્રેક અને ક્લીનિકની પણ સુવિધા છે.

**(૨) તેલંગાણાના મુખ્યમાહિતી :**

- રાજધાની : હૈદરાબાદ



Vivekanand Academy Gandhinagar

- રાજ્યપાલ : ઇએસએલ નરસિંહાન

(૩) **વિશ્વના સૌથી મોટા એમ્ફિબિયસ પ્લેનનું પરીક્ષણ :**

- ચીન દ્વારા AG600 નું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું.
- આ એરક્રાફ્ટ પાણી અને જમીન પર ઉતરી શકે તેવું વિશ્વના સૌથી મોટું એમ્બિયસ એરક્રાફ્ટ છે.
- એવિયેશન ઇન્ડસ્ટ્રી કોર્પોરેશન ઓફ ચીન દ્વારા આ એરક્રાફ્ટ બનાવવામાં આવ્યું છે.
- આ એરક્રાફ્ટ સતત ૧૨ કલાક સુધી ઉડાનભરી શકશે.

(૪) **ચીનમાં બનશે કૃત્રિમ ચંદ્ર :**

- ચીન ૨૦૨૦ માં એક પ્રકાશિત સેટેલાઇટ ચેંગદૂ શહેરમાં તૈનાત કરશે.
- તેનો પ્રકાશ અસલી ચંદ્ર કરતા ૮ ગણો વધુ હશે.
- ૨૦૨૦ માં પ્રોજેક્ટમાં લૉંચિગ પછી શહેરની દરેક રાત ચાંદની રાત હશે. ત્યારે શહેરમાં સ્ટ્રીટ લાઇટ્સની કોઇ જરૂર રહેશે નહીં.
- આ કૃત્રિમ ચાંદ ૧૦ થી ૮૦ કિમી વિસ્તારને કવર કરશે. અસલી ચંદ્રથી વધુ પ્રકાશ હશે.

(૫) **ભારતીય ક્રિકેટના ફાસ્ટ બોલર પ્રવીણ કુમારે સંન્યાસ લીધો :**

- ભારતીય ક્રિકેટમાં ફાસ્ટ બોલર પ્રવીણ કુમારે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તી જાહેર કરી.
- ૩૨ વર્ષના પ્રવીણ કુમારે ભારત માટે ત્રણેય ફોર્મેટમાં કુલ ૮૪ મેચ રમી છે. અને કુલ ૧૧૨ વિકેટ ઝડપી છે.

પ્રશ્નો :

૧ દેશનો પ્રથમ ડોગ પાર્ક ક્યાં શરૂ થયો ?
- તેલગણાંના હૈદરાબાદમાં કોંડાપુર ખાતે

૨ વિશ્વના સૌથી મોટા એમ્ફિબિયસ પ્લેનનું નામ જણાવો ?
- AG600

૩ તાજેતરમાં AG600 પ્લેનનું પરીક્ષણ કયા દેશે કર્યું ?
- ચીન

૪ તાજેતરમાં કયા દેશમાં કૃત્રિમ ચંદ્ર પ્રક્ષેપિત કરવામાં આવશે ?
- ચીન

૫ પ્રવીણકુમાર કઇ રમત સાથે સંકળાયેલ હતા ?
- ક્રિકેટ

## 22.October 2018

(૧) **અટલ બિહારી વાજપાઇના નામ પર ચાર હિમાલય તળેટી :**

- ઉત્તરકાશી જિલ્લાના ગંગોત્રી ગ્લેશિયર નજીક આવેલ ચાર હિમાલય તળેટીને પુર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપાઇનું નામ આપવામાં આવ્યું.
- રતનવન ઘાટીમાં સુદર્શન અને સૈફી તળેટી નજીક આવેલ તળેટીને અટલ ૧,૨, ૩, ૪ નામ આપવામાં આવ્યું.
- વાજપાઇના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય સુશાસન દિવસ તરીકે મનાવવામાં આવે છે.
- ૨૫ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ તેમના ૯૦ માં જન્મદિવસે 'સુશાસન દિવસ' મનાવવાની જાહેરાત કરાઇ હતી.

(૨) **વિરાટ કોહલીએ વન-ડેમાં ચાલુ વર્ષે ૨ હજાર રન પુરા કર્યા :**

- વિરાટ કોહલીએ વિન્ડિઝ સામેની પહેલી વન-ડેમાં સદીની મદદથી ચાલુ વર્ષે ૨ હજાર રન પુરા કર્યા છે.
- આ સાથે કોહલીએ સચિનની બરોબરી કરી છે.
- તે સતત ત્રણ વર્ષ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨ હજારથી વધુ રન કરનાર ચોથો બેટ્સમેન બન્યો છે.
- આ પહેલા સચિન, મેથ્યુ હેડન, અને જો રૂટ આ સિદ્ધિ મેળવી ચુક્યા છે.
- કોહલીએ ૨૦૧૬ માં ૨૫૯૫ રન અને ૨૦૧૭ માં ૨૮૧૮ રન કર્યા હતા.
- તેણે પાંચ વાર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક વર્ષમાં બે હજાર રન કર્યા છે.
- આ સાથે તેણે સચિન અને શ્રીલંકાના મહિલા જયવર્ધનેની બરોબરી કરી છે.
- હવે તેની આગળ માત્ર કુમાર સંગાકાર છે જેણે છવાર આ સિદ્ધિ મેળવી છે.

**પહેલી વન-ડે માં બનેલા અમુક રેકોર્ડ્સ :**

- રોહીતે વન-ડેમાં ૧૬૮ છગ્ગા ફટકારીને ભારતનો સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડી બન્યો.
- હેટમેયર વન-ડે માં ઓછી ઇનિંગમાં ત્રીજી સદી કરનાર વિન્ડીઝનો પહેલો બેટ્સમેન બન્યો તેણે ૧૩ મી ઇનિંગમાં આ સિદ્ધિ મેળવી. આ પહેલા વિવ રિચડર્સે ૧૬ ઇનિંગમાં આ સિદ્ધિ મેળવી હતી.
- કોહલી- રોહિતે બીજી વિકેટ માટે ભારત માટે ૨૪૬ રનની સૌથી મોટી ભાગીદારી નોંધાવી. આ પહેલા કોહલી અને ગંભીરના નામે આ રેકોર્ડ હતો.
- રોહિતે વિશ્વનો ૧૦ મો ખેલાડી બન્યો. જેણે આઇસીસીના તમામ ટેસ્ટ રમનાર દેશો સામે સદી ફટકારી.
- કોહલી અન રોહિત વન-ડેમાં ૨૦૦ રનની સૌથી વધારેવાર ભાગીદારી કરનાર જોડી બની ગઇ છે.

આ જોડીએ પાંચવાર ૨૦૦ રનની ભાગીદારી નોંધાવી છે.

**(૩) મારકવેજ ૫ વાર વર્લ્ડ ચેમ્પિયન બનનાર સૌથી યુવા રાઇડર :**

- સ્પેનના મોટરસાઇકલ રેસર માર્ક મારકજવે જે જાપાન મોટોજીપી જીતી લીધી છે.
- આ જીત સાથે તે સતતે ત્રીજીવાર વર્લ્ડ ચેમ્પિયન બન્યો છે.
- ૨૫ વર્ષના મારકજવે જાપાન મોટોજીપીમાં છઠ્ઠા ક્રમથી શરૂઆત કરી ૪૨ મિનિટ ૩૬.૪૩૮ સેકન્ડનો સમય લીધો હતો.

**(૪) રાષ્ટ્રીય પોલીસ મેમોરિયલ**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્લી ખાતે રાષ્ટ્રીય પોલીસ મેમોરિયલનું ઉદ્‌ઘાટન કર્યું.
- રાષ્ટ્રીય પોલીસ મેમોરિયલ દિલ્લીના ચાણક્યપુરી વિસ્તાર ખાતે ૬ એકર જમીન પર બનાવવામાં આવેલ છે.
- શૌર્ય સ્મારક શિલ્પનું નિર્માણ ૩૦ ફૂટ ઊંચા અને ૨૩૮ ટનના કાળા ગ્રેનાઇટમાં કરવામાં આવ્યું છે.
- આ શૌર્ય સ્મારક પર જેમણે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે તેવા ૩૪૦૦૦ થી વધુ જવાનોના નામ લખેલા છે.
- ૨૧ ઓક્ટોબરે નેશનલ પોલીસ ડે મનાવાય છે. ૧૯૫૯ માં આ દિવસે લદ્દાખમાં ચીની સૈનિકોના હુમલામાં પોલીસના ૧૦ જવાન શહીદ થયા હતા.

**(૫) મૂળ ભારતીય મિનલ પટેલને યુ.એસ.માં રાષ્ટ્ર એવોર્ડ :**

- માનવ તસ્કરી સામે લડવા બદલ મૂળ ભારતીય મિનલ પટેલને યુ.એસ. માં રાષ્ટ્ર એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
- તેમને આ સન્માન વ્હાઇટ હાઉસ ખાતે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં આપવામાં આવ્યું.

**(૬) વડાપ્રધાન મોદીએ આ વર્ષે બીજી વાર લાલ કિલ્લા પર તિરંગો લહેરાવ્યો**

- ૨૧ ઓક્ટોરના રોજ વડાપ્રધાન મોદીએ આઝાદ હિંદ ફોજની સ્થાપનાને ૭૫ વર્ષ પૂરા થયા ના પ્રસંગે લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો.
- આઝાદી બાદ કોઇ વડાપ્રધાને ૧૫ ઓગસ્ટ સિવાય લાલ કિલ્લા પરથી તિરંગો લહેરાવ્યો હોય તેવું આ પહેલી વાર બન્યું.
- ૨૧ ઓક્ટોબર, ૧૯૪૩ના રોજ સિંગાપોરમાં સુભાષચંદ્ર બોઝે દેશની પહેલી સ્વતંત્ર સરકાર રચી હતી.
- ૭૫ વર્ષ અગાઉ દેશ બહાર બનેલી આઝાદ હિંદ સરકાર અખંડ ભારતની સરકાર હતી, અવિભાજિત ભારતની સરકાર હતી.
- નેતાજીના નેતૃત્વમાં આ સરકારે દરેક ક્ષેત્રમાં નવી યોજના બનાવી હતી.
- તેને આઝાદ હિંદ સરકાર નામ અપાયું હતું. આ સરકારે દેશની બહાર બ્રિટિશ શાસન વિરૂદ્ધ લડાઇ લડી.
- તે માટે નેતાજી જર્મનીથી સબમરિન દ્વારા દ.એશિયા આવ્યા, પછી ત્યાંથી જાપાન ગયા. ત્યારદબાદ સિંગાપોર પહોંચ્યા હતા., ત્યાંથી જ તેમણે ‘ચલો દિલ્હી’ નારો આપ્યો.
- ૧૧ દેશોએ આઝાદ હિંદ સરકારને માન્યતા આપી હતી.

પ્રશ્નો :

૧ રતનઘાટીમાં સુદર્શન અને સૈફી તળેટી નજીક આવેલી તળેટી નજીક આવેલી તળેટીને કયા નવા નામ આપવામાં આવ્યા છે ?
- અટલ, ૧,૨, ૩ ,૪

૨ ૨૫ ડિસેમ્બર કયો દિવસ ઉજવાય છે ?
- સુશાસન દિવસ

૩ કુમાર સંગાકાર કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- ક્રિકેટ

૪ ભારતનો સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડી જણાવો ?
- રોહિત શર્મા

૫ આઇસીસીના તમામ ટેસ્ટ રમનાર દેશો સામે સદી ફટકારનાર વિશ્વનો ૧૦ મો ખેલાડી જણાવો ?
- રોહિત શર્મા

૬ નેશનલ પોલીસ ડે ક્યારે મનાવાય છે ?
- ૨૧ ઓક્ટોબર

૭ દિલ્હી ખાતે રાષ્ટ્રીય પોલીસ મેમોરિયલનું ઉદ્‌ઘાટન કોણે કર્યું ?
- નરેન્દ્ર મોદી

૮ આઝાદ હિંદ ફોજને ૨૦૧૮માં કેટલા વર્ષ પૂર્ણ થયા ?
- ૭૫ વર્ષ

## 23.October 2018

**(૧) IIM બેંગ્લુરૂના ચેરમેનપદે ડૉ. દેવી શેટ્ટી નિમાયા :**

- કાર્ડિયાક સર્જન અને નારાયણ ગ્રૂપ ઓફ હોસ્પિટલના ચેરમેન ડૉ. દેવીપ્રસાદ શેટ્ટી IIM બેંગ્લુરૂના ચેરમેન બન્યા છે.
- તેમણે ૨૨ ઓક્ટોબરના રોજ તેમનું પદ સંભાળી લીધું છે.

- નારાયણ ગ્રુપ ૩૨ હોસ્પિટલ ધરાવે છે અને દેશની કુલ ૧૨% હાર્ટ સર્જરી તેમની હોસ્પિટલોમાં થાય છે.

**(૨) હાઇકોર્ટમાં નવા ૪ જજને ચીફ જસ્ટીસે શપથ લેવડાવ્યા.**

- ગુજરાત હાઇકોર્ટમાં નવા ચાર જસ્ટિસને ચીફ જસ્ટિસ આર. સુભાષ રેડ્ડીએ શપથ લેવડાવ્યા હતા.
- જેમાં હાઇકોર્ટમાં જ વકીલાત કરતા ઉમેશ અમૃતલાલ ત્રિવેદી ઉપરાંત જ્યુડિશિયલ ઓફિસરમાં અજયકુમાર સી. રાવ, વિરેશકુમાર બી. માયાણી અને ડૉ આશુતોષ ઠાકરને રાષ્ટ્રપતિએ ગુજરાત હાઇકોર્ટમાં જજ તરીકે નિમણૂક આપી હતી.
- આ શપથ કાર્યક્રમમાં મંત્રી પ્રદીપસિંહ જાડેજા, ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ હાજરી આપી હતી.

**(૩) હરિત દિવાળી, સ્વસ્થ દિવાળી :**

- પર્યાવરણ મંત્રાલય દ્વારા હરિત દિવાળી, સ્વસ્થ દિવાળી અભિયાન શરૂ કરવામાં આવ્યું.
- પર્યાવરણ મંત્રાલય દ્વારા શાળાઓ તેમજ કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રદુષણ ફેલાવતા ફટકાડાનો ઉપયોગ ન કરવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી છે.
- હરિત દિવાળી – સ્વાસ્થ્ય દિવાળીની અભિયાન 'ગ્રીન ગુડ ડીડ' ચળવળ સાથે જોડવામાં આવ્યું છે જે પર્યાવરણ સંરક્ષણ માટે સામાજિક ગતિશીલતા તરીકે શરૂ થઇ છે.
- પર્યાવરણ, વન અને જળવાયુ પરીવર્તન મંત્રી – ડૉ. હર્ષવર્ધન

**(૪) IAEA ફ્યુઅલ એનર્જી કોન્ફરન્સ**

- ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA) ની ૨૭ મી IAEA ફ્યુઅલ એનર્જી કોન્ફરન્સ શરૂ થઇ.
- આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી ફ્યુઅલ એનર્જી કોન્ફરન્સ શ્રેણી દ્વારા પરમાણુ સંયોજન સંશોધન અને વિકાસમાં પ્રોત્સાહન પ્રદાન કરે છે.
- આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીની સ્થાપના ૧૯૫૭માં થઇ હતી.

**(૫) ભારત, ચીન – આંતરિક સુરક્ષા સલાહકાર કરાર :**

- ભારત અને ચીન આંતરિક સુરક્ષા સહકાર કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- બંને દેશો વચ્ચે નવી દિલ્લી ખાતે યોજાયેલ ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ પ્રકારનો કરાર બંને દેશો વચ્ચે પ્રથમ કરાર છે.
- કેન્દ્રના ગૃહ પ્રધાન રાજનાથસિંહ અને ચીનના રાજ્ય કાઉન્સિલર અને જાહેર સુરક્ષા પ્રધાન ઝાઓ કેઝીએ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

**ચીન મુખ્યમાહિતી :**

- રાજધાની : બેઇજિંગ
- રાષ્ટ્રપતિ : કઝી જિનપિંગ

પ્રશ્નો :

૧ બેંગ્લુરૂના નવા ચેરમેન જણાવો ?
- ડૉ. દેવી શેટ્ટી

૨ ગુજરાત હાઇકોર્ટના ૪ નવા જજ તે શપથ કોણે લેવડાવ્યા ?
- આર. સુભાષ રેડ્ડી

૩ હરિત દિવાળી, સ્વસ્થ દિવાળી અભિયાન કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું ?
- પર્યાવરણ મંત્રાલય

૪ હરિત દિવાળી, સ્વસ્થ દિવાળી અભિયાન કઇ ચળવળ સાથે જોડવામાં આવ્યું ?
- ગ્રીન ગુડ ડીડ

૫ પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી જણાવો ?
- ડૉ. હર્ષવર્ધન

૬ ગુજરાતમાં IAEA ક્યુઅલ એનર્જી કોન્ફરન્સ કયાં શરૂ થઇ ?
- ગાંધીનગર

૭ કેન્દ્રિય ગૃહપ્રધાન જણાવો ?
- રાજનાથસિંહ

## 24.October 2018

**(૧) U. N. સ્થાપના દિવસ :**

- ૨૪ ઓક્ટોબર ૧૯૪૫ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના થઇ હતી.
- ભારત શરૂઆતથી જ તેનું સભ્ય દેશ છે.
- હાલમાં ૧૯૩ દેશો યુ.એન. ના સભ્ય છે. છેલ્લે ૨૦૧૧ દક્ષિણ સુદાન સામેલ થયું હતું.
- યુ.એન.ની સત્તાવાર ૬ ભાષા છે. – અંગ્રેજી, રશિયન, ચીની, અરબી, સ્પેનીશ

**હેડ્ક્વાટર : ન્યુયોર્ક, અમેરિકા :**

- મહાસચિવ, અનેતોનિયો ગુટરેસ

**(૨) દેશની પ્રથમ ગ્રીન નંબર પ્લેટ :**

- દેશની પ્રથમ ગ્રીન નંબર પ્લેટ થાણેમાં રહેતા અવિનશ નિમોણકરને આપવામાં આવી છે.
- દશેરાના પર્વે તેમણે મહિન્દ્રાની ઇલેક્ટ્રીક કાર ઇ–વેરિટો ખરીદી હતી.
- જે વાહનો પ્રદુષણ ફેલાવતા નથી. તેવા વાહનો માટે ગ્રીન નંબર પ્લેટ જારી કરવામાં આવે છે.
- ઈ– વાહનો પ્રદુષણ ફેલાવતા નથી. તેવા વાહનો માટે ગ્રીન નંબર પ્લેટ જારી કરવામાં આવે છે. ઇ–વાહનો ખરીદવા સરકાર સબસિડી પણ આપી રહી છે.

Vivekanand Academy Gandhinagar

- રોડ ટેક્સ અને રજિસ્ટ્રેશન કિંમત પણ ચૂકવવી પડતી નથી.
- આ કાર ૮ થી ૧૦ કલાકમાં ચાર્જ થઇ જાય છે. સિંગલ ચાર્જમાં ૧૫૦ કિમી અંતર કાપે છે.

**(૩) દિવાળી પર માત્ર બે કલાક ફટાકડા ફોડવા મંજૂરી – સુપ્રીમ :**

- સુપ્રીમ કોર્ટે આ દિવાળી પર માત્ર બે કલાક ફટકડા ફોડવા મંજૂરી આપી રાત્રે ૮ થી ૧૦ માં જ ફટાકડા ફોડી શકાશે.
- સમગ્ર દેશમાં દિવાળી ઉપરાંત અન્ય તહેવારો કે લગ્ન જેવાં આયોજનોમાં પણ આ જ નિયમ લાગુ થશે.
- ક્રિસમસ અને ન્યુયરમાં કોર્ટે રાત્રે ૧૧.૫૫ થી ૧૨.૩૦ સુધી ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે.
- સુપ્રીમના આદેશ મુજબ દેશમાં માત્ર ઓછા અવાજવાળા અને ઓછું પ્રદૂષણ ફેલાવતા 'ગ્રીન' ફટાકડા જ બનાવવા, વેચવા અને ફોડી શકાશે.
- જસ્ટિસ એ.કે. અને જસ્ટિસ અશોક ભૂષણની બેન્ચે ફ્લિપકાર્ટ અને એમેઝોન જેવી ઑનલાઇન વેબસાઇટ પરથી પણ ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

**(૪) દુનિયાનો સૌથી લાંબો પુલ – ચીન :**

- ચીનમાં સમુદ્ર પરનો દુનિયાનો સૌથી લાંબો છ લેનનો પુલ શરૂ થયો છે.
- ૫૫ કિ.મી. લાંબો આ પુલ હોંગકોંગ, ઝુહાઇ અને મકાઉને જોડે છે.
- ચીનના પ્રમુખ શી જિનપિંગે તેનું ઉદ્‌ઘાટન કર્યું.
- તેના નિર્માણમાં ચાર લાખ ટન સ્ટીલનો ઉપયોગ થયો છે.
- પેરીસના એફિલ ટાવરમાં વપરાયેલા સ્ટીલ કરતાં તેમા ૬૦ ગણું વધુ છે.
- આ પ્રોજેક્ટ પર ૧૪.૭૨ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. પુલનું નિર્માણ ૨૦૦૯માં શરૂ થયું હતું.

પ્રશ્નો :

૧ યુ.એન. ની સ્થાપના દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૨૪ ઓક્ટોબર

૨ સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૨૪ ઓક્ટોબર ૧૯૪૫

૩ યુ.એન.ની સત્તાવાર કેટલી ભાષા છે ?
- ૬

૪ દેશની પ્રથમ ગ્રીન નંબર પ્લેટ કોને આપવામાં આવી ?
- અવિનાશ નિમોણકર

૫ દુનિયાનો સૌથી લાંબો પુલ કયા દેશમાં શરૂ થયો ?
- ચીન

૬ દિવાળી પર માત્ર બે કલાક ફટાકડા ફોડવાનો આદેશ કઇ બેન્ચે આપ્યો ?
- એ.કે. સિકરી અને અશોક ભુષણ બેન્ચે

## 25.October 2018

**(૧) વર્ષ – ૨૦૧૮ના સિઓલ શાંતિ પુરસ્કાર :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ વર્ષે સિઓલ શાંતિ પુરસ્કાર આપવામાં આવશે.
- દક્ષિણ કોરિયાના આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત કરનાર તેઓ બીજા ભારતીય છે.
- આ પહેલા, ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને ૨૦૧૨ માં આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
- વડાપ્રધાન મોદીને તેમની ચોક્કસ આર્થિક નીતિઓ, માનવ વિકાસ અને ભારતમાં લોકશાહી મજબૂત કરવા તરફના તેમના યોગદાન માટે આ પુરસ્કાર આપવામાં આવશે.
- આ પુરસ્કાર સાથે વડાપ્રધાનને રૂા. ૧.૪૬ કરોડ નાણાં આપવામાં આવશે.
- આ એવોર્ડ પ્રાપ્ત કરનાર વડાપ્રધાન ૧૪ મા વ્યક્તિ છે.

**(૨) મહિલા ક્રિકેટર મિતાલી – હાઇએસ્ટ સ્કોરર :**

- મહિલા ક્રિકેટર મિતાલી રાજે ઓસ્ટ્રેલિયા સામે બીજી ટી–૨૦ માં ૬૧ બોલમાં અણનમ ૧૦૫ રન ફટકાર્યા.
- તે ટી–૨૦ માં ભારત તરફથી હાઇએસ્ટ સ્કોરર બની છે.
- તેણે સ્મૃતિ માંધાનાનો ૧૦૨ રનનો વિક્રમ તોડ્યો છે.

**(૩) વિરાટના સૌથી ઝડપી ૧૦૦૦ રન :**

- ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી વન–ડે ક્રિકેટમાં સૌથી ઝડપી ૧૦ હજાર રન પૂરા કરનારો બેટ્‌સમેન બન્યો.
- વેસ્ટ ઇન્ડિઝ વિરૂદ્ધ બીજી વન–ડે મેચમાં ૧૫૭ રનની ઇનિંગ દરમિયાન તેણે આ સિદ્ધિ મેળવી.
- વિરાટે માત્ર ૨૦૫ ઇનિંગમાં ૧૦ હજાર રન પૂરા કર્યા.
- તેણે સચિન તેંડુલકર (૨૫૯ ઇનિંગમાં) નો રેકોર્ડ ૫૪ ઇનિંગથી તોડ્યો છે.
- વિરાટ વન–ડેમાં ૧૦ હજાર રન બનાવનારો ભારતનો પાંચમો અને દુનિયાનો ૧૩ મો બેટ્‌સમેન છે.
- વિરાટ કોહલી વેસ્ટ ઇન્ડિઝ વિરૂદ્ધ સૌથી વધુ રન કરનાર ભારતીય ખેલાડી બન્યો છે તેણે ૨૯ મેચમાં ૧૬૮૪ રન કર્યા છે.

**(૪) અરૂંધતિ વિપ્રોના બોર્ડમાં નિમાયા :**

Vivekanand Academy Gandhinagar

- અરુંધતિ ભટ્ટાચાર્ય વિપ્રોના બોર્ડમાં ઇન્ડિપેન્ડેન્ટ ડાયરેક્ટર તરીકે જોડાયા છે.
- તેમની મુદ્દત ૫ વર્ષની રહેશે.
- તેઓ હાલમાં રિલાયન્સના બોર્ડમાં પણ વધારાના ડાયરેક્ટર તરીકે નિમાયા છે.
- તેઓ એસબીઆઇના માજી ચેરમેન તરીકે ફરજ બજાવી ચુક્યા છે.

**(૫) એપ્રિલ ૨૦૨૦ થી BS-6 કાર જ વેચાશે : સુપ્રીમ :**

- સુપ્રીમકોર્ટે ૧ એપ્રિલ ૨૦૨૦ થી દેશમાં ભારત સ્ટેજ (બીએસ) ૪ માપદંડવાળી ગાડીઓના વેચાણ પર પ્રતિબંધ મુક્યો છે.
- આ તારીખથી બીએસ-૬ માપદંડ લાગુ થશે અને આખા દેશમાં માત્ર આ માપદંડવાળી ગાડીઓ જ વેચાશે.
- વાહનોમાંથી ફેલાતા પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે તે લાગુ કર્યું છે.
- સુપ્રીમકોર્ટના આદેશ પર એપ્રિલ -૨૦૧૭ થી સમગ્ર દેશમાં બીએસ-૪ માપદંડ લાગુ કરાયો છે.
- બીએસ-૬માં કાર્બન મોનોક્સાઇડ, નાઇટ્રોજન ઓક્સાઇડ, હાઇડ્રોકાર્બન અને પાર્ટિક્યુલેટ મેટર (પીએમ) ની માત્રા ઓછી નીકળશે.
- જસ્ટિસ મદન બી.લોકૂરની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની બેન્ચે આ ચુકાદો આપ્યો.

**(૬) ભારત – ઇઝરાયલ મિસાઇલ ડિફેન્સ સિસ્ટમ કરાર :**

- ભારત સરકાર દ્વારા ઇઝરાયલ સરકારની સંરક્ષણ કંપની ઇઝરાયલ એરોસ્પેસ ઇન્ડસ્ટ્રીઝ સાથે, ૫,૬૮૯ કરોડ રૂપિયાનો સંરક્ષણ કરાર કર્યો છે.
- તે હેઠળ ઇઝરાયલી કંપની પાસેથી ભારતને લાંબા અંતરની જમીનથી હવામાં હુમલો કરી શકે તેવી બરાક ૮ ડિફેન્સ મિસાઇલ અને મિસાઇલ ડિફેન્સ મળશે.
- આ મિસાઇલ ભારતીય નૌકાદળના સાત જહાજોમાં લગાવાશે.
- બીઇએલ આ પ્રોજેક્ટની મુખ્ય નિર્માતા કંપની હશે.

પ્રશ્નો :

૧ દક્ષિણ કોરીયાનો સિઓલ શાંતિ પુરસ્કાર-૨૦૧૮ કયા ભારતીયને એનાયત થશે ?
- નરેન્દ્ર મોદી

૨ ૨૦૧૨ નો સિઓલ શાંતિ પુરસ્કાર કોને એનાયત થયો હતો ?
- મનમોહનસિંહ

3 મહિલા ટી-૨૦ ક્રિકેટમાં ભારત તરફથી હાઇએસ્ટ સ્કોરરનું નામ જણાવો ?
- મિતાલી રાજ

૪ વન-ડે ક્રિકેટમાં સૌથી ઝડપી ૧૦,૦૦૦ રન બનાવનાર ભારતીય ખેલાડી જણાવો ?
- વિરાટ કોહલી

૫ સુપ્રીમ કોર્ટના આદેશથી સમગ્ર દેશમાં B5-4 માપદંડ ક્યારે લાગુ કરાયો હતો ?
- ૨૦૧૭

૬ તાજેતરમાં વિપ્રોના બોર્ડના ઇન્ડિયેન્ડેન્ટ ડાયરેક્ટર તરીકે કોની નિમણૂંક થઇ ?
- અરૂંધતિ ભટ્ટાચાર્ય

## 26.October 2018

**(૧) 'વરૂણ' ટ્રેનિંગ શિપ :**

- પીપાવાવ ખાતે રિલાયન્સ નેવલ દ્વારા ટ્રેનિંગ શિપનું લોન્ચિંગ કરવામાં આવ્યું.
- કોસ્ટગાર્ડનું પ્રથમ મોટું જહાજ પીપાવાવમાં બન્યું છે.
- વર્ષ ૧૯૮૬માં આવું જહાજ બન્યું હતું. ત્યારબાદ ગુજરાતમાં પ્રથમ વખત આ જહાજ પીપાવાવમાં બની રહ્યું છે.
- આ શિપનું નામ વરૂણ ટ્રેનિંગ શિપ આપવામાં આવ્યું છે.
- એક સાથે ૧૦૦ ઓફિસરોને ટ્રેનિંગ આપી શકાય તેટલી ક્ષમતા ધરાવે છે.
- ૨૪૨ લોકો આરામથી બેસી શકે તેવી ક્ષમતા ધરાવે છે.

**(૨) ભારતીય મૂળના નીલ અમેરિકા ઊર્જા પંચના વડા બનાવ્યા :**

- અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફેડરલ એનર્જી રેગ્યુલેટરી કમિશન (એફઇઆરસી)ના અધ્યક્ષ તરીકે ભારતીય મૂળના અમેરિકી નીલ ચેટરજીને નિયુક્ત કર્યા છે.
- આ આયોગ પાવરગ્રીડ અને ઊર્જા યોજનાઓ અંગે દેખરેખ રાખે છે.
- ચેટરજીને મે ૨૦૧૭ માં રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા એફઇઆરસીમાં નોમિનેટ કરવામાં આવ્યા હતા તેમણે ઓગસ્ટ ૨૦૧૭ થી ડિસેમ્બર ૨૦૧૭ સુધી ચેરમેન તરીકે સેવા આપી હતી.

**(૩) ડેવિડ બ્રાવોનો ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસ :**

- ૧૪ વર્ષ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમનાર વેસ્ટ ઇન્ડિઝના ઓલ રાઉન્ડર ડવેન બ્રાવોએ ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી છે.
- બ્રાવો વિન્ડીઝની ટીમ તરફથી છેલ્લે સપ્ટેમ્બર ૨૦૧૬માં મેચ રમી હતી તે ૨૫ મહિનાથી વિન્ડિઝની ટીમમાંથી બહાર હતો.

Vivekanand Academy Gandhinagar

- તેણે ૧૬૪ વન–ડે, ૬૬ ટી–૨૦ અને ૪૦ ટેસ્ટ રમી છે.
- તે બે વાર ટી–૨૦ વર્લ્ડ કપ જીતનારી ટીમમાં સામેલ હતો. તે ટી–૨૦ લીગ રમતો રહેશે.

**(૪) શ્રેષ્ઠ કૃષિ પુરસ્કાર :**

- નવી દિલ્હી ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં ગુજરાત રાજ્યને શ્રેષ્ઠ કૃષિ પુરસ્કાર એનાયત થયો.
- આ પુરસ્કાર ભારતીય અન્ન અને કૃષિ પરિષદ દ્વારા આપવામાં આવે છે.
- આ પુરસ્કાર ગુજરાત રાજ્યના કૃષિ મંત્રી આર.સી. ફળદુએ સ્વીકાર્યો.

પ્રશ્નો :

૧ પીપાવાવ ખાતે રિલાયન્સ નેવલ દ્વારા ટ્રેનિંગ શિપનું લોન્ચીંગ થયું તેનું નામ જણાવો ?
- વરૂણ ટ્રેનિંગ શિપ

૨ તાજેતરમાં કયા ભારતીયને અમેરિકા ઉર્જા પંચના વડા બનાવાયા ?
- નીલ ચેટરજી

૩ શ્રેષ્ઠ કૃષિ પુરસ્કાર કયા રાજ્યને એનાયત થયો ?
- ગુજરાત

૪ ગુજરાતના કૃષિ મંત્રીનું નામ જણાવો ?
- આર.સી.ફળદુ

## 27.October 2018

**(૧) ઘોઘા– દહેજ વચ્ચે રો– પેક્ષ ફેરીના બીજા તબક્કાની શરૂઆત :**

- ઘોઘા – દહેજ વચ્ચે રો– પક્ષ ફેરી સેવાના બીજા તબક્કાની શરૂઆત કરવામાં આવી.
- બીજા તબક્કાનું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીના હસ્તુ કરવામાં આવ્યું.
- આ ફેરીની ક્ષમતા ૧૦૦ વાહનો તેમજ ૫૦૦ મુસાફરોને લઇ જવાની છે.
- પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઓક્ટોબર ૨૦૧૭ માં કરવામાં આવ્યું હતું.

**(૨) QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ ૨૦૧૮**

- તાજેતરમાં એશિયા યુનિવર્સિટી રેન્કિંગ ૨૦૧૮ની યાદી બહાર પાડવામાં આવી.
- ટોપ ૧૦૦ કોલેજના લિસ્ટમાં દેશની અનેક શિક્ષણ સંસ્થાનો ક્રમાંકિત કરવામાં આવી છે.
- આ રેન્કિંગમાં નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપુર પ્રથમ સ્થાને રહી છે.
- રેન્કિંગમાં બીજા સ્થાને યુનિવર્સિટી ઓફ હોંગકોંગ અને ત્રીજા સ્થાને સિંગાપુરની નાનયાંગ ટેકનોલોજી યુનિવર્સિટીએ સ્થાન હાંસલ કર્યું છે.
- આ યાદીમાં ગુણવત્તાયુક્ત યુનિવર્સિટી અને સંસ્થાઓના મામલે ભારત ત્રીજા ક્રમાંકે છે. પહેલા અને બીજા નંબરે અનુક્રમે ચીન અને જાપાન આવે છે.
- એશિયાની ટોપ યુનિવર્સિટીઓની યાદીમાં ચીનનાં ૧૧૨ અને જાપાનનાં ૮૯ યુનિવર્સિટીઓ છે.
- QS રેન્કિંગમાં ભારત આઇઆઇટી બોમ્બે સૌથી ઉપર છે. એશિયામાં આઇઆઇટી બોમ્બનો 33 મો ક્રમાંક છે. તો આઈઆઇટી દિલ્હી એશિયાની ટોપ યુનિવર્સિટીમાં ૪૦ માં ક્રમાંકે છે. આઇઆઇટી મદ્રાસ ૪૮ માં ક્રમાંકે છે.
- ક્યુસેક એશિયાના યુનિવર્સિટી રેન્કિંગ ૨૦૧૮માં ૫૦૫ સંસ્થાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**(૩) શીતયુદ્ધ બાદ નાટોનો સૌથી મોટો સૈન્ય અભ્યાસ :**

- નાટો દેશોએ રશિયા નજીકના નોર્વેના ટ્રિડેન્ટ જંક્ચરમાં યુદ્ધાભ્યાસ શરૂ કર્યો છે.
- તેમાં ૩૧ દેશોના ૫૦ હજાર સૈનિકો, ૨૫૦ એરક્રાફ્ટ, ૧૦ હજાર સૈન્ય વાહનો ભાગ લઇ રહ્યાં છે.
- શીતયુદ્ધ બાદ નાટોનો સૌથી મોટો સૈન્ય અભ્યાસ છે.
- આ અભ્યાસ મધ્ય અને પૂર્વ નોર્વે સહિત ઉત્તર એટલાન્ટિક તથા બાલ્ટિક સાગર ક્ષેત્રમાં ૭ નવેમ્બર સુધી ચાલશે.
- North Atlantic Treaty Oganization (નાટો) ની સ્થાપના ૪ એપ્રિલ ૧૯૪૯માં થઇ હતી.
- હાલમાં નાટોમાં ૨૯ સભ્યો દેશો છે.

**SPARC યોજના વેબ પોર્ટલ**

- કેન્દ્રિય માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા SPARC યોજનાની વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવી.
- Scheme For Promotion of Academic and Research collaboration SPARC યોજનાનો ઉદ્દેશ્ય ભારતીય સંસ્થાઓ અને વિશ્વની સંસ્થાઓ સાથે એકેડેમીક સહયોગ વધારવાનો છે.

**(૪) રાજ્યમાં બે ફૂટબોલ એકેડમી સ્થપાશે.**

- રાજ્ય સરકાર દ્વારા ફૂટબોલ રમતને પ્રોત્સાહન આપવા માટે ફૂટબોલ એકેડમી સ્થાપવામાં આવશે.
- ગુજરાતના ગાંધીનગર અને સાબરકાંઠાના હિંમતનગર ખાતે ફૂટબોલ એકેડમી સ્થપાશે.
- ગુજરાત સરકાર દ્વારા રમતગમત ક્ષેત્ર માટે ચાલુ વર્ષે ૫૧૬ કરોડનું બજેટ ફાળવ્યું છે.

**(૫) ભારત બાંગ્લાદેશ વેપાર કરાર :**

Vivekanand Academy Gandhinagar

- ભારત અને બાંગ્લાદેશ દ્વારા વેપાર હેતુ માટે કરાર કરવામાં આવ્યા.
- ભારતના વહાણવટા સચિવ ગોપાલ ક્રિષ્ન અને બાંગ્લાદેશના અબ્દુલ સમાદ વચ્ચે આ કરાર પર હસ્તાક્ષર થયા.

પ્રશ્નો :

૧ ઘોઘા– દહેજ વચ્ચેના રો–પેક્ષ ફેરીના બીજા તબક્કાનું ઉદ્‌ઘાટન કોના હસ્તે કરવામાં આવ્યું હતું ?
- શ્રી વિજયભાઇ રૂપાણી

૨ ઘોઘા– દહેજ વચ્ચેના રો–રો ફેરીની પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન તેના દ્વારા કરવામાં આવ્યું હતું ?
- શ્રી નરેન્દ્રભાઇ મોદી

૩ QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ ૨૦૧૮માં પ્રથમ સ્થાને કઇ યુનિવર્સિટી છે ?
- યુનિવર્સિટી ઓફ સિંગાપુર

૪ NATO ની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૪ એપ્રિલ – ૧૯૪૯

૫ SPARC યોજનાની વેબ પોર્ટલ કયા મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવી ?
- કેન્દ્રિય માનવ સંસાધન વિકાસ મંત્રાલય

## 28.October 2018

**(૧) રાગ દરબારીના ૫૦ વર્ષ પૂરાં થયા :**

- શ્રીલાલ શુક્લના બહુચર્ચિત પુસ્તક રાગ દરબારી પુસ્તકના ૫૦ વર્ષ પૂરા થયા.
- ૧૯૬૮માં પ્રથમવાર આ પુસ્તક પ્રસિદ્ધ થયું.
- શ્રીલાલ શુક્લને રાગ દરબારી પુસ્તક માટે વર્ષ ૧૯૬૯માં સાહિત્ય અકાદમી એવોર્ડ એનાયત થયો હતો.
- તેમને વર્ષ ૨૦૦૮માં ભારત સરકાર દ્વારા પદ્મભૂષણ એનાયત કરવામાં આવ્યા હતાં.
- વર્ષ ૨૦૧૧માં તેઓને જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયો હતો.
- આ નિમિત્તે એક વિશેષ આવૃતિ પણ લોન્ચ કરાઇ હતી.

**(૨) મદનલાલ ખુરાનાનું અવસાન :**

- દિલ્હીના માજી મુખ્યમંત્રી અને રાજસ્થાનના માજી રાજ્યપાલ મદનલાલ ખુરાનાનું ૨૭ ઓક્ટોબર ૨૦૧૮ ના રોજ નિધન થયું.
- તેમનો જન્મ પાકિસ્તાનના ફેસલાબાદમાં થયો હતો.
- તેઓ વર્ષ ૧૯૯૩ થી ૧૯૯૩ દરમ્યાન દિલ્લીના ત્રીજા મુખ્યમંત્રી રહ્યા હતા.
- જાન્યુઆરી ૨૦૦૪ થી નવેમ્બર ૨૦૦૪ સુધી તેઓ રાજસ્થાનના રાજ્યપાલ રહ્યા હતા.

**(૩) વડાપ્રધાન મોદીનો જાપાન પ્રવાસ :**

- વડાપ્રધાન મોદી બે દિવસના પ્રવાસે જાપાન ગયા.
- પીએમ મોદી જાપાનના વડાપ્રધાન શિન્જો આબે સાથે વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લીધો હતો. આ બે દિવસ સંમેલન ૨૮–૨૯ યોજાશે.
- જાપાનના સૌથી ઊંચા પર્વત માઉન્ટ ફિજી પર મોદી અને આબે વચ્ચે મંત્રણા યોજાઇ હતી. તે જાપાનનો સૌથી ઊંચો પર્વત છે. જેની ઊંચાઇ લગભગ ૩૭૭૬ મીટર જેટલી છે.
- બંને નેતાઓ ટોકયો થી યામાનશી સુધી ટ્રેન મારફતે ગયા હતા. આ અંતર ૧૧૦ કિમી જેટલું છે.
- ભારત – જાપાન વચ્ચે વાર્ષિક બેઠકમાં ભારત–પેસેફિક ક્ષેત્રમાં પરસ્પર સહયોગ વધારવા પર ભાર મુકાયો.
- મોદી અને આબે વચ્ચે ચાર વર્ષમાં આ ૧૨ મી મુલાકાત છે.

**(૪) મહિન્દ્રા રાજાપક્સા – શ્રીલંકાના નવા વડાપ્રધાન :**

- શ્રીલંકામાં બંધારણીય સંકટ સર્જાતા પૂર્વ રાષ્ટ્રપતિ મહિન્દ્રા રાજાપક્સા શ્રીલંકાના વડાપ્રધાન બન્યા.
- રાજાપક્સાને રાષ્ટ્રપતિ સિરિસેનાએ વડાપ્રધાનપદના શપથ અપાવ્યા હતા.
- મહિન્દા રાજાપક્સાએ રાનિલ વિક્રમસિંઘનું સ્થાન લીધું.
- મહિન્દા રાજાપક્સા વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૫ સુધી શ્રીલંકાના રાષ્ટ્રપતિ હતા.

**(૫) સંજયકુમાર મિશ્રા ઇડીના વચગાળાના ડિરેક્ટર :**

- કાળાનાણાં વિરૂદ્ધ કાર્યવાહી કરનાર તપાસ એજન્સી એન્ફોર્સમેન્ડ ડિરેક્ટોરેટ (ઇડી) ના ડિરેક્ટર કરનૈલ સિંહનો કાર્યકાળ પૂરો થયો.
- સરકારે ૧૯૮૪ બેચના આઇઆરએસ અધિકારી સંજયકુમાર મિશ્રાને ઇડીના ડિરેક્ટરનો કાર્યભાર સોંપ્યો છે.
- મિશ્રા હાલ દિલ્હીમાં આઇટી વિભાગના મુખ્ય કમિશનર છે.
- સરકારી આદેશ મુજબ મિશ્રાને તપાસ એજન્સીમાં પ્રિન્સીપાલ સ્પેશ્યલ ડિરેક્ટર પદે નિમણૂક અપાઇ.
- તેઓ ૩ મહિના સુધી ડિરેક્ટર તરીકે પદભાર સંભાળશે.

**(૬) હવે વિદેશમાં પણ આયુર્વેદ દવા મળવાનું શરૂ થશે.**

- આયુષ મંત્રાલયે વિદેશમાં આયુર્વેદિક દવાને માન્યતા મળે તે માટે પ્રયત્ન શરૂ કર્યા છે.
- આ માટે વિદેશના નિયમ મુજબ દવાની નોંધણી કરાવાશે.
- ડાયાબિટીસ, ગર્ભ નિરોધક અને આર્થરાઇટિસની દવા વિદેશમાં મળે તેવા પ્રયાસ થશે.

Vivekanand Academy Gandhinagar

પ્રશ્નો :

૧ રાગ દરબારી પુસ્તકના રચયિતા જણાવો ?

– શ્રી લાલ શુક્લ

૨ મદનલાલ ખુરાનાનો જન્મ કયાં થયો હતો ?

– ફૈસલાબાદ, પાકિસ્તાન

૩ જાપાનનો સૌથી ઉંચા પર્વતનું નામ જણાવો ?

– માઉન્ટ ફિજી

૪ શ્રીલંકાના નવા વડાપ્રધાનનું નામ જણાવો ?

– મહિન્દા રાજાપક્સા

## 29.October 2018

**(૧) આજે વર્લ્ડ સ્ટ્રોક ડે :**

– વિશ્વમાં સ્ટ્રોકની અવેરનેસ ફેલાવવા ૨૯ ઓક્ટોબરે વિશ્વ સ્ટ્રોક દિવસ તરીકે મનાવાય છે.

**(૨) સંયુક્ત રાષ્ટ્ર હ્યુમન રાઇટ્સ એવોર્ડ :**

– પાકિસ્તાનના માનવ અધિકાર કાર્યકર્તા અને વકીલ અસમા જહાંગીરને યુએન દ્વારા હ્યુમન રાઇટ્સ એવોર્ડ (મરણોત્તર) થી સન્માનીત કરવામાં આવશે.

– બ્રાઝિલના ઝેનિયા વિચિના અને આયર્લેન્ડના માનવ અધિકાર સંગઠન તાંઝાનિયાના રેબેકા ગુમીને તને પણ આ એવોર્ડથી સન્માનીત કરવામાં આવશે.

– માનવ અધિકારોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ માટે આ એવોર્ડ માનદ એવોર્ડ છે.

– તેમને ૧૦ ડિસેમ્બરના રોજ હ્યુમન રાઇટ્સ ડે નિમિત્તે આ સન્માન આપવામાં આવશે.

**(૨) ૪૯ મી મન કી બાત :**

– ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪૯ મી મન કી બાત સંબોધી.

– દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબોધે છે.

– વડાપ્રધાન મોદીએ પ્રથમ વખત ૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મન કી બાત થી દેશનું સંબોધન કર્યું હતું.

– આ કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો (AIR) અને દૂરદર્શન પર પ્રસારિત કરવામાં આવે છે.

**મન કી બાતના મહત્વના અંશો :**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જળવાયુ પરિવર્તન, આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયના મુદ્દે એક થઇને કામ કરવા પર ભાર મૂક્યો છે.

– તેમણે શાંતિનો અર્થ યુદ્ધ ન હોવું એ નથી. ગરીબમાં સૌથી ગરીબનો વિકાસ એ ખરેખર શાંતિનું માપદંડ છે.

– તેમણે સરદાર પટેલને યાદ કરી કહ્યું કે તેમણે દેશને એક કર્યો હતો.

– ફિલ્ડ માર્શલ માણેકશાને યાદ કરી મોદીએ કહ્યું કે ૧૯૪૭માં તેઓ જ્યારે આર્મીના કર્નલ હતા ત્યારે કાશ્મીરમાં સૈનિક અભિયાન શરૂ થયું હતું. સરદાર પટેલના કારણે કાશ્મીરમાં આર્મી મોકલાયું હતું.

– ૨૭ જાન્યુઆરી ૧૯૪૭ના અમેરિકી મેગેઝિન ટાઇમના કવર પેજ પર છપાયેલા સરદાર પટેલના ફોટો સાથે પ્રસિદ્ધ થયેલી સ્ટોરીનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

– તેમણે ૩૧ ઓક્ટોબરે સરદાર જયંતી નિમિત્તે યોજનારી રન ફોર યુનિટિમાં મોટાપાયે ભાગ લેવા પણ અપિલ કરી હતી.

– વડાપ્રધાનશ્રીએ અનાજની કાપણી બાદ પરાળ સળગાવતા પ્રદૂષણ રોકવા પંજાબના ખેડૂત ગુરૂબચનસિંહના પ્રયાસને બિરદાવ્યા હતા.

**(૩) ટાગોર પુરસ્કાર :**

વર્ષ : ૨૦૧૪, ૨૦૧૫, અને ૨૦૧૬ માટે ટાગોર સાંસ્કૃતિક સમરસતા પુરસ્કારની જાહેરાત કરવામાં આવી હતી.

– ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરની ૧૫૦ મી જન્મજયંતિ દરમિયાન ભારતીય સરકાર દ્વારા આ વાર્ષિક એવોર્ડ શરૂ થયો હતો.

– વર્ષ ૨૦૧૪ના ટાગોર પુરસ્કાર માટે શ્રી રાજકુમાર સિંહજીતસિંગની પસંદગી કરવામાં આવી.

– રાજકુમાર સિંહજીતસિંગ મણિપુરી નૃત્યના નિષ્ણાંત છે.

– વર્ષ ૨૦૧૫ના ટાગોર પુરસ્કાર માટે બાંગ્લાદેશના સાંસ્કૃતિક સંગઠન છાયાનટની પસંદગી કરવામાં આવી છે.

– ટાગોરે પુરસ્કાર એ નોબેલ વિજેતા રવિન્દ્રનાથ ટાગોર (૧૮૬૧–૧૯૪૧) ના સાંસ્કૃતિક સંવાદિતા માટે ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીમાં આપવામાં આવેલ પુરસ્કાર છે.

– ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧ થી ટાગોર પુરસ્કાર આપવાનું નક્કી કર્યું હતું, ૨૦૧૨ માં પ્રથમ એવોર્ડ પં. રવિશંકરને આપવામાં આવ્યો હતો.

**(૪) રાજ્યનો પ્રથમ મેગા ફૂડપાર્ક :**

– રાજ્યના પ્રથમ મેગા ફૂડપાર્કનું નિર્માણ સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના શાહ ગામ ખાતે ૭૦ એકરના વિશાળ વિસ્તારમાં કરવામાં આવ્યું છે.

– માત્ર ફૂડ અને એગ્રો ઇન્ડસ્ટ્રીઝ માટે નવનિર્મિત 'ગુજરાત એગ્રા ઇન્ફ્રાસ્ટ્રક્ચર મેગા ફૂડ પાર્ક' નું લોકાર્પણ ૨૯ ઓક્ટોબરના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને કેન્દ્રિય ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રિઝ મંત્રી હરસિમરત કૌર દ્વારા કરાયું.

Vivekanand Academy Gandhinagar

- આ ફૂડ પાર્કમાં ફૂડ અને એગ્રો પ્રોસેસિંગ ક્ષેત્ર સુવિધા ઉપલબ્ધ થશે.
- આ પ્રોજેક્ટનું નિર્માણ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની મહત્વાકાંક્ષી પહેલ 'પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના' હેઠળ કેન્દ્ર સરકારના ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝ મંત્રાલયના ઉપક્રમે અને ગુજરાત સરકારની કોર ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ (૨૦૧૬-૨૧) અંતર્ગત કરવામાં આવ્યું છે.
- વડાપ્રધાનના વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવકને બમણી કરવાના લક્ષ્યાંકમાં પ્રોજેક્ટ મદદરૂપ બનશે.

પ્રશ્નો :

૧ વર્લ્ડ સ્ટ્રોક ડે ક્યારે મનાવાય છે ?
- ૨૯ ઓક્ટોબર

૨ હ્યુમન રાઇટ્સ ડે ક્યારે મનાવાય છે ?
- ૧૦ ડિસેમ્બર

૩ ઓક્ટો-૨૦૧૮માં મોદીએ કેટલામી મન કી બાત સંબોધી ?
- ૪૯ મી

૪ ભારત સરકાર દ્વારા ટાગોર પુરસ્કાર ક્યારથી આપવામાં આવે છે ?
- ૨૦૧૧

૫ ૨૦૧૬નો ટાગોર પુરસ્કાર કોને એનાયત થયો હતો ?
- શિલ્પકાર શ્રી રામ વહાજી સુથાર

૬ રાજ્યના પ્રથમ મેગા ફૂડપાર્કનું નિર્માણ ક્યાં કરવામાં આવ્યું ?
- સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના શાહ ગામે

## 30.October 2018

### (૧) એન્જિન વિનાની ટ્રેનનું સફળ પરીક્ષણ :
- દેશની પ્રથમ એન્જિન વિનાની ટ્રેન-૧૮ ચેન્નાઇની ઇન્ટીગ્રલ કૉચ ફેક્ટરી (આઇસીએફ) ખાતે બનેલ છે.
- ચેન્નાઇની ઇન્ટીગ્રલ કૉચ ફેક્ટરી (આઇસીએફ) ખાતે જ તેનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- બરેલીથી મુરાદાબાદ વચ્ચે ટ્રાયલ થશે.

### (૨) ભારત સૌથી મોટી જીત નોંધાવી :
- ટીમ ઇન્ડિયાએ ચોથી વન-ડેમાં વેસ્ટ ઇન્ડિઝને ૨૨૪ રને હરાવ્યું.
- આ સાથે જ ૫ મેચની શ્રેણીમાં ભારતે ૨-૧ થી સરસાઇ મેળવી છે.
- ટીમ ઇન્ડિયાએ પાંચ વિકેટ પર ૩૭૭ રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. તે વર્ષ ૨૦૧૮માં ભારતીય ટીમનો સૌથી મોટો વન-ડે સ્કોર છે.
- વન-ડે ક્રિકેટમાં કોઇપણ ટેસ્ટ રમનારી ટીમ સામેનો આ સૌથી મોટી વિજય છે.
- આ ભારતનો વેસ્ટ ઇન્ડિઝ પર અત્યાર સુધીનો સૌથી મોટો વિજય છે. અગાઉનો વિક્રમ ૧૬૦ રનથી વિજયનો હતો.
- ૨૦૦૩માં ભારતે બાંગ્લાદેશને ૨૦૦ રને હરાવ્યું હતું.
- રોહિત શર્માએ ૭ મી વાર ૧૫૦ રનનો આંકડો પાર કર્યો હતો.
- રોહિત આ ફોર્મેટમાં સૌથી વધુ ૧૯૮ છગ્ગા મારનાર ભારતીય બેટ્સમેનોમાં બીજા સ્થાને પહોંચી ગયો છે. તેણે તેંડુંલકરને (૧૯૫ છગ્ગા) પાછળ છોડી દીધો.
- સૌથી વધુ છગ્ગા મારનાર ભારતીય બેટ્સમેનોમાં પ્રથમ મહેન્દ્રસિંહ ધોની છે. ધોનીએ અત્યાર સુધીમાં ૨૧૮ છગ્ગા માર્યા છે.

### (૩) સેલ્ફી લેતા સમયે થતી ઘટનાથી બચવા માટે એપ :
- ઇન્દ્રપ્રસ્થ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફોર્મેશન ટેક્નોલોજીએ સેફ્ટી નામની એક એપ બનાવી છે.
- આ સેલ્ફી લેતા સમયે થતી દુર્ઘટનાથી બચાવવામાં મદદ કરશે.
- આ એપ કેમેરાની મદદથી લોકેશનનું રિયલ ટાઇમ એનાલિસીસ કરે છે.
- જો દ્રશ્ય ખતરનાક લાગે તો તે યુઝર્સને સતર્ક કરે છે. આથી સેલ્ફી લેતા સમયે થતી દુર્ઘટના અટકે છે.

### (૪) ઇન્ડોનેશિયાની સૌથી મોટી વિમાની દુર્ઘટના :
- ઇન્ડોનેશિયામાં લાયન એરલાઇન્સનું વિમાન જાવા સમુદ્રમાં ક્રેશ થયું.
- આ વિમાન જાકાર્તા થી પંગકલ પિનાંગય જઇ રહ્યું હતું. ઘટના જાકાર્તાથી ૫૨ કિ.મી. દૂર કેરવાંગમાં બની હતી.
- આ વિમાન લગભગ ૩૦-૪૦ મીટર નીચે સમુદ્રમાં ક્રેશ થયું હતું. તેમાં ૧૮૮ લોકો સવાર હતા. તેમાં ત્રણ બાળકો સહિત ૧૮૧ મુસાફર, બે પાઇલટ અને પાંચ અન્ય ક્રૂમ મેમ્બર સામેલ હતા.
- આ વિમાન દિલ્લીનો પાઇલટ ભવ્ય સુનેજા ઉડાવી રહ્યો હતો.
- ૨૦૦૯માં તેણે પાઇલટ લાઇસન્સ મેળવી લીધુ હતું. ભવ્ય માર્ચ ૨૦૧૧ થી લાયન એરલાઇન્સમાં કામ કરી રહ્યો હતો.
- ગત વર્ષે સુમાત્રાના કુઆલનમુ એરપોર્ટ પર લાયન એરલાઇન્સનું વિમાન એક અન્ય વિમાન સાથે અથડાયું હતું.
- મે ૨૦૧૬ માં લાયન એરલાઇન્સનાં બે વિમાન જાકાર્તાના સોએકર્ણો હટ્ટા એરપોર્ટ પર અથડાયાં હતાં.

- થોડા સમય પહેલાં ઓસ્ટ્રેલિયા સરકારે તેના નાગરિકોને લાયન એરલાઇન્સના વિમાનથી મુસાફરી ન કરવાનું કહ્યું હતું.

**(૫) ટેબલ ટેનિસ – શાહે ઇજિપ્ત ઓપનમાં સિંગલ્સનું ટાઇટલ જીત્યું :**

- ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી વિશાલ રાજવીર શાહે ઇજિપ્ત ઓપનમાં સિંગલ્સનું ટાઇટલ જીત્યું.
- મિની કેડેટ કેટેગરીમાં વિશાલે યજમાન દેશના બદ્ર મુસ્તફાને સીધી ગેમમાં હરાવ્યો.
- જુનિયર કેટેગરીના સિંગલ્સમાં ભારતના રીગનને સિલ્વર મળ્યો.

**(૬) હેમિલ્ટન મેક્સિકો ગ્રાં.પીમાં વર્લ્ડ ચેમ્પિયન બન્યો :**

- બ્રિટનના લુઇસ હેમિલ્ટન પાંચમી વખત ફોર્મ્યુલા – ૧ વર્લ્ડ ચેમ્પિયન બની ગયા.
- આ સાથે તેમણે આર્જેન્ટિનાના જુઆન મેન્યુઅલ ફેંગિયોની બરાબરી કરી લીધી.
- હેમિલ્ટન અને ફેંગિયો સૌથી વધુ ચેમ્પિયનશિપ જીતવાની બાબતમાં સંયુક્તરૂપે બીજા નંબરે છે.
- જર્મનીના માઇકલ શૂમાકર ૭ ટાઇટલ સાથે ટોચ પર છે.
- ૩૩ વર્ષના હેમિલ્ટન પાંચ વખત ચેમ્પિયન બનનારા ત્રીજા રેસર છે.
- મર્સિડઝના હેમિલ્ટન ઓટોડ્રામ હરમાનોઝ રોડ્રગ્સ સર્કિટ પર મેક્સિકો ગ્રાં.પ્રીમાં ચોથા નંબરે રહ્યા.
- આ સાથે તેમણે સતત બીજા વર્ષે વર્લ્ડ ચેમ્પિયનશીપ જીતી લીધી.
- અત્યારે સીઝનની બે રેસ થવાની બાકી છે અને હેમિલ્ટન તે પહેલા જ ચેમ્પિયન બની ગયા છે.
- અગાઉની સીઝનમાં પણ હેમિલ્ટન મેક્સિકો ગ્રાં.પ્રી.માં જ વર્લ્ડ ચેમ્પિયન બન્યા હતા.
- રેડ બુલના રેસર મેક્સ વર્સ ટાપેને મેક્સિકો ગ્રાં.પ્રી. જીતી લીધી.

**(૭) દુનિયાના સૌથી મોટા ઇસ્તબુંલ એરપોર્ટ ઉદ્‌ઘાટન :**

- તૂર્કીના ઇસ્તંબુલમાં બની રહેલા દુનિયાના સૌથી મોટા એરપોર્ટનો પ્રથમ તબક્કો પૂર્ણ થઇ ગયો છે.
- તેના લોકાર્પણ માટે દેશના ૯૫માં ગણતંત્ર દિવસ સમારોહનું આયોજન રાજધાની અંકારાને બદલે ઇસ્તંબુલમાં થયું.
- ૧૮ દેશોના ૫૦ થી વધુ નેતાઓની હાજરીમાં રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગાને તેનું લોકાર્પણ કર્યું.
- જો કે તેના પર ૩૧ ઓક્ટોબર થી ઇન્ટરનેશનલ ફ્લાઇટ શરૂ થશે. તે ૧૯ હજાર એકરમાં ફેલાયેલું છે.
- બ્લેક સીની નજીક બનેલા આ એરપોર્ટ પર પ્રથમ તબક્કામાં બે રન–વેથી ૯ કરોડ યાત્રીઓને મેનેજ કરાશે.
- ૨૦૨૩માં તેની ક્ષમતા ૨૦ કરોડ યાત્રી વાર્ષિક થઇ જશે. તેનાથી ૨૫૦ એરલાઇન્સ ૩૫૦ થી વધુ જગ્યાઓ માટે ઉડાન ભરશે.
- હાલ યાત્રીઓ, ફ્લાઇટ્સના મામલે અમેરિકાનું એટલાન્ટા, હાર્ટ્સફિલ્ડ – જેક્સન એરપોર્ટ દુનિયામાં સૌથી વ્યસ્ત છે.

**(૫) ભારત – જાપાન ૧૩ મી વાર્ષિક સમિટ :**

- ભારત અને જાપાન વચ્ચે ટોક્યોમાં ૧૩ મી શિખર સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સમિટમાં વડાપ્રધાન મોદી અને શિન્જો આબેએ ૬ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- બંને દેશોના સરંક્ષણમંત્રીઓ અને વિદેશમંત્રીઓ વચ્ચે ટુ– પ્લસ ટુ મંત્રણા યોજાશે.
- વડાપ્રધાન મોદી અને શિન્જો આબેએ હાઇસ્પીડ ટ્રેન અને નેવી કો–ઓપરેશન સહિત ડિજિટલ પાર્ટનરશિપ સાઇબર સ્પેસ, સ્વાસ્થ્ય, સંરક્ષણ સમુદ્રથી અંતરીક્ષ જેવા ક્ષેત્રોમાં ૬ કરાર કર્યા છે.
- સમિટમાં ભારત – જાપાનની આર્મી અને વાયુસેના વચ્ચે થનાર પ્રથમ સંયુક્ત અભ્યાસો પર પણ ચર્ચા થઈ હતી.
- જાપાનની ગ્રાન્ડ સેલ્ફ ડિફેન્સ ફોર્સ ૧ થી ૧૪ નવેમ્બર સુધી મિઝોરમ ખાતે ભારતીય સેનાના કાઉન્ટર ઇનસર્જન્સી એન્ડ જંગલ વોરફેર સ્કૂલમાં આવશે.
- જાપાનની એરફોર્સ ડિસેમ્બરમાં કોપ ઇન્ડિયા સંયુક્ત અભ્યાસમાં ભાગ લેશે.

પ્રશ્નો :

૧ દેશની પ્રથમ એન્જિન વિનાની ટ્રેનનું નામ જણાવો ?

- ટ્રેન–૧૮

૨ ટ્રેન–૧૮નું ટ્રાયલ ક્યાં બે સ્થળો વચ્ચે શરૂ થશે ?

- બરેલીથી મુરાદાબાદ

૩ ભારતે ટેસ્ટ રમતી ટીમ સામે વન–ડે માં સૌથી મોટી જીત ક્યાં દેશ સામે નોંધાવી ?

- વેસ્ટ ઇન્ડિઝ

૪ દુનિયાને સૌથી મોટો એરપોર્ટ કયા બની રહ્યો છે ?

- તુર્કીના ઇસ્તંબુલ

૫ ભારત– જાપાનની ૧૩ મી વાર્ષિક સમિટનું આયોજન ક્યાં થયું હતું ?

- ટોક્યો, જાપાન

## 31.October 2018

**(૧) રાષ્ટ્રીય એકતા દિવસ :**

- અખંડ ભારતના શિલ્પકાર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલનો આજે જન્મદિવસ.
- તેમનો જન્મ ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ના રોજ નડિયાદ ખાતે થયો હતો.
- તેમના માતાનું નામ લાડબા હતું, તેમના પિતાનું નામ ઝવેરભાઇ હતું.
- તેમને સરદારનું બિરૂદ ગાંધીજી દ્વારા આપવામાં આવ્યું હતું.
- તેઓ ભારતના પ્રથમ ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન તરીકે સેવા આપી ચૂક્યા છે.
- વર્ષ ૧૯૯૧ માં તેમને મરણોત્તર ભારત રત્ન સન્માન આપવામાં આવ્યું હતું.
- ભારત સરકાર દ્વારા તેમના જન્મદિવસને રાષ્ટ્રીય એક્તા દિવસ તરીકે મનાવવામાં આવે છે.

**(૨) 'ધી ડાયરી' ઓન ધી ફ્લોર' બુક્નું વિમોચન :**

- રાયશા લાલવાણીનું પહેલું પુસ્તક ધી ડાયરી ઓન ધી ફ્લોરનું સોનમ કપુરના હસ્તે વિમોચન કરવામાં આવ્યું છે.
- આ પુસ્તક એક ૨૫ વર્ષીય મહિલાની રોમાચંક કહાની છે તેમજ એક સત્ય ઘટના પર આધારિત છે.
- રાયશા સ્ટોરી ટેલર અને લેખિકા છે.
- બૂક લોન્ચિંગમાં સોનમ કપૂર ઉપરાંત કેન્દ્રિય મંત્રી બાબુલ સુપ્રિયો, અભિનેતા મનજોત અને ઘણી જાણીતી હસ્તિઓએ હાજરી આપી હતી.

**(૩) આઇબીએમનું સૌથી મોટુ મર્જર :**

- અમેરિકાની આઇટી કંપની આઇબીએમ સોફ્ટવેર કંપનીને રેડ હેટ ૨.૫ લાખ કરોડમાં ખરીદશે.
- રેડ હેટ લાઇનક્સ ઓપરેટિંગ સિસ્ટમના ખાસ વર્ઝન માટે લોકપ્રિય છે.
- ઓપન સોર્સ સોફ્ટવેર તથા ટેકનોલોજીની સૌથી મોટી કંપનીઓમાંની એક છે.
- ૧૦૭ વર્ષ જૂની આઇબીએમનું આ સૌથી મોટું મર્જર રહેશે. રેડ હેટ તેના ક્લાઉડ ડિવિઝનનો હિસ્સો બનશે.
- મર્જર બાદ પણ રેડ હેટ અલગ કંપનીની જેમ કામ કરશે.
- આઇબીએમ ક્લાઉડના ક્ષેત્રમાં એમેઝોન, માઇક્રો, અને ગુગલ બાદ આ સૌથી મોટી કંપની છે.
- આઇબીએમ સ્થાપના : ૧૯૧૧
- રેડ હેટ સ્થાપના : ૧૯૯૩

**(૪) ITBP ના જવાનોએ જાપાનને આઇસ હોકીની મેચમાં હરાવ્યું :**

- આઇટીબીપીની ટીમ જાપાનને હરાવીને આઇસ હોકી એક્ઝિબિશન પ્લે ઓફ મેચ જીતી.
- આ ટુર્નામેન્ટમાં ચાર ટીમો (ટીમ આઇસ્કેટ, કેનેડા સેકેંડ બુલ્સ, આઇટીબીપી, ટીમ જાપાન) એ ભાગ લીધો હતો.
- આઇટીબીપી આ પહેલા પણ દેશમાં ઘણી જગ્યાએ અલગ ટુર્નામેન્ટ કરાવે છે.
- આ વર્ષ લદ્દાખમાં અંડર ૨૦ આઇસ હોકી ટુર્નામેન્ટનું પણ આયોજન કરાવ્યું હતું.

**(૨) ૨૪ મી ભારત – ઇટાલી ટેકનોલોજી સમિટ :**

- ઇટાલીના વડાપ્રધાન ગિઉસેપે કોટે એક દિવસના ભારત પ્રવાસે આવ્યા.
- તેમણે પીએમ મોદી સાથે દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં મુલાકાત કરી.
- તેમાં બંને નેતાઓ વચ્ચે ટ્રેડ, ઇન્વેસ્ટમેન્ટ, કો–ઓપરેશન, ડિફેન્સ, સિક્યોરિટી, રિન્યુઅલ એનર્જી, આતંકવાદ વગેરે મુદ્દાઓ પર દ્વિપક્ષીય ચર્ચા થઇ હતી.
- નવી દિલ્લી ખાતે વડાપ્રધાન મોદી અને ઇટાલીના વડાપ્રધાન ગિઉસેપે કોટે ૨૪ મી ટેકનોલોજી સમિટ સંબોધી હતી.

**પ્રશ્નો :**

૧ ૩૧ ઓક્ટોબરના રોજ કયો દિવસ ઉજવાય છે ?
- રાષ્ટ્રીય એક્તા દિવસ

૨ સરદાર પટેલનો જન્મ કયાં થયો હતો ?
- નડિયાદ

૩ ધી ડાયરી ઓન ધી ફ્લોર બુક્નું વિમોચન કોના હસ્તક કરવામાં આવ્યું ?
- સોનમ કપુર

૪ તાજેતરમાં –ભારત – ઇટાલી વચ્ચે કેટલામી ટેકનોલોજી સમિટ યોજાઇ ?
- ૨૪ મી

૫ ઇટાલીના વડાપ્રધાનનું નામ જણાવો ?
- ગિઉસેપ કોર્ટ

૬ સરદાર પટેલને ભારત રત્ન ક્યારે એનાયત થયો હતો ?
- ૧૯૯૧

૭ કોની યાદમાં રાષ્ટ્રીય એક્તા દિવસ ઉજવાય છે ?
- સરદાર વલ્લભભાઇ પટેલ

Vivekanand Academy Gandhinagar

**સ્ટેચ્યુ ઓફ યુનિટી :**



- રાષ્ટ્રીય એકતા દિવસે સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થયું.
- આ સાથે જ ગુજરાતે વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમા ધરાવવાનો ઇતિહાસ સર્જ્યો.
- તેનો શિલાન્યાસ સરદાર પટેલની ૧૩૮મી જન્મજયંતિ નિમિત્તે નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરવામાં આવ્યો હતો.
- નર્મદા ડેમ નજીક સાધુ બેટ ખાતે બનેલી આ પ્રતિમા ૧૮૨ મીટર ઊંચી છે.
- સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું સમગ્ર સંકુલ કુલ ૧૮,૦૦૦ ચો.મીટર વિસ્તારમાં ફેલાયેલું છે.
- ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લામાં કેવડિયા કોલોની ખાતે સરદાર સરોવર બંધની દક્ષિણે અંદાજે ૩.૫ કિલોમીટર અંતરે આ સ્થળ આવેલું છે.
- જે વિધ્યાંચલ અને સાતપુડા પર્વતમાળાની વચ્ચે આવેલું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના મૂર્તિમંત થઇ રહેલા સ્વપ્ન 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' થકી સાકાર થયુ છે.
- અખંડ ભારતવર્ષનો પ્રકાશપુંજ આગામી યુગો સુધી ઉજ્જવળ પ્રકાશતો રહે અને તેનું પ્રતીક બને સરદાર પટેલ તેવું એક સ્વપ્ન વર્ષ ૨૦૦૮માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સેવ્યું હતું.
- ૨૦૧૦ ની ૭ મી ઓક્ટોબરના રોજ આ પ્રૉજેક્ટની ઘોષણા થઈ હતી.
- જેમાં તેમણે સરદાર પટેલના એવા રાષ્ટ્રીય સ્મારકના નિર્માણનો સંકલ્પ કર્યો હતો જે વિશ્વભરમાં સરદાર પટેલના વ્યક્તિત્વ જેવું અજોડ અને અવિસ્મરણીય હોય.
- વર્ષ ૨૦૧૩ સુધીમાં આ સંકલ્પને કેવો આકાર આપવો તે પણ સ્પષ્ટ થઇ ચૂક્યું હતું અને તેમાં સરદાર પટેલની સમગ્ર વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમાના નિર્માણના મનોરથ સાથે તેનું ૩૧ મી ઓક્ટોબર ૨૦૧૩માં 'સરદાર જયંતી' ના રોજ ભૂમિપૂજન કરાયું હતું.
- આ સ્ટેચ્યૂનું નિર્માણ સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ અંતર્ગત થયું છે.
- આ સ્ટેચ્યૂ લાર્સન એન્ડ ટુબ્રો કંપની દ્વારા બનાવાયું છે.
- નોઇડા બેઝડ મૂર્તિકાર રામ.વી. સુતારે આ સ્ટેચ્યુ ડિઝાઇન કર્યું છે.
- સરદાર એક ભૂમિપુત્ર હતા અને તેથી જ 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ને વિશિષ્ટ રીતે બનાવમાં આવ્યું છે. જેમાં ભારતભરના ૧.૭૦ લાખ ગામો માથી કરોડો ખેડૂતોએ પોતાની ખેતી ઓજારો માથી લોખંડ દાન કર્યું જે એકત્રીત થઇને ૧૩૪ ટન જેટલું હતું.
- 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' ૧૮૨ મીટરની ઊંચાઇ સાથે માત્ર વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા બની છે જે સરદાર સરોવર ડેમ કરતા લગભગ દોઢી ગણી અને અમેરિકી 'સ્ટેચ્યુ ઓફ લિબર્ટી' કરતા આશરે બમણી ઊંચાઇ છે.
- 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' અંદાજે ૨,૩૩૨ કરોડના ખર્ચે આકાર પામ્યું છે. જેની મુલાકાતે વિશ્વભરમાંથી પ્રતિદિન ૧૫ હજાર જેટલા પ્રવાસીઓ આવશે તેવો અંદાજ છે.
- 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' પ્રોજેક્ટમાં સરદાર પટેલ સ્મારકમાં સરદાર વલ્લભભાઇ પટેલના જીવનકાર્યને આવરી લેતું એક મ્યુઝિયમ બન્યું છે જેમાં ૪૦ હજાર જેટલા દસ્તાવેજો ૨ હજાર જેટલા ફોટોગ્રાફ્સ અને રિસર્ચ સેન્ટર હશે.
- તે સાથે નર્મદા તટે ૧૭ કિમીના ૨૩૦ હેક્ટર વિસ્તારમાં દેશ –વિદેશના રંગબેરંગી ફૂલોથી શોભતી નયનરમ્ય ફ્લાવર વેલીનું નિર્માણ પામી છે.
- પ્રવાસીઓ માટે ફૂડ પાર્ક, વોટરપાર્ક તથા બોટિંગની સુવિધા પણ વિકસાવવા સાથે ૧ હજાર જેટલા યુવાનોને ગાઇડ તરીકે કામ કરવાની રોજગારી પ્રાપ્ત થશે.
- સ્ટેચ્યૂ ઓફ યુનિટી' ના થોડ અંતરે અનેક દેશોના દૂતાવાસ બનશે તેમજ ભારતના તમામ રાજ્યોના અતિથિ ભવનો અને કામચી ટેન્ટ સિટીનું પણ નિર્માણ થશે.
- પ્રતિમામાં અંદરના ભાગે ૨૦૦ સહેલાણીઓ એકસાથે ઊભા રહી શકે તેવી પ્રદર્શન અટારી એટલે કે વ્યૂઇન્ગ ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે જ્યાંથી મુલાકાતીઓને સરદાર સરોવર ડેમ અને વિંધ્યાચલ સાતપૂડા ગિરિમાળા નિહાળી શકાશે.
- વ્યૂઇન્ગ ગેલેરી સુધી પહોંચવા બનાવાયેલ હાઇસ્પીડ એલીવેટર્સ પ્રતિદિન ૩ હજાર મુલાકાતીઓને લઇ જવા સક્ષમ છે.
- 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' નું કુલ વજન ૧૭૦૦ મેટ્રિક ટન જેટલું છે જેમાં ૧૮,૫૦૦ ટન રિન્ફોર્સમેન્ટ સ્ટીલ અને ૬ હજાર ટન સ્ટ્રક્ચરલ સ્ટીલનો ઉપયોગ કરાયો છે.
- 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' ના નિર્માણમાં ૭૦ હજાર ટન સિમેન્ટનો ઉપયોગ કરાયો છે.

Vivekanand Academy Gandhinagar